# ખોજ

## જીવન એક અવિરત ખોજ

માર્ચ-એપ્રિલ ૨૦૦૮
વર્ષ ૨ અંક ૨

# વિકાસ કે તોડફોડ ?



आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*– Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

માર્ચ - એપ્રિલ ૨૦૦૮
વર્ષ ૨, અંક ૨

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

મુખપૃષ્ઠ પરનો ફોટોગ્રાફ
પ્રસાદ ચાકોના સૌજન્યથી

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો | | ૫ |
| પ્રતિભાવ - ચર્ચા | રમણ પાઠક, કિરણ દેસાઈ<br>અનિલ પટેલ | ૮ |
| **તળિયેથી . . . .** | | |
| - અમારી દીકરીઓ અમને પાછી આપો . . . | રાજેશ મિશ્રા | ૧૫ |
| **લેખ** | | |
| - સ્ત્રીઓ અને શુદ્રોના શિક્ષણના મશાલચી : સાવિત્રીબાઈ ફુલે | મેઘા સામંત | ૧૬ |
| - ડાબેરી-જમણેરી વચ્ચે મધ્યમ માર્ગ શક્ય છે? | દિનેશ શુકલ | ૧૮ |
| **અગ્રલેખ** | | |
| - વિકાસના નામે આ શું થઈ રહ્યું છે ? | અંબરીષ મહેતા | ૨૧ |
| - વાયબ્રન્ટ ગુજરાતના વિકાસનો ચહેરો | પ્રસાદ ચાકો | ૨૪ |
| - મુડેટીના આદિવાસીઓ ન્યાય માગે છે | તૃપ્તિ પારેખ | ૨૬ |
| **લેખ** | | |
| - વિજ્ઞાન-અધ્યાત્મ-૫ | અનિલ પટેલ | ૨૯ |
| - વિજ્ઞાન-શ્રદ્ધા વચ્ચેનો સંબંધ | અશ્વિન ન. કારીઆ | ૪૦ |
| **પુસ્તક પરિચય** | | |
| - તિબેટ પર બે પુસ્તકો | | ૪૧ |

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

# સંપાદકીય

વિજયનગરમાં પોલીસ ગોળીબારમાં બે આદિવાસીઓના મોતના બનાવ પછી થોડા જ દિવસોમાં રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોમાં વન અધિકાર કાયદાનો ઝડપી અમલ શરૂ કરી દીધો છે. ગામે ગામ ગ્રામસભાની બેઠકો બોલાવાઈ અને ગામ કક્ષાની વન અધિકાર સમિતિઓની રચના પણ કરી દેવામાં આવી અને આગળની કાર્યવાહી પણ શરૂ થઈ ગઈ. પરિણામે આદિવાસી મહાસભાના અન્ય સાથીઓની સાથે અમે સૌ બીજાં બધાં કામો બાજુ પર મૂકીને આ કાયદાનો બરાબર અમલ થઈ રહ્યો છે કે નહીં તેની નીગરાની રાખવાના તેમજ લોકોને એની જોગવાઈઓ વિશે જાગૃત કરવાના કામમાં જોતરાઈ ગયા છીએ. એ કહેવું જોઈએ કે એકંદરે આ અનુભવ ઘણો સારો રહ્યો છે અને બીજાં રાજ્યોની તુલનામાં આપણે ત્યાં આ કાયદાના અમલની શરૂઆત ઘણી સારી થઈ છે.

પરંતુ વક્રોક્તિ એ છે કે જે સરકાર વન અધિકાર કાયદાના સારામાં સારા અમલ માટેનું આ તંત્ર ગોઠવી રહી છે એ જ સરકાર બીજી તરફ સરકારી પડતર કે ગૌચરની જમીનોમાં વરસોથી રહેતા અને ખેતી કરતા અનેક પરિવારોને ભર ઉનાળે અત્યંત બેરહેમીથી ઉજાડી રહી છે. આ જમીનો પરના એમના અધિકારોની કોઈ પણ જાતની તપાસ કર્યા વગર જ અને કોઈ પણ જાતની નોટિસ આપ્યા વગર જ એમનાં ઘરો પર ભર ઉનાળે જે.સી.બી. તેમજ બુલડોઝરો ફેરવી દેવામાં આવી રહ્યાં છે. આ અંકમાં આવા બે કિસ્સાની વિગતે ચર્ચા કરી છે. એક કિસ્સો સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના મુડેટી ગામનો છે. ત્યાં ૫૦ વરસથી પણ વધારે સમયથી ગામની ગૌચર જમીન પર રહીને ખેતી કરતા આશરે ૨૫ આદિવાસી પરિવારોને સાંભળ્યા વગર જ ત્યાંથી ખદેડી મૂકવાની કોશિશો ત્યાંનું જિલ્લા વહીવટી તંત્ર કરી રહ્યું છે. બીજો કિસ્સો તો પાટનગર ગાંધીનગરનો જ છે જ્યાં પણ વરસોથી સરકારી જમીન પર રહેતા આશરે ૧૩૦૦ જેટલા પરિવારોનાં ઘરો પર ભર ઉનાળે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યાં અને પાણીનું કનેક્શન પણ કાપી નાંખવામાં આવ્યું. અને આ કંઈ છૂટા છવાયા એકલ દોકલ કિસ્સા નથી જ. આનો શું અર્થ કરવો ?


એક તરફ વન અધિકાર કાયદા હેઠળ ૨૦૦૫ કે ત્યાર પહેલાંથી જંગલ જમીનોનો કબજો ધરાવતા પરિવારોને એ નામે કરવાની કાર્યવાહી ચાલી રહી હોય, ત્યારે જ બીજી બાજુ અન્ય સરકારી જમીનોનો વરસોથી કબજો ધરાવનારાઓને ત્યાંથી હાંકી કાઢવામાં આવે એ ક્યાંનો ન્યાય ? એટલું જ નહીં, આ તો નરી ભાંગફોડ જ છે અને એનાથી ઝૂંપડપટ્ટી કે સરકારી જમીનના ગેરકાયદેસર કબજાની સમસ્યા પણ કોઈ રીતે ઉકેલાતી નથી. કારણ કે સ્વાભાવિક છે કે વરસોથી જે જમીનો પર લોકો રહેતા હોય એ જમીનો જ એમની આખા જીવતરની કમાઇ છે, મૂડી છે, એને તેઓ ખેવી રીતે ખાલી કરે ? જંગલ જમીનોની જેમ જ આ સમસ્યાનો પણ સારામાં સારો ઉપાય તો એમના કબજા હેઠળની જમીનો એમને નામે કરી આપવાનો જ છે. પરંતુ અત્યારે તો આવું કંઈ થાય એવાં કોઈ ચિન્હો દેખાઈ નથી રહ્યાં.

આ ઉપરાંત, જેમને કારણે આ વન અધિકાર કાયદાનો અમલ ઝડપથી શરૂ થયો એ વિજયનગર તાલુકાના આદિવાસીઓને યોગ્ય ન્યાય મળે એ સવાલ પણ ઊભો જ છે. અત્યારે એ ગામોની ૧૨ વ્યક્તિઓ ઈ.પી.કો.ની કલમ ૩૦૭ નીચેના સાવ ખોટા કેસના આરોપી તરીકે જેલમાં છે. એમાંની ત્રણ વ્યક્તિઓ તો એવી છે જે ૧૩મી ફેબ્રુઆરીએ આંતરસુબા આશ્રમ ખાતે પોલીસના અંધાધૂંધ ગોળીબારમાં ગંભીર રીતે ઈજા પામી હતી. આ બધા લોકો જામીન પર છૂટા થાય અને એમની સામેના કેસમાં એમને યોગ્ય કાનૂની સહાય મળી રહે એ અત્યંત જરૂરી છે. આ ઉપરાંત આ ગામોના લોકોને પણ વન અધિકાર કાયદાની જોગવાઈઓનો પૂરો લાભ મળે અને એનાથી તેઓ વંચિત રહી ન જાય એ પાકું કરવું પણ એટલું જ જરૂરી છે. અત્યારે તો એ લોકો એમના પરના આ ખોટા કેસથી જ એટલા નાસીપાસ થઈ ગયા છે કે આ અંગે વિચારવાની પણ એમને ફુરસદ નથી. આ માટે આદિવાસી મહાસભા તેમજ ત્યાંના સ્થાનિક મિત્રોની સહાયથી અમે બનતા પ્રયત્નો કરી રહ્યા છીએ. 'ખોજ'ના વાચકો પણ એમાં પોતાનો યથાશક્તિ ફાળો આપે એવી અપીલ કરીએ છીએ.

આ બધી દોડધામમાં 'ખોજ'નો આ અંક બહાર પાડવામાં ખાસ્સો વિલંબ થયો છે. આશા છે આપ સૌ એ દરગુજર કરશો.

- સંપાદક

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

'ખોજ' નિયમિત મળે છે. આખું જ વાંચી જાઉં છું કારણ બધું જ વાંચવા જેવું, ખૂબ જાણવા જેવું તેમજ સત્ત્વશીલ અને મૂલ્યવાન હોય છે. તમારી (ખોજમાં લખતા સર્વે મિત્રોની) નિષ્ઠા દાદ માંગી લે તેવી છે. આ સામયિક દ્વારા તમે લોકકલ્યાણ અર્થે સત્યની ખોજ ચલાવી રહ્યા છો. ધન્યવાદ !

જાન્યુ - ફેબ્રુ., ૨૦૦૮ના અંકમાં 'વિજયનગરનું સત્ય' લેખ ખૂબ ગમ્યો. સત્ય શોધવાની અને જનતાને જણાવવાની આ તમારી માનવતાવાદી ધગશ અવશ્ય અભિનંદનીય છે. પણ ગેંડા જેવી કે એથીય વધુ જાડી ચામડી ધરાવતી આપણી પ્રજા એ વાંચશે ખરી? વાંચીને વિચારશે ખરી? અને અંતે જાગશે ખરી? એવો જ બીજો નેત્રદીપક લેખ છે : 'એ તો ભરણ બાકી હતું ને એટલે'. તીવ્ર ચિંતા-વેદના થાય છે કે આ દેશની ખાજો દયા!

*- રમણ પાઠક 'વાચસ્પતિ', બારડોલી*

''ખોજ'' જાન્યુ.ફેબ્રુ.ના અંકમાં સંપાદકીય લેખમાં નિર્દોષ આદિવાસીનું ગોળીબારમાં મોત થયાના સમાચારથી દિલમાં રંજ થયો. એ ઘટના અત્યંત દુઃખદ ગણાય. આદિવાસીઓએ મોટાં જંગલો કાપ્યાની વાત સાવ ખોટી અને ઉપજાવી કાઢેલી છે. સરકારી તંત્રને ગુમરાહ કર્યા. આમ કરવા પાછળનો હેતુ વન અધિકાર કાયદાને તેમજ આદિવાસીઓને બદનામ કરવાનો હતો. આ લેખમાં પ્રકાશ પાડવા બદલ ધન્યવાદ! 'આંતરસુબાનું સત્ય', 'ચૂંટણી પરિણામ : થોડી આંતરખોજ' કૃતિ વિશેષ ગમી. રેશનાલિટી, પરમાણુ શસ્ત્રવાદ, જસ્ટિસ ખન્નાના લેખ વાંચ્યા. ગમ્યા. સાહિત્ય દર્શન પુસ્તકાલયમાં 'ખોજ' શોભારૂપ બન્યું છે.

*- હર્ષદભાઈ એસ વ્યાસ, ભાવનગર*

'ખોજ' જાન્યુઆરી-ફેબ્રુઆરી ૦૮ ના અંકમાં 'રેશનાલિટી આધુનિક વિભાવના' લેખમાં આધ્યાત્મિકતા અંગેનાં વિધાનોના સંદર્ભમાં નીચે મુજબ.

આ લેખમાં અધ્યાત્મ અંગે છેલ્લા બે પેરામાં જ ઉલ્લેખ છે. જ્યારે રેશનાલિટી અંગે વિશેષ વિવરણ મોટો ભાગ, લગભગ ૧૬-૧૮ પેરાની જગ્યા રોકે છે. આધ્યાત્મિકતા અંગે જો વિશેષે વિવરણ-રજૂઆત થઇ હોત તો યોગ્ય થાત. છતાં પણ જ્યારે અધ્યાત્મને સ્પર્શ કરવામાં આવ્યો છે તો એમ માની લેવાય કે અધ્યાત્મ એટલે માનવમાં રહેલું મન અને ઇન્દ્રિયોથી પર રહેલી વિશેષ સત્તા. આટલી ધારણા પછી અધ્યાત્મ અંગે વિશેષ રજૂઆતને જરૂરી નથી માનતો. મન અને ઇન્દ્રિયોથી પર એવા આ ચૈતન્યનો સ્વીકાર કરીએ તો Spirituality is the highest form of Rationality એ વિધાન તરફ જવું મુશ્કેલ નથી. બાકી, આ લેખમાં અધ્યાત્મની બાબતમાં જોરજુલમો, અત્યાચારો જેવી જે રજૂઆત થઇ છે તે ઐતિહાસિક વિગતો છે. આ વિગતોમાં રાજકારણ, સમાજકારણ વગેરેની ભેળસેળ છે. આપણે આ ભેળસેળમાંથી અધ્યાત્મને છૂટું પાડીને તપાસવું જોઇએ. ભગવાન બુદ્ધે વારંવાર પોકારી પોકારીને તેમના શિષ્યોને-આસ્થિકોને કહ્યું છે કે 'મારું કથન હું કહું છું તેથી જ તેને ન સ્વીકારશો. તેના પર વિચાર-અનુશીલન કરશો. અને તે પછી જ જો તમને યોગ્ય લાગે તો સ્વીકારશો અને આચરજો.' આટલી મુક્ત અને ઉદાર વાણી બોલનારની આધ્યાત્મિકતામાં શી ખામી છે? આદ્યગુરું શંકરાચાર્યની તત્ત્વ વિચારણામાં જગતની વાસ્તવિકતાથી શું વિસંવાદમય છે? કબીરની સાખીઓ અને દોહામાં વહેમ અને દંભનો પર્દાફાશ નથી? અને તે શું શુદ્ધ અધ્યાત્મને રજૂ કરતા નથી?

અધ્યાત્મ એ Subjective છે. અને તેથી તે સ્વાનુભવી છે. અધ્યાત્મની ચરમસીમાએ દરેકને એક સરખો ચૈતન્યાનુભવ થાય છે અને આમ સમગ્ર વિશ્વની એકાત્મતાનો અનુભવ પામી

શકાય છે. આપણને આ અંગે જે વિસંગતતાઓ દેખાય છે તેમાં અધ્યાત્મની અપૂર્ણતા નથી. પરંતુ તેને આચરનારાઓની અપૂર્ણતા છતી થાય છે. જ્ઞાનીઓની મર્યાદાઓને લીધે આપણે જ્ઞાનને દોષ ન આપીએ.

આ લેખમાં જો વિશેષ રજૂઆત થઇ હોત તો અધ્યાત્મને ન્યાય આપવામાં સરળતા થાત.

*- રસિક શાહ, અમદાવાદ*

'ખોજ' દ્વિમાસિકનો જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૮નો અંક વાંચવા મળ્યો. અંક આવતા પહેલાં જ શું નવું હશે - કયો પ્રશ્ન ચર્ચાની મુખ્ય એરણ પર હશે તેની ઈંતેજારી રહેતી હોય છે. કેટલીક વાતો - દર્શન તૃપ્તિ પારેખને હાથે પણ એવાં થાય છે કે એનાથી તૃપ્તિ થાય છે.

માનવંતા જસ્ટીસ ખન્ના સાહેબની અંતરંગ વાતો જસ્ટીસનું હૃદય ખોલી આપે છે. ન્યુર્યોક ટાઈમ્સમાં પણ એમની નિર્ભીકતાની જે પ્રસંશા થઈ એ ગૌરવની બીના છે. આવા ન્યાય ગિરાપથના યાત્રીને અંતરના વંદન.

શ્રી રાજેશભાઈ મિશ્રાએ લોર્ડ મેઘનાથ દેસાઈ સાહેબની મુલાકાતનો ટૂંકો રસપ્રદ અહેવાલ આપ્યો. જુદા જુદા દૃષ્ટિકોણથી અર્થકારણ, તેનો વિકાસ, તેની બીમારીની વાતો પરદેશી અર્થશાસ્ત્રી કરતા હોય છે. પણ સ્પષ્ટપણે દહેશત ઉપજાવે એવો ફુગાવો અને મોંઘવારી તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓનો ભાવ-વધારો દેશની સૌથી મોટી કડવી હકીકત છે. આપણે સમાજના બે ફાડચા મધ્યમ-ઉચ્ચ મધ્યમ અને પોષણવિહીન ગ્રામ્ય સમાજ ભારતના મુખ્ય ચિંતાનાં બિંદુ છે. શહેરો અને ગામડાંની ખાઈ પહોળી થાય છે. ત્યાં ઘટવાની વાત શી?

શ્રી રાજેશ મિશ્રા એ 'તળિયેથી' લેખમાં ભ્રષ્ટાચારને પ્રકાશમાં લાવતાં જે વ્યાવહારિક ચતુરાઈ શબ્દો થકી વર્ણવી, તે સ્પર્શી ગઈ. કહેવાનું એ રહે છે, શ્રી નરેન્દ્રભાઈ મોદી આ વાતોથી અજાણ છે?

શ્રી દિનેશ શુક્લ લિખિત રાજકીય આંતરપ્રવાહો, તેનું વહેણ, એમાંથી નીપજતું ચિંતન ક્ષુબ્ધ કરાવે છે. અણુવિવાદ, એની ક્ષમતા, એની સાચવણી- ખરેખર એક અદૃશ્ય ભારે બોજ ધરી રહ્યા છે.

શ્રી જયંતી પટેલનો લેખ રેશનાલિટીની વિભાવના, અત્યારના આધુનિક સમાજમાં આવા માણસો વધતા જાય છે. તેઓ આજના હિન્દુ ધર્મના આંખે દેખાતા વિરોધાભાસો અને વલણો સાથે બીજા આર્યસમાજી વર્ગ જેવા જુદા તરી આવે છે. બીજા અંકની રાહ જોતાં આટલું પૂરતું છે.

*- બી. એ. પંડ્યા, સુરત*

જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૮નો ખોજનો અંક તેના વૈવિધ્યસભર અને સત્યદર્શન કરાવતા લેખો દ્વારા ખોજની યથાર્થતા પુરવાર કરે છે.

હાલના સમયમાં જ્યારે મીડિયાની ભૂમિકા વધુ ને વધુ પડકારરૂપ બની રહી છે, ત્યારે ખોજનું સત્યદર્શન કરાવતા આપના ખોજને સાનંદ આશાનું વિકિરણ લેખી શકાય. 'એ. . . તો . . . ભરણ બાકી હતું ને એટલે' લેખમાં હિંમતસભર રીતે વાસ્તવિકતાનું આલેખન છે. આ લેખ આપણી હાલની સિસ્ટમની નબળાઈ- મર્યાદા બતાવે છે. પરંતુ નજીકના ભૂતકાળમાં રાજ્યતંત્રે મહત્ત્વના નિર્ણયો વિધાનસભામાં અને મંત્રીમંડળમાં લઈને આવી સમસ્યાઓને ઉકેલવાનો પ્રયાસ કરેલ છે. મને આશા છે કે, આ સમસ્યા પણ એ રીતે હલ થઈ શકશે.

'અમે તો જંગલોનું ફેરણું પણ ચાલુ કરી દીધું છે...' તથા 'વિજયનગરનું સત્ય' લેખો આંખ ઉઘાડનારા છે. 'વિજયનગરનું સત્ય' લેખની સહભાગી હિંમતવાન ટીમને અપૂર્વ જહેમત ઉઠાવવા માટે અભિનંદન અને ધન્યવાદ પાઠવું છું. સદ્કર્મો કરનારા સાથે પરમાત્માની માયાળુ કૃપા હોય છે અને વરસે છે, તે ચોક્કસ નિ:શંકપણે અનુભવાશે. આ લેખમાં પણ તંત્રની મર્યાદા દૃષ્ટિગોચર થાય છે. વળી, આ સમસ્યા, ઘટના ત્યારે બનેલ છે કે, જ્યારે તંત્ર આદિવાસીઓ માટે કંઈક સારું કરી રહ્યું છે. પરંતુ સ્થાપિત હિતોની સત્તા ઘટવાના કારણે તેઓને ગમતું નથી. મને આશા છે કે, લેખમાં થયેલ સત્યદર્શન બાદ ચોક્કસ રાજ્યતંત્ર સક્રિય થયું હશે, સારાં લોકહિતકારી પરિણામો મેળવવા માટે.

'ગુજરાત ચૂંટણી પરિણામ-થોડુંક આંતરખોજ માટે' લેખ પણ માહિતી-સભર લાગ્યો. ટૂંકમાં, બરાબર વ્યવસ્થિત રીતે બધાને કદ પ્રમાણે યથાર્થ રીતે વેતરવામાં આવ્યા છે. સાચું છે.

આસામના આદિવાસીઓ સાથેનો બર્બર વ્યવહાર તથા વિભાજનકારી રાજકારણ લેખો સારા લાગ્યા. 'બિલ્કીસબાનો કેસ - એક મિસાલ' વાંચ્યો. સુપ્રીમ કોર્ટની ભૂમિકા અત્યંત મહત્ત્વની બનતી જાય છે. ગોધરા-સાબરમતી ટ્રેનની ઘટના અને ત્યાર બાદ અનેક ઘટનાઓ અને આજ સુધીની અનેક પ્રતિઘટનાઓ. આપણે ભલે શાંતિ અને પ્રેમ ઈચ્છીએ, પરંતુ આ ઘટનાઓ પણ કડવું સત્ય છે. સિસ્ટમ ચલાવનારા સમાજમાંના લોકો જ છે. છેવટે મૂળભૂત પ્રશ્ન એ જ આવે છે કે, સક્રિય લોકો શું ઈચ્છે છે ? તે ઈચ્છાઓ માટે કેટલું કેટલું કરે છે ? સમાજના સક્રિય લોકોની આ મૂળભૂત ઈચ્છાઓ જ જે તે ઘટનાઓની સાંકળોનું મૂળ કારણ છે. સંભવતઃ લડવું, ઝઘડવું, યુદ્ધ, વાદ-વિવાદ એ સર્વ પણ મનુષ્યમાત્રની મૂળભૂત વૃત્તિઓમાં છે. વ્યક્તિઓ પ્રમાણે તે લક્ષણોનું પ્રમાણ અલગ-અલગ હોઈ શકે.

'ચલતી કા નામ ગાડી-નેનો એક સ્વપ્નકથા'માં વિવિધ દૃષ્ટિકોણથી વિશ્લેષણ થયું છે. વાંચવામાં આનંદ આપે છે. 'વાતચીત-લોર્ડ મેઘનાથ દેસાઈ સાથે . . .'માં તેમના જીવન

અનુભવ પરથી ઘણું શીખવા મળે છે. 'રેશનાલિટી : આધુનિક વિભાવના' લેખમાં રેશનાલિઝમ એટલે શું ? તે બાબતે સુંદર છણાવટ છે. 'પરમાણુ શસ્ત્રવાદ-રુગ્ણ માનસની ધોતક ?' દ્વારા માનવનાં કર્મો પાછળનું મનોવિજ્ઞાન અને વિશ્વનું અંતિમ સત્યદર્શન થાય છે. જસ્ટિસ ખન્નાને ઈમાનદ્યોતક નિર્ણયો આપી, પ્રજાની સાચા અર્થમાં સેવા કરવા માટે, આદરથી પ્રણામ કરી શ્રદ્ધાંજલિ અર્પું છું. વાંચનનો મહિમા મેં અનુભવેલ છે. સારા વાંચન દ્વારા દરેક પ્રશ્નનું સમાધાન આપોઆપ મળતું જાય છે ત્યારે અંતરમાં આનંદ છવાય છે. આભાર, શુભેચ્છા અને ખોજ આવી ને આવી ગુણવત્તા જાળવી રાખશે તેવી શુભ કામના.

*- કુંજન મહેતા, ભુજ*

સાદર નમસ્કાર, પત્રો-પ્રતિભાવો વિભાગ માટે મારો પ્રતિભાવ રજૂ કરું છું. વર્ષ ૨ અંક-૧ 'ખોજ' મળતાં આનંદની લાગણી અનુભવું છું.

તળિયેથી . . .એ તો ભરણ બાકી હતું ને એટલે . . .રાજેશ મિશ્રાની કૃતિ રસપ્રદ લાગી. સબળ શાસન અને સબળ નેતૃત્વની કસોટીનો નિર્દેશ પ્રેરણાદાયી છે. 'ચલતીકા નામ ગાડી - નેનો એક સ્વપ્નકથા' તૃપ્તિ પારેખ રચિત કૃતિ માનસપટ પર ગૂંજ્યા કરે છે.

ગુજરાતના ચૂંટણી પરિણામ વિષે અંબરીષ મહેતાની રજૂઆત ઉત્તમ કક્ષાની છે. દિનેશ શુકલ રચિત પરમાણુ શસ્ત્રવાદની માહિતી ઉપયોગી છે. 'વાંચનનો મહિમા' કર્દમ મોદીની કૃતિ વાંચનની ઉપયોગિતા રજૂ કરે છે.

*- રસિકભાઈ વ્યાસ, ભાવનગર*

અદ્યાપી ''ખોજ''ના દરેક અંકની વાંચનસામગ્રી ખૂબ જ ગમી છે. સંશોધનાત્મક, માહિતીસભર અને જાણવા-માણવા જેવી આ વાંચનસામગ્રી 'ગમતું વાંચવા મળ્યું'નો અહેસાસ કરાવે છે.

જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૮ નો ''ખોજ''નો અંક એક જ બેઠકે વાંચી લીધો. રાજેશ મિશ્રાનો લેખ ''એ.. તો..ભરણ બાકી હતું ને એટલે...'' રસભર્યા સાહિત્યની છાંટવાળી સરળ શૈલીના કારણે વિશેષ ગમ્યો. તૃપ્તિ પારેખ (અંબરીષ)ના લેખો પણ સરસ છે. આદિવાસી વન અધિકાર કાયદાની ૩૨ પાનાંની સરળ માહિતી પુસ્તિકા પ્રસિદ્ધ કરવા માટે ધન્યવાદ. આવાં ઉપયોગી પ્રકાશનો વિશે માહિતી-પરિચય દરેક અંકમાં પ્રસિદ્ધ કરવાનું સૂચન.

*- બાબુલાલ ગોર, ભુજ*

In the last issue I liked article of Dineshbhai Shukla and I have started increasingly liking what Ambrishbhai writes, at least since last few issues. As regards article of Jayantibhai Patel, I remain unconvinced as regards the capability of Rationality for answering problems of mankind though I cannot pinpoint the reasons for my doubts as there could be several possibilities, of which I will mention two. Perhaps the article presupposes that all our problems occur in the real world as opposed to 'mental' world. In any case, rationality appears to take cognisance of only rational part of our mental world, which is highly restrictive. It is more rational to acknowledge that irrational part has only been described and not be explained, be it in quantum physics, Freudian concept of Unconscious or in religious beliefs. Second: Encyclopaedia Britannica 2008 notes in its article on Cognitive Development that a sizeable portion of humanity is incapable of attaining "Formal Operations" stage postulated by Jean Piaget, which is acquired during adolescence and is identified, mainly by capacity for abstract logical reasoning. If this be the case, it implies that perhaps human rationality is not something that happens automatically and universally but occurs in its full bloom only under certain restrictive conditions, of which I am not aware.

I find that articles of Anilbhai (Science, Religion, et al) are in the nature of trying to find the reasons for change of mental attitudes in historical facts, an attempt that appears to be necessary but insufficient.

Reading Khoj since last two years, as well as daily newspapers, gives a generalised impression that can hardly be denied. Be it corruption in RTO (Rajesh Mishra), or failure of bureaucracy in Surat flood, or oppression of tribal people, or riots of 2002, or recent killing of children on account of criminal negligence of GSRTC, it can hardly be denied that massive and repeated public failures have become hallmark of our society; that they occur on account of venality and/or degeneration of public morale; and that though some battles have been won, the same kind of problems occur with depressing regularity despite hue and cry made about it across media almost regularly. Perhaps in identifying and fighting symptoms we are unable to identify the causes of disease. Though the quality of articles appearing in Khoj heartens me, I sincerely wish that more potent analysis and insight was available that would have potential to make a dent in recurring problems of our society.

***- Mukesh Adenwala, Ahmedabad***

# રેશનાલિઝમના ગુજરાતી પર્યાયની ખોજ

**- રમણ પાઠક 'વાચસ્પતિ'**

સવિનય કે આપના પ્રતિષ્ઠિત તથા સત્ય અને ન્યાયની ખોજ ચલાવી રહેલા ઉપયુક્ત સામયિકમાં ઉપયુક્ત અંકમાં આદરણીય ચિંતક શ્રી જયંતી પટેલનો રેશનાલિટી વિષે એક સત્ત્વસભર, વિદ્વત્તાપૂર્ણ તથા મૂલ્યવાન લેખ પ્રગટ થયો છે, જે બદલ તેઓને તથા આપને પણ મારાં હાર્દિક અભિનંદનો! પ્રસ્તુત લેખમાં શ્રી પટેલે રેશનાલિઝમની વર્તમાન વિભાવના પર સારો પ્રકાશ પાડયો છે, અને માનવવાદ તથા સહજ નીતિમત્તા સાથે એનો અવિનાભાવી સંબંધ સ્ફુટ કર્યો છે. એ એક ખરેખર ઉમદા તથા સત્યનિષ્ઠ અભિગમ છે. તેઓને પુનઃપુનઃ ધન્યવાદ!

આટલી સરસ સુસજ્જ સમૃદ્ધ ચર્ચામાં, તેઓએ રેશનાલિઝમ માટેના ગુજરાતી પર્યાયની જે ચર્ચા કરી છે, એ સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી કઠે છે. તેઓનો આ હઠાગ્રહ જૂનો છે. મારા દ્વારા થયેલી અનેક વારની સ્પષ્ટતાઓ છતાં, તેઓ એની એ જ વાત પુનઃપુનઃ દોહરાવતા રહે છે, અને એ રીતે તેઓ એક સારા, અર્થવ્યંજક તથા પાયાદાર શબ્દપર્યાયને નકામો લેખાવીને ઉડાવી દે છે. તેઓ શા માટે આમ કરે છે, એ બિલકુલ સમજાતું નથી, અને એથી કેવળ દુઃખદ આશ્ચર્ય અનુભવું છું.

તેઓ ભૂલ, ગેરસમજ કે અનુચિત અર્થ-પર્યાયના પ્રતિપાદન અર્થે 'વિવેકબુદ્ધિ' શબ્દ ખોટો અસંબદ્ધ પર્યાય છે એમ સિદ્ધ કરવા મથે છે. ઉપરાંત, અહીં તો વળી વિવેકબુદ્ધિ શબ્દ સંદર્ભમાં એવા તારણ ઉપર પણ આવે છે કે વિવેકથી વિવેક જાળવવાના અભિગમથી તો માણસ કેટલાંક કે ઘણાં ઇર્‌રેશનલ (વિવેકબુદ્ધિરહિત) કામો કરી બેસે છે : પરમતની સહિષ્ણુતા આદિ વિવેકી વ્યવહારમાંથી જન્મે, જે પોતાની જાતને છેતરવા કે છાવરવાની હદ સુધીની ઇર્‌રેશનલ કે વાહિયાત વાત બની રહે તે નિભાવી લઇ શકાય નહીં. 'વિવેક' શબ્દનો કેવળ ગુજરાતી રૂઢ અર્થ જ સ્વીકારીને તેઓ આવી ગેરસમજ કે આવા અનુચિત તારણ પર આવે છે.

આમ, શ્રી જયંતી પટેલની આવી ગેરસમજ કે ગંભીર ભૂલના મૂળમાં, તેઓ વિવેક શબ્દના ફક્ત ગુજરાતી અર્થને જ વળગી રહે છે, એ કારણ સ્પષ્ટ સમજાય છે : દા.ત. 'વિવેકમાં ગણતરીપૂર્વકનાં વાણી-વર્તનની વાત સમાયેલ છે' ઈત્યાદિ તેઓએ લખ્યું છે. હવે ગુજરાતીમાં વિવેક શબ્દનો આવો જે અર્થ રૂઢ થયો છે, તે હકીકતે મૂળ સંસ્કૃત શબ્દના અસલી અર્થનો ગુજરાતી અપભ્રંશ ગણાય. મૂળ સંસ્કૃત શબ્દમાં વિવેક એટલે વિનયપૂર્ણ સામાજિક (પરસ્પર) વ્યવહાર - એવો અર્થ જ મુદ્દલે રહેલો નથી. મૂળ સંસ્કૃત શબ્દ વિવેકનો સાચો અર્થ તો છે સત્ય - અસત્ય, ઉચિત - અનુચિત, સારું - ખોટું, લાભકર્તા યા નુકસાનકર્તા જેવાં તથ્યો વચ્ચે રહેલો પાયાનો ભેદ યથાર્થ તારવાની માનસિક શક્તિ. દા.ત. નીરક્ષીર વિવેક એટલે દૂધ અને પાણીને અલગ તારવી શકવાની માનસિક શક્તિ કે એવો અભિગમ. રેશનાલિસ્ટ વ્યક્તિ આ જ અભિગમથી સર્વત્ર વ્યવહરે. એના એવા વ્યવહારને રેશનાલિઝમ કહેવાય. ગુજરાતીમાં વિવેક શબ્દ જે રૂઢ અર્થમાં પ્રયોજાય છે, એને માટે વધુ ઉચિત શબ્દ તો વિનય છે.

મૂળ સંસ્કૃતમાં જ્યારે વર્તમાન રેશનાલિઝમના આવિષ્કારનો તો અણસાર સુધ્ધાં નહોતો ત્યારે પ્રાચીન મધ્યકાલીન યુગમાં પણ વિવેક શબ્દ ખરેખર અને કેવળ આ જ અર્થમાં - રેશનાલિટીના અર્થમાં જ પ્રયોજાયો છે. દા.ત. ભર્તુહરિ લખે છે કે 'વિવેક ભ્રષ્ટાનામ' અર્થાત્ જે વિવેકથી ભ્રષ્ટ થયો, જેણે વિવેક છોડયો તેનું સેંકડો રીતે અચૂક અધઃપતન થવાનું જ - શંકરાચાર્યજીએ તો તેઓની ફિલસૂફી-દર્શનનો જે આખો એક ગ્રંથ લખ્યો છે, એનું શીર્ષક જ છે : 'વિવેક ચૂડામણિ'. કવિ નર્મદે જદુનાથજી મહારાજ સાથેની ચર્ચા સંદર્ભે એમ કહ્યું કે શાસ્ત્ર ભણ્યા વિના પણ વિવેકબુદ્ધિને ખબર પડે છે (સત્ય અસત્યની) : (જુઓ નર્મદવૃત્તાંત પૃ.૩૫). કિશોરલાલ મશરૂવાળાએ પણ આ જ અર્થમાં વિવેકબુદ્ધિ શબ્દ પ્રયોજ્યો છે. હવે આપણે જ્યારે કોઇ નવી વિભાવના કે વસ્તુ માટે ગુજરાતી શબ્દ શોધીએ ત્યારે બહુધા પ્રાચીન સંસ્કૃત શબ્દનો આશ્રય લઇએ છીએ. હિંદીવાળા - અંગ્રેજીવાળા (કદાચ અન્ય ભાષા ભાષીઓ) પણ આમ જ કરે છે, કારણ કે એથી નવા શબ્દમાં ચોકસાઇ અને સરળતા, સચોટતા, સહજતા પ્રગટે છે : આપણે જેમ સંસ્કૃતનો આધાર લઇએ છીએ, તેમ અંગ્રેજી આદિ પશ્ચિમી ભાષાઓવાળા વળી ગ્રીક, લેટિન જેવી પ્રાચીન ભાષાઓનો શબ્દ આવી નવીન વિભાવનાઓ માટે શોધે અને પ્રયોજે છે. દા.ત. એન્થ્રોપોલોજી - એમાં જૂનો ગ્રીક શબ્દ 'અન્થ્રો' (એટલે માનવપ્રાણી)નો આધાર

લીધો છે. ઘણાં ખરાં વિજ્ઞાન તથા શાસ્ત્રોના નામાભિધાનમાં આ જ રીત પ્રયોજાઇ છે. ગુજરાતીમાં પણ આપણે એમ જ કરીએ છીએ : દા.ત. નૃવંશશાસ્ત્ર, પુરાતત્ત્વશાસ્ત્ર વગેરે. આ જ શબ્દસર્જન રીતિને અનુસરીને રેશનાલિઝમ માટે વિવેકબુદ્ધિ શબ્દ બનાવવામાં આવ્યો છે. યાદ રાખો કે એકલી બુદ્ધિથી તો સત્ય પદાર્થ કે સત્ય-ઉચિત વ્યવહાર જડતો નથી. એથી ઊલટું, બુદ્ધિ વડે જ અબૌદ્ધિક વ્યવહારો શોધાય છે અને અનુસરાય છે. દા.ત. ઇશ્વરની કલ્પના, પૂજાપાઠ આદિ કર્મકાંડો, ભૂતપ્રેતની માન્યતાઓ, મંત્રતંત્રાદિ વિધિવિધાનો, સ્વર્ગ-નરક, પુનર્જન્મ જેવી કપોળકલ્પનાઓ એ સર્વ અસત્યો તથા અનિષ્ટો માનવબુદ્ધિની જ પેદાશ છે, કારણ કે ઇતર પ્રાણીઓ એવું કશું જ બિલકુલ કરતાં માનતાં નથી. કારણ કે તેઓમાં બુદ્ધિ નથી. દા.ત. કૂતરું સત્યનારાયણની કથા કરાવતું નથી. મનુષ્ય સિવાયનાં તમામ પ્રાણીઓ બુદ્ધિથી નહીં, કેવળ કુદરતી વૃત્તિથી જ પોતાનો તમામ વ્યવહાર આચરે છે. શ્રી જયંતી પટેલે સૂચવેલા કેટલાક અન્ય શબ્દોમાં તો રેશનાલિટીનો અણસાર સધ્ધાં નથી : 'ધી', 'મેધા' એટલે તો બુદ્ધિ (અમુકતમુક માત્રામાં) અને 'પ્રજ્ઞા' શબ્દ જ્ઞાન ઉપર વિશેષ ભાર મૂકે છે, જ્યારે 'મતિ' એટલે તો માન્યતા!

આમ, માનવબુદ્ધિ જ્યારે અસત્ય અને અનિષ્ટનો સ્વીકાર કરે ત્યારે એને રોકીને, એને સાચા અને શુભ માર્ગે વાળનાર તત્ત્વ જ છે : વિવેક. વિવેક એટલે શું સાચું અને શું જૂઠું, શું ઉચિત અને શું અનુચિત, શું લાભકર્તા અને શું નુકસાનકર્તા - એ બરાબર યથાર્થ નક્કી કરવાની શક્તિ. આમ, માણસ સત્ય તથા કલ્યાણની ખોજ પોતાની વિવેકબુદ્ધિથી જ કરી શકે, જે એક રેશનાલિસ્ટ વ્યક્તિ કરે છે. માટે જ રેશનાલિઝમ એટલે વિવેકબુદ્ધિવાદ. અને આ જ શબ્દ વળી વ્યાપકપણે સ્વીકારાયો છે અને પ્રયોજાય પણ છે. મુંબઇના રેશનાલિસ્ટો તો પોતાને વિવેકપંથી તરીકે ઓળખાવે છે. હા, આવી વિવેકશક્તિ એ પણ માનવબુદ્ધિનો જ એક અંશ છે, પરંતુ અલબત્ત, એને (વિવેકને) કેળવવો પડે. માટે જ માણસ એક બુદ્ધિશાળી પ્રાણી છે, છતાં બધા જ માનવીઓ વિવેકબુદ્ધિશીલ હોતા નથી. શુદ્ધ તર્ક, અનુભવજનિત જ્ઞાનનો સાચી સમજ સાથે સ્વીકાર, પ્રયોગ આદિથી આવાં સત્યો - તથ્યો શોધી શકાય. એ જ રીતે ઇષ્ટ-અનિષ્ટના ઉચિત-અનુચિતના વિવેકથી માનવીય, નીતિમત્તા, આચારસંહિતાના નિયમો ઘડી, સ્વીકારી શકાય. જે ધર્મગ્રંથ; ગુરુ આદિના લાદેલા આદેશની અપેક્ષાએ વધુ સહજ અને સ્વયંસ્વીકૃત નિજી સિદ્ધાંતરૂપ જ હોઇ, સહજપણે આપોઆપ જ એનું પાલન થાય.

લંડન રેશના. એસોસિયેશને આપેલ રેશનાલિઝમની વ્યાખ્યા આ વિભાવનાને લગભગ સંપૂર્ણપણે તથા યથાર્થ રીતે આવરી લેતી હોઇ તે આજે સર્વસ્વીકૃત બની રહી છે. Rationalism may be defined as a mental attitude, which unreservedly accepts the supremacy of reason and aims at establishing a system of philosophy and ethics, verifiable by experience and independent of all arbitrary assumptions of authority. આ વ્યાખ્યાનું ગુજરાતી આમ થઇ શકે : રેશનાલિઝમ (વિવેકબુદ્ધિવાદ)ની વ્યાખ્યા એ રીતે થઇ શકે કે તે એક માનસિક અભિગમ છે કે જે તર્કવિવેકની (reason) સર્વોપરિતાનો બિનશરતી સ્વીકાર કરે છે. અને ચિંતન- દર્શન તથા નૈતિક આચારસંહિતાની એક એવી તરાહ સ્થાપવાનું ધ્યેય રાખે છે કે જેને અનુભવ વડે ચકાસી શકાય અને જે કોઇ પણ ગ્રંથ કે ગુરુની એકપક્ષી ધારણાઓથી મુક્ત હોય. અહીં વળી કેટલાક મિત્રો રીઝનનો અર્થ 'કારણ' એવો કરે છે. પણ એ યોગ્ય કે સાચો નથી. અહીં રીઝન એટલે તર્કવિવેક : દા.ત. માણસ રીઝનેબલ છે, ભાવ રીઝનેબલ છે, આપણામાં રીઝનિંગ પાવર હોવો જોઇએ ઇત્યાદિ પ્રયોગોમાં 'કારણ' અર્થ સુસંગત બેસતો જ નથી. રીઝન શબ્દના ઘણા અર્થો છે. જેમાંનો એક 'કારણ' એવો જરૂર છે, પરંતુ તે cause-ના અર્થમાં તો નહીં જ. આ મુદ્દાની ચર્ચા મેં છેલ્લા 'વિવેકપંથી' માસિકમાં કરી છે, જે પ્રગટ થાય તો જિજ્ઞાસુએ વાંચી લેવી.

ટૂંકમાં, આદરણીય શ્રી જયંતી પટેલની 'વિવેક' શબ્દની ચર્ચામાં, જે અર્થના અનર્થ જેવી મુશ્કેલી ઊભી થાય છે, તેના મૂળમાં આ શબ્દના બદલાયેલા ગુજરાતી અર્થને વળગી રહેવાનો યા તો એ ધ્યાનમાં લેવો જ જોઇએ એવો તેઓનો આગ્રહ જ કારણભૂત છે. તેઓ શા માટે આમ વારંવાર કરે છે? - એ પ્રશ્નનો જવાબ મળતો નથી અને મને સતત મૂંઝવણ રહે છે, તીવ્ર વેદના થાય છે કે એક સૌથી નજીકના શબ્દ-પર્યાયને આવા વિદ્વાન પુરુષ શા માટે, સાવ અકારણ જ નકારે છે? કારણ કે આ એકની એક દલીલ તેઓએ અહીં કદાચ ત્રીજી ચોથી વાર દોહરાવી છે, અને એવા પ્રત્યેક પ્રસંગે મેં આ જ, અહીં આપ્યા મુજબની સ્પષ્ટતાઓ કરી છે. તેમ છતાં, તેઓ એ સ્વીકારતા નથી! અરે, એનો ઉલ્લેખ સુધ્ધાં કરતા નથી! આમ શા માટે? રેશનાલિઝમની વ્યાખ્યા અને વિભાવના એ મતલબના પાંચ સાત લેખો મેં લખ્યા છે. જેમાંના કમસે કમ બે તો મારા સંગ્રહોમાં ગ્રંથસ્થ થયા છે. વળી, શ્રી જયંતી પટેલની આવી ગેરસમજ - પ્રેરક ભૂલવાળી માન્યતાઓ તથા દલીલોનો પ્રત્યુત્તર પણ હું એકલો જ વાળ્યા કરું છું. તો અન્ય મિત્રો પણ મને મદદ કરે! જો કે 'વિવેકપંથી'ના તંત્રી શ્રી ગુલાબ ભેડા અને 'વૈશ્વિક માનવવાદ' ના શ્રી બીપીન શ્રોફે તો મને પૂરેપૂરું સમર્થન આપ્યું જ છે. આભાર! ■

# સર્વજનહિતાય આત્મખોજ

*- કિરણ દેસાઇ*

અંબરીષભાઇનો લેખ (૧ માર્ચ, ૨૦૦૮) ગુજરાત સમાજની પ્રવર્તમાન હાલત સંદર્ભે વાસ્તવિક પરિસ્થિતિ અને બૌદ્ધિક પરિચર્ચાના દૃષ્ટિકોણથી ખૂબ મહત્ત્વનું ભાથું પૂરું પાડે છે. અંબરીષભાઇ એક કસાયેલ કર્મનિષ્ઠ છે. 'ખોજ' થકી તેમણે ગુજરાતના વૈચારિક જગતમાં એક અનોખી અને સંનિષ્ઠ પહેલ કરી છે. સમગ્રપણે ગુજરાત સમાજના હિત સંદર્ભે તેમની નિષ્ઠા અંગે કોઇ સંશયને ભાગ્યે જ અવકાશ હોઇ શકે. આમ છતાં, પ્રસ્તુત લેખમાં તેમના વિચારો સંદર્ભે અનેક પ્રશ્નાર્થો, પ્રતિવિચારો અને પ્રતિદલીલોને, અલબત્ત, બૃહદ માનવીય હિત અને અધિકારના સંદર્ભમાં, અવકાશ રહે છે. ને આવી ચર્ચા, દલીલો જન્મે તે આવકાર્ય જ છે. અલબત્ત, તે વિતંડાવાદમાં ન સરી જવી જોઇએ. ૨૦૦૨ની હિંસા બાદની ગુજરાતની પરિસ્થિતિને લક્ષમાં લેતાં, ટૂંકા ગાળાની અને દીર્ઘલક્ષી નિસબત સંદર્ભે, અંબરીષ મહેતાનો લેખ એક અત્યંત અગત્યની પરિચર્ચા (ડિસ્કોર્સ)ને જન્માવે છે. આ અંગે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણું વિચારાયું અને લખાયું છે જ, પણ ગુજરાત માંહે હજી સ્વસ્થ અને તંદુરસ્ત ચર્ચા હોવી જોઇએ એટલી થઇ નથી, ને તેના સ્થાને આવેગસભર અને આવેશયુક્ત લખાણોની ભરમાર જોવા મળી છે.

એક વસ્તુલક્ષી દૃષ્ટિકોણ ધરાવતા અને ઉદારમતવાદી કર્મનિષ્ઠના નાતે અંબરીષભાઇએ ગુજરાતના વિધાનસભા ચૂંટણી પરિણામને વિકાસલક્ષી પરિસ્થિતિકીય આંકડાના સંદર્ભે મૂલવવાની કોશિશ કરી છે. તેમનું તારણ છે કે વીજળી-સડક-પાણીના ભૌતિક આધારસંરચનાના વિકાસના મુદ્દે મોદી સરકારની કામગીરી ઘણી સરાહનીય રહી છે. આ અંગે તેઓ બૃહદ અર્થશાસ્ત્રીય આંકડા ટાંકવાનો અભ્યાસશીલ અભિગમ પણ ધરાવે છે. પણ એક તબક્કે કાંઇક આગળ વધીને તેઓ ''બહોળા વિકાસનો લાભ વ્યાપક સ્તરે પહોંચે એ સ્વાભાવિક છે''નું વિધાન કરે છે, જેમાં કદાચ તેમની વિચારસરણીને અનુરૂપ આશાવાદ વધુ અને વાસ્તવિકતા ઓછી છે. મુક્ત બજાર અને વૈશ્વિકીકરણના તેઓ સમર્થક હોઇ આમ બની શકે. પણ વાસ્તવમાં આ વિકાસ એકાંગી છે અને સામાજિક-આર્થિક વિષમતાને વકરાવનારો છે. ખુદ ગુજરાત સરકારના આંકડા ગરીબી સંદર્ભે કપરી અને વકરતી જતી પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. આમ, ચૂંટણીલક્ષી રાજકારણમાં વિજય-પતાકાને સમજાવવા અર્થે બૃહદ વિકાસના લાભ વ્યાપક સ્તરે પહોંચ્યા હોવાનું લેખનું તારણ ખૂંચે એવો અતિસરલીકરણનો દોષ ધરાવે છે.

આંકડાકીય સિદ્ધિની સાથે લેખ ચૂંટણીલક્ષી પરિણામને સંદર્ભે સાંપ્રદાયિક મુદ્દાનો, ખાસ તો, સોહરાબુદ્દીનના કિસ્સા સંદર્ભે જીભાજોડીનો ઉલ્લેખ કરી, આ અંગે મોદીની બંધારણ અને કાયદાકીય પાલન સંદર્ભે ન્યૂનતા અને નિષ્ઠાહીનતાનો નિર્દેશ કરીને પણ, અંતે ''ગુજરાતના મતદારો''ના મોદીને મળેલ વ્યાપક ટેકાને દર્શાવે છે અને આ સાથે તેમનો લેખ વિશ્લેષણની અત્યંત સંકુલ, આકરી દીર્ઘામાં પ્રવેશે છે અને અંતે પ્રયોજિત કક્ષાઓ અને વિશ્લેષણના સંદર્ભે ચીલાચાલુપણા અને સામાન્યીકરણનો ભોગ બનીને રહી જાય છે.

સૌ પ્રથમ તો, આ સંદર્ભે ગુજરાત અને ગુજરાત બહારના બૌદ્ધિકોના ભેદભાવના મુદ્દાને સ્પર્શીને ચર્ચા અત્યંત સંકુચિત પરિપ્રેક્ષ્યમાં પ્રવેશે છે. મુદ્દો કોણ ઉઠાવે તે મહત્ત્વનું છે કે મુદ્દાની ગુણવત્તા વિશેષ નિસબતનો વિષય છે? ગુજરાતના કર્મશીલો અને બૌદ્ધિકોમાં જણાતું લાગણીનું આવું આળાપણું બૌદ્ધિક ચર્ચા સંદર્ભે યોગ્ય છે ખરું? ગુજરાત સમાજને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં, બૃહદલક્ષી દ્રષ્ટિકોણથી સમજયા વગર, કોઇપણ ઘટનાનું, પછી તે નવનિર્માણ આંદોલન હોય કે અનામતવિરોધી ચળવળ કે પછી ચૂંટણીનાં પરિણામો, વિશ્લેષણ થઇ શકે ખરું? અલબત્ત, ગુજરાતના લોકોમાં મૂળભૂતપણે જ ખામી હોવાના અને તેઓ સમગ્રપણે પ્રતિક્રિયાવાદી હોવાના તર્કમાં ગંભીર ખામી છે જ, અને આ દલીલના સમર્થક બૌદ્ધિકો પણ અંબરીષભાઇની જેમ જ, ચૂંટણીલક્ષી પરિણામોને કેન્દ્રમાં રાખીને સામાન્યીકૃત વિધાન કરવાની ગંભીર ભૂલ કરતા રહ્યા છે. 'વિજયપતાકાને પ્રથમ સ્પર્શે તે મહારથી'ની આપણી ''લોકતાંત્રિક ચૂંટણીપ્રથા''ને સંદર્ભે આને કારણે આલોચનાત્મક દૃષ્ટિકોણથી વિશેષ ચર્ચા જન્મતી જ નથી. જાણ્યે-અજાણ્યે હાલની આપણી ચૂંટણીલક્ષી લોકશાહીને વધાવવાનું બૃહદ વલણ આપણને વાસ્તવિક વિશ્લેષણથી વિમુખ રાખે છે. ચૂંટણીનાં પરિણામોને કેન્દ્રમાં રાખી મનઃસામાજિક વલણો અંગે અંતિમ તારણ પર પહોંચવાનો અભિગમ ખામીભર્યો છે અને તે આપણા ચૂંટણીકેન્દ્રી લોકતંત્ર અંગે સૂક્ષ્મ વિશ્લેષણથી આપણને વંચિત રાખે છે.

ચૂંટણીલક્ષી રાજકારણના મુદ્દાને કેન્દ્રમાં રાખી અંબરીષભાઇ પછી કૉંગ્રેસના ''ખામ'' રાજકારણ અને અનામત પ્રથા અને અન્ય ચૂંટણીલક્ષી નીતિઓનો ઉલ્લેખ કરી તેમના વૈચારિક ઝોકને વધુ સ્પષ્ટ કરે છે. સૌ પ્રથમ તો, વૈચારિક દૃષ્ટિકોણથી જોઇએ તો, જ્ઞાતિ અને જાતિ આધારિત વિષમતાયુક્ત, વિભાજિત અને શોષણલક્ષી સમાજરચના ધરાવતી સંરચનામાં વંચિત સમૂહોને કેન્દ્રમાં રાખીને આકાર લેતી રાજકીય વ્યૂહરચનાને શા માટે વખોડવી જોઇએ? માત્ર ભદ્ર સમૂહ અને મધ્યમ

વર્ગ, કે જેનાં હિતોને આથી દેખીતી હાનિ પહોંચે છે માટે? અલબત્ત, સ્વીકારીએ કે કોંગ્રેસે તે પશ્ચાત્ જૂજ અપવાદોને બાદ કરતાં આ નબળા સમૂહોની વિશેષ તમા કરી નથી અને ચૂંટણીલક્ષી વ્યૂહરચનાને વ્યવહારમાં સંનિષ્ઠપણે અમલમાં મૂકવાનો ઝાઝો ઉદ્યમ કે ઉત્સાહ દાખવ્યો નથી. ગુજરાતની તાજેતરની ચૂંટણીમાં લેખ સૂચવે છે તેમ વધુ મતદાન બોલકા, મધ્યમ વર્ગ દ્વારા થયું ને ૨૦૦૨ની ઘટનાઓ સંદર્ભે દેશભરમાં થયેલ ટીકાઓ સામે તેમણે પ્રચંડ જનાદેશ (મેન્ડેટ) મોદીની તરફેણમાં આપ્યો. પણ તેથી શું ઉઠાવાયેલ વૈચારિક મુદ્દાઓ ગૌણ અને નકામા બની જાય છે? મર્યાદા ઉઠાવાયેલ મુદ્દાઓની છે કે પ્રવર્તમાન 'ચૂંટણીલક્ષી' લોકતંત્રની? અંબરીષભાઇ ચૂંટણીનાં પરિણામો સંદર્ભે સરળ વિશ્લેષણમાં તરીને માત્ર એકેડેમિક રીતે તો સંકુલતાને હાનિ કરે જ છે, પરંતુ દેશ અને સમાજ સમક્ષના કેન્દ્રીય મુદ્દાઓની પણ અહીં અવગણના થાય છે. તેઓ એક તરફ, લોકતાંત્રિક ચૂંટણીલક્ષી રાજકારણને મહત્ત્વ આપે છે. ખાસ તો, તે સંદર્ભે, મધ્યમ વર્ગની પ્રતિક્રિયાને લક્ષમાં રાખીને; અને સાથે તેને વખોડે છે, કેમ કે તેને કેન્દ્રમાં રાખી અનામતપણા અને 'ખામ' જેવી રચનાઓ આકાર પામે છે. લેખક અહીં પોતાની 'વર્ગીય' ચેતનાથી પર થઇ શક્યા નથી; અને આથી તેમની નિરપેક્ષતા જોખમાઇ છે.

આમ, કહેવાતા લોકતાંત્રિક ચૂંટણીલક્ષી રાજકારણને મહત્ત્વ આપવાની સાથે તેની મર્યાદાઓ (મધ્યમ વર્ગના હિતને થતી હાનિ સંદર્ભે) દર્શાવીને લેખ પછી લેખકના વૈચારિક મૂળ સુધી પહોંચે છે, જેમાં હાલનું સામાજિક પોત જાળવવાનો અને આર્થિક ક્ષેત્રમાં રાજ્યના હસ્તક્ષેપના મુદ્દાઓ ઉલ્લેખ પામે છે. પછી અનામત અને સાચર સમિતિના મુદ્દાઓની છણાવટ થકી લેખ તેની વૈચારિક ભૂમિકાને વધુ સ્પષ્ટ કરે છે. મુદ્દાઓ ખૂબ પેચીદા છે. અત્યંત વિષમતાયુક્ત સમાજના અસ્તિત્વ અંગે તો કોઇ પ્રશ્નાર્થો નથી, પણ તેને દૂર કરવાના ઉપચારો સામે છે. અનામત અને સાચર સમિતિની ભલામણોનું અમલીકરણ ચૂંટણીલક્ષી રાજકારણ સંદર્ભે તુષ્ટિકરણની ગરજ સારે છે. પણ સાથે, વિકાસલક્ષી આંકડાની માયાજાળનું રાજકારણ કે જે તેનાથી જન્મતી વિષમતા પર ઢાંકપિછોડો કરે છે, યથાર્થ ઠરે છે. સાચર સમિતિની ભલામણોને નેવે મૂકીએ તોપણ, મુસ્લિમોની પરિસ્થિતિ સંદર્ભે તેમનાં આંકડાલક્ષી તારણો મોદીના જ્યોતિગ્રામ જેટલાં જ શું આધારપાત્ર નથી? મોદીને જ્યોતિગ્રામ સંદર્ભે વધાવવા સાથે રાજ્યમાં મુસ્લિમોની ૨૦૦૨ પછીની ગરિમાહીન, અન્યાયપૂર્ણ અવસ્થાને સાવ નજરઅંદાજ કરવી? કેમ કે ગુજરાત બહારના કેટલાક તેને પ્રકાશમાં આણે છે? શું વિકાસ માત્ર આંકડાકીય અગનલિસોટો જ છે? તે સમગ્રપણે માનવીય જીવનધોરણમાં પ્રતિબિંબિત ન થવો જોઇએ? ગુજરાતના મુસ્લિમો આજે લાચાર, હતપ્રભ, નિષ્પ્રાણ, દ્વિતીય શ્રેણીના નાગરિકો નથી બની રહ્યા? ને તે શું ગુજરાત માટે ગરિમાયુક્ત છે? પ્રૅ કોંગ્રેસની ચૂંટણીલક્ષી નીતિ કે મોદીના વિકાસલક્ષી વિજયોનો નથી. સવાલ માનવીય અધિકારો, માનવીય ગરિમાને સ્પર્શતા તથ્યનો છે. સમગ્રપણે જોતાં, લેખમાં જાણ્યે-અજાણ્યે હાલની પરિસ્થિતિ, સામાજિક-આર્થિક ઢાંચાને યથાતથ રાખવાને પુષ્ટિ મળતી જણાય છે અને નબળા, વંચિત સમૂહોની સાપેક્ષે મધ્યમવર્ગનાં હિતોને વાચા મળતી જણાય છે. આમ, પ્રવર્તમાન સ્થિતિથી પર થઇને તેને આલોચનાત્મક દૃષ્ટિકોણથી મૂલવાઇ નથી. ચૂંટણીલક્ષી રાજકારણમાં મોદીના વિજયને વિકાસલક્ષી અભિગમથી વધાવવાથી માંડીને મુક્ત બજારની તરફેણ, અનામત અને સાચર સમિતિની ભલામણોનો વિરોધ, હાલનું સામાજિક પોત જોખમાયા સામે લાલ બત્તી, સેક્યુલરવાદ અને સેક્યુલરવાદીઓ સામે તીખાં શરસંધાન આનો સ્પષ્ટ નિર્દેશ કરતાં જણાય છે. લેખકની આત્મખોજ પ્રવર્તમાન પરિસ્થિતિ સામેના પડકારના હેતુસરના આંતરમંથનને બદલે તેને ટકાવવાની મથામણના પરિપાકરૂપ જણાય છે. ■

*(નિરીક્ષક ૧૬ એપ્રિલ ૨૦૦૮માંથી સાભાર)*

# પ્રતિભાવ, કિરણ દેસાઈની આત્મખોજને

**-અનિલ પટેલ**

તાજેતરની ગુજરાતની ચૂંટણીઓમાં મોદીને મતદાતાઓનું અસંદિગ્ધ સમર્થન મળેલું છે. ચૂંટણી પૂર્વેનાં એંધાણો એવાં દેખાતાં હતાં કે મોદી મોટી મુશ્કેલીમાં છે. મોદી હારશે તેવી આશામાં ઘણા આશાવાદીઓએ કોંગ્રેસના સત્તારોહણ બાદના એજન્ડાની સક્રિય વિચારણા કરવા માંડી હતી. આવી આશા બંધાય તેનાં કારણો પણ પૂરતાં હતાં. કેશુભાઈની આગેવાની હેઠળ ભાજપાના અસંતુષ્ટ બળવાખોરો; નિરાશ વિહિપ અને આર.એસ.એસ. મોદીના સક્રિય વિરોધમાં બહાર આવી ગયા હતા; કોંગ્રેસે પણ બળવાખોરો સાથે સમજૂતી કેળવી લીધી હતી; સાધુ, સંતો પણ મોદીની વિરુદ્ધ પ્રચારમાં લાગી ગયા હતા; વીજળી પ્રકરણે બળૂકાં ખેડૂત સંગઠનો મોદીની સામે મોરચો માંડી ચૂકયાં હતાં; અને એન્ટી ઈનકમ્બન્સીનો પરંપરાગત લાભ લઈને સત્તા પાછી મેળવવા થનગનતી કોંગ્રેસની મહત્ત્વાકાંક્ષા પણ ખરી જ. તેમના પલ્લાને ઊંચે લઈ જતાં આવાં બળૂકાં વિરોધી બળોને પરાસ્ત કરીને મોદી બહુ મોટી બહુમતી મેળવીને પાછા સત્તારૂઢ થયા. મોદીએ ચૂંટણીમાં મોટા પાયા ઉપર ગોલમાલ કરી હોય તેવા પણ કોઈ અણસાર મળ્યા નથી. ચૂંટણી કમિશનની કામગીરીમાં કાંઈ જોવાપણું હતું જ નહીં. આ કોઈ રીતે ચીલાચાલુ ચૂંટણીનાં, ચીલાચાલુ પરિણામો ના હતાં. પૃષ્ઠભૂમિમાં હતી સને ૨૦૦૨માં મોદી શાસન સર્જિત નિર્દોષ અને લાચાર મુસલમાનો

ઉપર આચરવામાં આવેલી હિંસા. એ પણ સાચું છે કે મોદી શાસનના આ કૃત્યને ગુજરાતની હિંદુ બહુમતીનો પ્રત્યક્ષ અને પરોક્ષ ટેકો હતો. ૨૦૦૨ની ચૂંટણીનાં પરિણામો મોદીએ વકરાવેલ કોમી ધ્રુવીકરણના કારણે હતાં તે પણ નિર્વિવાદ હકીકત છે.

ગુજરાતમાં અને ગુજરાત બહારનાં ઘણાં વર્તુળોમાં સને ૨૦૦૨એ ઘણો ઊંડો પ્રભાવ નાખ્યો છે. તેમના મતે મોદી અને ગુજરાતની હિંદુ બહુમતી મુસ્લીમ વિરોધી છે અને તેમાં વજૂદ પણ છે. તેમની ઉપર પડેલી આ ઘેરી છાપમાંથી મુક્ત થઈને તેઓ એમ વિચારવા પણ તૈયાર નથી કે મોદી બીજા કોઈ સેક્યુલર એજન્ડાને સફળતાપૂર્વક આગળ ધપાવે (દા.ત. બહોળો વિકાસ, સુશાસન વિ.), તેના આધારે લોકસમર્થન માંગે અને હિંદુ બહુમતી (પછાત ગ્રામ્ય વિસ્તારો, દલિતો, આદિવાસીઓ, પછાત કહેવાતી જ્ઞાતિઓ અને શહેરી હિંદુ મધ્યમ વર્ગ) આવું સમર્થન આપે. પ્રથમદર્શી રીતે જ અમુક મોદીવિરોધી વર્તુળોમાં એક ગ્રંથિ ઊંડું ઘર કરી ગઈ છે કે મોદી જીતે તો સાંપ્રદાયિક વેરઝેરના મુદ્દે જ અને ગુજરાતની હિંદુ બહુમતી આ જ મુદ્દા ઉપર મોદી ઉપર ઓવારી જાય. કોમવાદ સિવાયના બીજા કોઈ સેક્યુલર મુદ્દાઓએ ચૂંટણી પરિણામોનું આશ્ચર્ય સર્જ્યું હોય તે સ્વીકારવું ઘણાને અઘરું પડે છે. પ્રવીણ તોગડિયાના અને આર.એસ.એસ.ના ખુલ્લેઆમ મોદીવિરોધને નજરઅંદાજ કરાય છે, તેનું પણ એક આશ્ચર્ય છે.

અંબરીષનો લેખ આવા અસામાન્ય, સંકુલ સંદર્ભમાં લખાયેલો છે. લેખના પ્રથમ ફકરામાં જ તેણે થિસિસ બહુ સ્પષ્ટ શબ્દોમાં મૂકી છે : ''...આ પરિણામો માત્ર સાંપ્રદાયિક ધ્રુવીકરણની રાજ-નીતિને આધારે જ સમજી શકાય તેમ નથી. ૨૦૦૨માં જરૂર એવી પરિસ્થિતિ હતી પરંતુ ત્યાર પછી તો પાંચ વરસ સુધી મોદી સરકાર ચાલી છે... એ સરકારની પાંચ વરસની કામગીરીઓનો મુદ્દો પણ અગત્યનો હતો જ. જે પરિણામો આવ્યાં છે... (તે સૂચવે છે કે) તેઓ લોકમાનસમાં ચીલાચાલુ રાજકરણી કરતાં જુદા હોવાની છાપ ઊભી કરી શકયા છે.'' આ પછી અંબરીષ હકીકતો, તથ્યોની એક લાંબી ચર્ચામાં જાય છે. તેમાં જઈએ તે પહેલાં એક મહત્ત્વની સ્પષ્ટતા કરી લઉં જે ખરેખર તો કરવાની જરૂર ના હોવી જોઈએ.

અંબરીષનો અભિગમ તાજેતરમાં બનેલી ઘટનાના ઐતિહાસિક અર્થઘટનનો છે. અર્થઘટનનો હેતુ જે બન્યું તે કેમ બન્યું તે સમજાવવાનો હોય છે. આના માટે પરિસ્થિતિનો વસ્તુલક્ષી, બુદ્ધિગમ્ય તર્ક રજૂ કરવાનો હોય છે. પરિસ્થિતિમાં સક્રિય વ્યક્તિઓ (actors) ના વર્તનને વસ્તુલક્ષી રીતે સમજાવવાનો હોય છે. આ તારવાયેલા વર્તન અને તેની પાછળ રહેલા તર્ક સાથે વિશ્લેષણકારની સહમતિ, સહાનુભૂતિનું હોવું ના હોવું તે મુખ્ય મુદ્દો નથી, તે આડ વાત છે. આ બંનેને અલગ રાખતી ભેદરેખાનો ખ્યાલ હંમેશાં રાખવો જોઈએ. કિરણ દેસાઈના પ્રતિભાવમાં આ બારીક પણ મહત્ત્વની પૂર્વશરતનો લોપ વારંવાર થતો જોવાનો મળે છે. તેમની દલીલોમાં એક પ્રકારની અપારદર્શિતાનો આ કારણે વારંવાર અનુભવ થયા કરે છે.

પરિસ્થિતિના તર્કના વિશ્લેષણનાં ત્રણ ઘટકો છે. એક, ભૌતિક અધઃસંરચના- બીજલી, સડક, પાણી - માં સધાયેલા વિકાસના વ્યાપક લાભોનું; બીજું ઘટક, પેધાં પડી ગયેલાં બળૂકાં સ્થાપિત હિતોને અપાતો સ્પષ્ટ જાકારો, જેને સુશાસનની દિશામાંનું એક પગલું કહી શકાય (નકારાત્મક સૂચિતાર્થ - આપખુદશાહી પણ ધ્યાનમાં રહે); ત્રીજું ઘટક ગુજરાતની હિંદુ પ્રજામાં દેખા દેતા કોમવાદી વલણને એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મૂકી સમજવાની (ન્યાયી ઠેરવવાની નહીં) કોશિશ જેથી કાળ-ક્રમે આ દૂઝતા જખમને રુઝાવવાની પ્રક્રિયા આગળ વધે. આના જ સંદર્ભમાં એ પણ ખરું જ કે અમુક બૌધ્ધિક વર્તુળોની હિંદુ બહુમતીનાં બધાં જ  વર્તન કોમવાદીના એક ચોકઠામાં જડી દઈને, આદત સે મજબૂર એકમતવાદી મુલવણી અને બહુવાદી (pluralistic) વર્તનને સમજી શકવાની મૂળભૂત અક્ષમતા ઉપર ટિપ્પણી.

ત્રણે ઘટકોને થોડા વિસ્તારથી જોઈએ.

પહેલું ઘટક જોઈએ. બીજલી-સડક-પાણીની ભૌતિક અધઃસંરચનાને અંબરીષે એટલી વિગતે હકીકતો, તથ્યો આપીને સમજાવી છે કે તેમાં વધુ સ્પષ્ટતા કરવાની રહેતી નથી. ગામડાંઓમાં લગભગ ૨૪ કલાક સુધી ત્રણ ફેઝ વીજળીની ઉપલબ્ધિ, દેડિયાપાડા જેવા અવગણાયેલા પછાત વિસ્તારમાં પણ મળતી થયેલી વીજળી, વીજળીની સબસિડીઓના ટુકડાઓ ઉપર નજર ના રાખતાં મીટર પ્રમાણે નાણાં ચૂકવણી કરીને નિયમિતપણે મળતી વીજળીની ગરીબો દ્વારા પણ પસંદગી. રસ્તાઓનું વિશાળ જાળું, આખા રાજ્યમાં ઊંડે સુધી ફેલાઈ રહ્યું છે. જેની દેખીતી અસરો ગરીબ વિસ્તારોમાં વધેલી ગતિશીલતા ઉપર દેખાય છે. ઉનાળો હજી તો બેઠો નથી ને પીવાના પાણી માટે વલખાં મારતાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના વિશાળ વિસ્તારોમાં ઉપલબ્ધ થયેલાં નર્મદાનાં પાણી, સામી-હારીજ જેવા નપાણિયા વિસ્તારોમાં ભરડો લઈને બેઠેલો, ગરીબોને વિશેષમાં દમતો, ફ્લોરોસીસના રોગના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો. આ સેવાઓ સૌ પ્રથમ વાર આ વિસ્તારોમાં ખૂણેખાંચરે પહોંચી છે તે ધ્યાનમાં લઈને અંબરીષે લખ્યું 'આવા બહોળા વિકાસનો લાભ સમાજમાં વ્યાપક સ્તરે પહોંચે તે સ્વાભાવિક છે.' 'પાંચ કરોડની જનતાનો નહીં, પાંચ કરોડપતિઓનો વિકાસ થયો છે'ના મોદી-વિરોધી વ્યાપક પ્રચારને લોકોએ રદિયો આપ્યો છે.

બીજું ઘટક. સ્થાપિત હિતોને જોરદાર પડકાર એ મોદી શાસનનું બીજું મહત્ત્વનું લક્ષણ કહી શકાય. ભાજપા, વિહિપ વગેરેનાં મોટાં માથાંઓએ ખુલ્લો બળવો પોકાર્યો તેનું કારણ લોકોનાં મનમાં એ વસ્યું કે ૨૦૦૨ના ચૂંટણી વિજય પછી આ બળૂકાં સ્થાપિત હિતોને મોટી આશા હતી કે તેમને મંત્રીમંડળમાં, કોર્પોરેશનોના અધ્યક્ષના હોદ્દાઓ મળશે, લાચાર કરદાતાઓના ભોગે અર્થવ્યવસ્થાને ફોલી ખાવાની સવલતોની લહાણી થશે. પણ આમ ના થતાં વંકાયેલા અસંતુષ્ટોએ બળવો કર્યો. દોઢ લાખ ખેડૂતો ઉપર મીટરો સાથે ચેડાં કરવાના આરોપસર કેસો મંડાયા. ખેડૂત સંગઠનો તરત જ વિરોધ સાથે બહાર આવ્યાં, વિરોધને સખતાઈથી દબાવી દેવાયો. ચૂંટણી ગાજવા માંડી ત્યારે મોદીના સલાહકારોએ ખેડૂતોને મનાવી લેવા કેસો પાછા ખેંચવાની સલાહ આપી. મોટાભાગના રાજકારણીઓ પાણીમાં બેસે જ. મોદીએ સલાહને ધરાર અવગણી. પ્રજાના માનસ ઉપર આની પણ ઊંડી અસર પડી - મોદી ચીલાચાલુ રાજકારણી નથી.

અહીં જોવા મળે છે સુશાસનનાં લક્ષણો જે બહોળા અને વ્યાપક વિકાસ માટેની એક અગત્યની પૂર્વશરત છે. અલબત્ત બધાની સલાહને અવગણતા, પોતાનું જ ધાર્યું કરતા મોદીની રીતમાં આપખુદશાહીનનાં બી રહેલાં જ છે અને લોલક બહુ સહેલાઈથી સામેના છેડે જતું રહે તે ચુકાવું જોઈએ નહીં.

અંબરીષની સ્પષ્ટ રજૂઆતની સરખામણીમાં કિરણ દેસાઈની રજૂઆતને અપારદર્શીય અને સંદિગ્ધ જ કહેવી જોઈએ. અંબરીષનું વિશ્લેષણ મુખ્યત્વે તો બહુમતી મતદાતાઓના બોધ (perception)ને લગતું છે. અંબરીશનો અંગત બોધ  (perception) એ છે કે નહિં તે અપ્રસ્તુત મુદ્દો છે. આનું કારણ એ કે અંબરીષની થિયરી પ્રમાણે લોકબોધ વિકાસના મુદ્દે અને નહીં કે કોમવાદી ધોરણે બનેલો છે. આ લોકબોધે મોદીને જિતાડયા છે. કિરણ દેસાઈ આ બારીક તફાવતને વારંવાર ચૂકી જાય છે. લોકબોધની થિયરીને તે તોડે, તેનો વિરોધ કરે, તે તો બરાબર જ છે પરંતુ તેના બદલે અંબરીષને તેમના પ્રહારનું નિશાન બનાવે છે તે વારેવારે જોવાનું મળે છે.

અંબરીષનું સમાપન કે બૃહદ વિકાસના લાભો વ્યાપક સ્તરે પહોંચ્યા છે તે તેમના હુમલાનું દેખીતું નિશાન છે. અંબરીષે આ સમાપન વસ્તુલક્ષી તથ્યો, આંકડાના આધારે કરેલું છે. અંબરીષના અભ્યાસુ અભિગમને તો કિરણ દેસાઈએ સ્વીકારેલો જ છે. સ્વાભાવિક રીતે એ અપેક્ષા રહે જ કે સમાપનને તોડવા કિરણ દેસાઈ વળતા વસ્તુલક્ષી આંકડા અને તથ્યો રજૂ કરશે. પણ આવું કાંઇ થતું જ નથી. તેઓ અંબરીષની થિયરીને તોડવા માત્ર બે વિધાનો જ કરે છે. એક, અંબરીષનું સમાપન તેની મુક્તબજાર અને વૈશ્વિકીકરણ તરફી વિચારસરણીની નીપજ છે, જેમાં આશાવાદ વધુ અને વાસ્તવિકતા ઓછી છે. વિચારસરણીથી ઘેરાયેલા વધુ પડતા આશાવાદી અંબરીષે વર્ણવેલી વાસ્તવિકતા ખોટી છે ? અધૂરી છે? સગવડભરી પસંદગી છે ? આવું હોય તો કિરણ દેસાઈ પાસે પૂરતો અવકાશ અને તક છે કે તે અંબરીષની વાસ્તવિકતાના દાવાને વળતી હકીકતોથી તોડે. પણ એમ થયું નથી એટલે કહેવું જ પડે કે વિચારસરણીનો મુદ્દો નક્કર દલીલ કે તથ્ય નથી પણ હેત્વારોપણ છે જેનાથી તેમની વાત બનતી નથી.

તેમના બીજા વિધાનમાં આંકડા, તથ્યોનો કાંઈક અણસાર જોવાનો મળે છે. તેઓ કહે છે કે આ વિકાસ એકાંગી છે અને સામાજિક આર્થિક સ્થિતિને વકરાવનારો છે અને તેનો આધાર તેઓ ગુજરાત સરકારના આંકડાઓમાં શોધે છે. કયા આંકડા છે ? કયા સરકારી અહેવાલ, અભ્યાસ, કે સર્વેમાં આ આંકડાઓ છે તેની વિગતો જોવા મળતી નથી. વળી આ કહેવાતા આંકડા અંબરીષે રજૂ કરેલી સ્થળ ઉપરની હકીકતોને કાપે છે? આની કોઈ સ્પષ્ટતા તેઓ કયાં કરતા નથી. માત્ર હેત્વારોપણ અને સરકારી આંકડાઓનો સંદિગ્ધ હવાલો જ અંબરીષના સમાપનને તોડતી તેમની વળતી દલીલ બને છે.

વધારે ઝીણવટથી જોઈએ તો આંકડાઓ, હકીકતોમાં જવાનું અને તેના આધારે અંબરીષના તારણને તોડવાની ઝંઝટમાં જવાની જરૂરત જ કિરણ દેસાઈ જોતા નથી. અંબરીષના તારણને તોડવા હવે તેઓ વળી ત્રીજો રસ્તો લે છે. હવે તેઓ કહે છે, ''ચૂંટણીલક્ષી રાજકારણમાં વિજયપતાકાને સમજાવવા બૃહદ વિકાસના વ્યાપક લાભનું'' તારણ અતિસરલીકરણનો દોષ ધરાવે છે. અહીં કિરણ દેસાઈ અટકી જાય છે ; આગળ કહેતા નથી કે અતિસરલીકરણનો દોષ ના ધરાવતું વધારે ઊંડું, સંકુલ તારણ કયું છે, જેનાથી અંબરીષના તારણની ઉપરછલ્લાઈ સમજી શકાય અને ચૂંટણીનાં પરિણામોને વધારે સારી રીતે સમજી શકાય. કિરણ દેસાઈની સ્પષ્ટ બનતી જતી અપારદર્શીય શૈલીને અનુરૂપ આ ગુઢ તારણ ગોપનીય જ રહે છે. હવે ત્રીજું ઘટક જોઈએ. ચૂંટણી સમયે ઊછળેલા સોહરાબુદ્દીનના મુદ્દાની અંબરીષે ચર્ચા કરી છે. તેના મતે આ મુદ્દો સાંપ્રદાયિક વલણનો નહીં પરંતુ કાયદાના શાસન (Rule of Law) તરફના મોદીના બેતમા વલણનો છે; અને આ વલણને મળી રહેલા વ્યાપક લોકસમર્થનનો છે જે આપણી ચિંતાનો વિષય બનવો જોઈએ. આવા સ્પષ્ટ રીતે અંકિત કરેલા, ચોક્કસ સંદર્ભમાં તે ગુજરાતની બહારના બોધ્ધિકોની ચોક્કસ વિચારસરણીનો મુદ્દો ઉઠાવતાં લખે છે કે ગુજરાત બહારના કેટલાક બૌધ્ધિકોએ ગુજરાતના લોકોમાં કોઈ પાયાની ખામી હોવાની, તેઓ મૂળે

પ્રતિક્રિયાવાદી હોવાની અને એ રીતે દેશના બીજા ભાગના લોકો કરતાં જુદા હોવાની વાતો વહેતી મૂકેલી છે, જેનાથી કાયદાના શાસનમાં પડેલાં ગાબડાંની સમસ્યાને હલ કરવામાં કોઈ મદદ મળી શકે તેમ નથી.

કિરણ દેસાઈની હવે પરિચિત શૈલીમાં આખી વાતને તેના મૂળ ચોક્કસ સંદર્ભમાંથી ઉખેડીને તેમને અનુકૂળ પડતા બીજા આયામમાં ઘસડી જાય છે. આ આયામ છે ગુજરાતના - ગુજરાત બહારનાનો ભેદભાવ કરતા ગુજરાતના આળા બની ગયેલા બૌધ્ધિકો-કર્મશીલો (અંબરીષ વાંચવું) એ અપનાવેલો અત્યંત સંકુચિત પરિપ્રેક્ષ્યનો. સંકુચિત પ્રદેશવાદ શબ્દથી તેમને જે કહેવું છે તે વધુ સરસ રીતે સમજાઈ જાય તેમ છે. બળજબરીથી ઘુસાડેલા સાવ નોંધારા આક્ષેપ વાળા આ આયામની વધુ ચર્ચા કરીએ તે પહેલાં કાયદાના શાસન અંગે અંબરીષની ચિંતાને તેઓ કેવી રીને જુએ છે તેની ઉપર એક દૃષ્ટિ.

તેઓ લખે છે કે સોહરાબુદીન મુદ્દે કાયદાના શાસન સંદર્ભે મોદીની નિષ્ઠાહીનતાનો નિર્દેશ કરીને અંતે તો અંબરીષનું વિશ્લેષણ ગુજરાતના મતદારોના મોદીને મળેલા વ્યાપક ટેકાને દર્શાવે છે અને ચીલાચાલુપણું અને સામાન્યીકરણનો ભોગ બનીને રહી જાય છે. કયું ચીલાચાલુપણું? ''જનતાની કોર્ટનો ચુકાદો એ આખરી અને ન્યાયી ચુકાદો છે તેવા પ્રચલિત સિધ્ધાંતના સ્વીકારનું? કિરણ દેસાઈ હરહંમેશની જેમ ઈશારાઓથી પતાવતા લાગે છે. તેમનો ઈશારો કાંઈ એવો લાગે છે કે કાયદાના શાસનની પુનઃસ્થાપના વગેરેની મોટીમોટી વાતો અંબરીષ કરે છે પરંતુ છેવટે તો ચૂંટણીલક્ષી રાજકારણના તર્ક પ્રમાણે ''રણમાં જે જીત્યો તે શુર'', ''જે જીત્યો તે સિકંદર''ના લપટા લોકશાહી તર્કનું શરણું લઈ લે છે. મુકત બજાર અને તેની સાથે અભિન્નપણે જોડાયેલા કાયદાના શાસનના સિધ્ધાંતનું સાતત્યપૂર્વક સમર્થન કરતો અંબરીષ કયારેય, કયાંય કહેતો નથી કે બહુમતી-મતની કસોટી આખરી છે, અમર્યાદિત લોકશાહીમાં બહુમતીની દાદાગીરી અને જોહુકમીનાં જોખમોને તે સદાય જાણે છે અને તેમ ના થાય તેની ગેરંટી કાયદાના શાસનની સર્વોપરિતામાં જુએ છે. એટલે જ તો કાયદાના શાસનનું રખોપું તેના માટે સૌથી વધારે ચિંતાનો વિષય છે. કાયદાના શાસનમાં બહુમતી કે ધારા-ગૃહોમાં બહુમતી ધરાવતા શાસકને પણ કાયદાના શાસનની આણમાં રહેવું પડે છે. હવે એ તો સ્પષ્ટ દેખાય છે કે કિરણ દેસાઈ કાયદાના શાસનનો અંબરીષને અભિપ્રેત માયનો સમજયા જ નથી કે તેમની પ્રચ્છન્ન રાખેલી આઈડીઓલોજીમાં તેને કોઈ જ સ્થાન નથી.

પાછા જઈએ ગુજરાતના સંકુચિત, આળા કર્મશીલો ઉપર. તેઓ ગુજરાત બહારના બૌધ્ધિકો દ્વારા ઉઠાવાતા મુદ્દાઓની ગુણવત્તાને તપાસવાને બદલે ગુજરાતના-ગુજરાત બહારના વચ્ચે ભેદભાવો કરીને બૌધ્ધિક ચર્ચાને ટાળે છે. ગુજરાત બહારના બૌધ્ધિકોના વિચારોની માંગણીમાં અંબરીષ સંકુચિત દૃષ્ટિબિંદુ અપનાવીને ભેદભાવ કરવા માંગે છે, તેવા આરોપને ધડમાથા વગરનો જ ગણવો પડે તેમ છે.

અંબરીષનો સંદર્ભ એકદમ સ્પષ્ટ છે. તેની ચિંતા ગુજરાતમાં કાયદાના શાસનના સ્વાસ્થ્યની છે. ગુજરાતના લોકો આ સમસ્યા અંગે જાગૃત થાય અને વધુ સંવેદનશીલતા કેળવે તેની છે. ગુજરાત બહારના બૌધ્ધિકો એવો મત ધરાવતા હોય કે ગુજરાતના લોકોમાં મૂળે જ ખામી છે, તેઓ મૂળે જ પ્રતિક્રિયાવાદી છે તો તેમના વિચારોથી અંબરીષે છેડેલી સમસ્યાના ઉકેલમાં શી મદદ મળે ? કયાં આવ્યો આમાં કોઈ સંકુચિતવાદ કે ભેદભાવ? આવો સંકુચિતવાદ જોતા કિરણ દેસાઈની દૃષ્ટિમાં ખામી હોવાનો નિર્દેશ કર્યા વગર રહી શકાય ? ગુજરાતની પ્રજાની લાક્ષણિકતાના, બૌધ્ધિકોને સતાવતા મુદ્દાની ગુણવત્તાની ચર્ચાનો અવકાશ હરહંમેશ રહે છે. પરંતુ પ્રસ્તુત સંદર્ભમાં તેની પ્રસ્તુતતા છે ?

ગુજરાત બહારના બૌધ્ધિકોના તર્કદોષને ટપારીને તેઓ આગળ વધે છે અને તેમનો અદીઠ રહેતો હાથ વધુ દેખા દે છે. ગુજરાત બહારના બૌધ્ધિકોએ વર્ણવાની લાક્ષણિકતાઓની સાથે જાણે સૂર પુરાવતા હોય અને તેને જ ચૂંટણી પરિણામોનું ઊંડું, સરલીકરણના દોષ વગરનું કારણ ગણતા હોય તેમ તેઓ સવાલ પૂછે છે. ''. . . મતદાન બોલકા, મધ્યમવર્ગ દ્વારા થયું. તે ૨૦૦૨ની ઘટનાઓ સંદર્ભે દેશભરમાં થયેલી ટીકાઓ સામે તેમણે પ્રચંડ જનાદેશ (મેન્ડેટ) મોદીની તરફેણમાં આપ્યો. પણ તેથી શું ઉઠાવાયેલા વૈચારિક મુદ્દાઓ ગૌણ અને નકામા બની જાય છે ?'' અહીં એક હકીકતદોષને સુધારી લઈએ. મોદીના બહુમતી બોલકા મધ્યમવર્ગની બનેલી નથી તે તો દેખીતું જ છે. અન્યત્ર કહ્યું છે તેમ સમાજમાં લગભગ દરેક સ્તરે આવેલા હિંદુઓના મતની બનેલી છે. અંબરીષ ઉપર કિરણ દેસાઈના પ્રહારો હજી આગળ વધે છે પરંતુ અહીં અટકીએ કારણ કે કિરણ દેસાઈનો મુખ્ય મુદ્દો આવરી લેવાયો છે. તેમની રજૂઆતોને ધ્યાનથી તપાસીએ, તેમની સંદિગ્ધતાથી ભરપૂર શૈલીને સમજી લઈએ, નોંધારાં આરોપણો, ઈશારાઓ ઉપરનો તેમનો મદાર સમજી લઈએ તો એ તારણ ઉપર જ પહોચવું પડે કે અંબરીષની વિકાસ અંગેના લોકબોધની અને તેને આનુષંગિક દલીલો તો તેમના મતે ખરેખર આડે પાટે ચઢાવી દેતું રેશનાલાઈઝેશન છે. આંકડા, હકીકતોની કટાકૂટમાં ગયા વગર જ તેમને પ્રતીતિ થઈ ગયેલી છે કે ખરી વાસ્તવિકતા તો એ છે કે મૂળે પ્રતિક્રિયાવાદી - કોમવાદી હિંદુ બહુમતીએ કોમવાદના ધોરણે મત આપીને મોદીને જિતાડયા છે અને મોદીએ જ આ કોમવાદને પોષ્યો છે. આ જ વસ્તુનું હાર્દ છે. બાકીનાં બધાં છીલકાં છે. ■

# અમારી દીકરીઓ અમને પાછી આપો . . .

*- રાજેશ મિશ્રા*

ગયા લેખમાં એસ. ટી.ના ખાડે ગયેલા તંત્ર અને તેનું ઉઠમણું કરી દેવા પર લખેલું. આ વખતે આ જ વિષયનું અનુસંધાન કરી આગળ લખવા માટે હાથ ઊપડતો નથી. દિમાગ સુન્ન છે, મન વિષાદમય. તારીખ ૧૬/૪/૨૦૦૮ની સવારે મારી બેનનો ફોન આવે છે 'તું કયા છે' ?. તેની પ્રથમ અને સ્વાભાવિક ચિંતા એ હતી કે આ રખડતો માણસ એ બસમાં તો નથી ને કે જે બસ બોડેલી પાસે નર્મદા કેનાલમાં ખાબકી છે. મોબાઇલ પર મારો અવાજ સાંભળી સમાચાર આપે છે કે આખી બસ કેનાલમાં પડી છે અને ઘણા લોકોની જાનહાનિની ખબર છે. બોડેલીના રહીશ મિત્ર પાસેથી વધારે જાણવા મળે છે કે ચાર છોકરાઓને બચાવી લેવાયા છે, બાકીનાની લાશો નીકળી રહી છે. કેટલાં ડૂબ્યાં તે કહી શકાતું નથી, લાશોની શોધખોળ ચાલુ છે. આ મુસ્લિમ મિત્ર કેનાલ પર જ હતા અને તેમના જુવાનિયા છોકરાઓ કેનાલમાં ઝંપલાવી બાળકોની લાશો શોધતા હતા. પછી વાત કરીશ તેમ કહી ફોન કટ કરી દે છે. ત્રણેક વાગે એમનો ફરી ફોન આવે છે, કુલ મરણ ૪૪. તે પૈકી ૧ ડ્રાયવર, ૧ કંડક્ટર ૧ વૃધ્ધા, તે સિવાયની ૩૨ બાળકીઓ અને ૯ બાળકો. નાના સરખા ગામ એવા બામરોલી ગામની જ ૧૫ બાળકીઓ, અને સમધીની ગામની ૧૦ બાળકીઓ આ હોનારતમાં એક સાથે હોમાઇ ગઈ!

અમારા કાર્યકર નંદુભાઇ ફોન પર જણાવે છે કે ટીવી પર કરુણ દશ્યો જોવા મળે છે. બચી ગયેલો એક બાળક કહે છે કે બસનો લોહારિયો - આગલા અને પાછલા વ્હીલને જોડતી ધરી - તૂટી ગયો અને બસ એક બાજુ ખેંચાઇ ગઇ હતી. થોડી વારે ટીવી પર સમાચાર સાંભળવા મળે છે કે સરકારે એક કમિટી નીમી છે અને તપાસ આરંભી છે. જો કે આ જ બુલેટીનમાં થોડા અંતરે જિલ્લા પોલીસના એક વડા અધિકારી નિવેદન આપી રહ્યા છે કે ડ્રાયવરની બેદરકારીથી આ બનાવ બનવા પામેલ છે. વચમાં વળી પાછા એક ખબર એવા મળે છે કે ડ્રાયવરની આંખે ઝાંખપ હતી અને તે ઘણા સમયથી ડ્રાયવીગ સિવાયની ફરજ કે વીઆરએસ માંગી રહ્યો હતો. જે જે વ્યક્તિ સાથે ફોન પર વાત થઇ તે દરેકમાં એક બાબત તો સામાન્ય જ રહેતી કે બસ ભારે ખખડધજ હાલતમાં હતી.

આ કરુણાંતિકાનો હવાલો લઇ કોઇ વાત કરવી અનૈતિક હોવાનું મન અનુભવે છે. પણ એક વાત દિમાગમાં રહી રહીને ઊભરી આવે છે કે સરકારને ઉઘાડેછોગ સાવ જ ખખડધજ બચાવ કરવાની જરૂર જ શી છે? જે બસની હાલત વિષે લગભગ દરેક જણ એક જ વાત કરે છે કે બસ સાવ જ ખખડધજ હતી અને આવી બસ હોય તો એકસીડન્ટ થાય જ ને! સરકારના અધિકારીઓ બસનો છડેચોક બચાવ કરી રહ્યા છે કે બસ સારી કન્ડિશનમાં હતી. સામે દલીલ થાય છે અને રેકર્ડ રજૂ કરવામાં આવે છે કે બસ તેના નિયત ૮, ૦૦, ૦૦૦ કિ.મી. ઉપરાંતના બીજા ૩,૨૫, ૦૦૦ કિ.મી. ફરી ચૂકી હતી અને તે સ્ક્રેપમાં કાઢી નાંખવાપાત્ર હતી. તો એસ.ટી ખાતાના ઉચ્ચ અધિકારી વળતી દલીલ કરે છે કે એવું થોડું જ છે કે કિ.મી. પૂરા થઇ ગયા હોય તો બસને કાઢી નાંખવી જોઇએ? સારી હોય તો રાખીએ પણ ખરા. એસ ટી નિગમના વડા અધિકારી દોષનો ટોપલો સીધો બસના ડ્રાયવર પર નાંખી દે છે કે જે ડ્રાયવર પોતે ડૂબી મર્યો છે અને કોઇ રીતે પોતાનો ખુલાસો કરી શકે તેમ નથી. જિલ્લા પોલીસના એક વડા અધિકારીએ અને એસ ટી નિગમના એક વડા અધિકારીએ મળીને બનાવના ગણતરીના કલાકોમાં પોઝિશન લઇને જાહેર કરી દીધેલ છે કે ડ્રાયવર કેનાલ પર ઓવરટેક કરવા ગયો અને કન્ટ્રોલ ગુમાવતાં બસ કેનાલની ફૂટપાથને અથડાઇ અને તેથી એકસલ તૂટી અને બસ કેનાલની પાળ તોડી કેનાલમાં પડી. ત્રણેક દિવસ બાદ બનાવને નજરે જોનાર ટ્રકના ડ્રાયવર અજયસિંહ ઠાકોર હિંમત કરે છે અને જાહેરમાં જણાવે છે કે બસ કેનાલ પરથી આવતી હતી તે સમયે કેનાલ પર બીજી કોઇ બસ હતી જ નહીં અને તેથી ઓવરટેક કરવાનો સવાલ જ ઊભો થતો નથી. આ ઘટનાને નજરે જોવાનો દાવો કરનાર કારના ડ્રાયવર કિરીટસિંહ બનાવના દિવસે જ નિવેદન આપે છે કે તેઓ ડભોઇ તરફ જતા હતા તે સમયે એસ. ટી. બસ સામેથી આવતી હતી. તે સમયે અચાનક બસના આગલા ટાયરમાં ધડાકો થયો અને બસ જોરદાર આંચકા સાથે રેલીંગ તોડી પાણીમાં ખાબકી. તેઓ તરત જ પાછા વળી ગયા અને ગામમાં ખબર આપી. જો કે તેમની ટાયર ધડાકાની વાત પાછળથી ખરી ન હોવાનું બહાર આવેલ છે પરંતુ સામે કોઇ વાહન હતું જ નહીં તેથી ઓવરટેક કરવાની વાત તો બન્ને ડ્રાયવરના અખબારી નિવેદનના આધારે ટકતી નથી. તેથી કે ગમે તે કારણે હવે એસ.ટી.ના વડા સત્તાધીશો એવી પોઝિશન લે છે કે ડ્રાયવર હેબતાઇ ગયો કે કોઇ કારણે બ્રેક મારી શકયો જ નહીં અને બસ કેનાલમાં ખાબકી. ડ્રાયવર પર એસ.ટી.ના જે વડા દોષ ઢોળી દે છે તે પાછા તેનો બચાવ પણ કરે છે કે ડ્રાયવર આમ તો સારો હતો. જો ડ્રાયવર સારો ન હતો તે વાત કરે તો પાછા ફસાઇ જવાય કે સારો ન હતો તો

પછી તેને કાઢી કેમ ન મૂકયો કે તેને નોન ડ્રાયવીંગ જોબ પર કેમ ન લઇ ગયા? તેથી ડ્રાયવરના ઓવરઓલ સારાપણાની વાત કરતા કરતા તેના પર આ બનાવ સમયે અતિ ઉસ્સાહમાં ઓવરટેક કરવાનો અને હોનારત કરવાનો આક્ષેપ નખાય છે. તેની સામે છાપાવાળા જૂનો રેકર્ડ શોધી લાવે છે કે બસ ડ્રાયવરનો ભૂતકાળ બે ત્રણ દુર્ઘટનાથી ખરડાયેલો હતો. એસ.ટી.ના કર્મચારીઓનાં નામ આપ્યા વિના એક અહેવાલમાં તેમનો હવાલો આપીને શકયતા દર્શાવવામાં આવી છે કે બસનાં આગલાં ટાયરો તો કયારનાં નિયત ૫૦૦૦૦ કિલોમીટર ફરી ચૂકયાં હતાં તે છતાં તેને બદલવામાં આવેલ નહીં તે કારણે ડ્રાયવરે બ્રેક મારી હોય છતાં ટાયરની ગ્રીપ ના પકડાઇ હોય તેમ પણ બની શકે. અકસ્માતના એકમાત્ર પુરાવારૂપ બસને પણ તા.૧૯/૪ ના રોજ અચાનક બોડેલી ડેપો પરથી ઉઠાવી લેવાઇ અને વડોદરા ખસેડી દેવાઇ. સ્થાનિક સ્તરે બનાવને નબળો પાડી દેવા માટે આમ કરાયાના આક્ષેપો થયા તો સ્થાનિક ડેપો મેનેજરનો ખુલાસો આવ્યો કે બસ વડોદરા ડેપોની હોઇ ત્યાં લઇ જવાઇ છે. પરંતુ તેના બીજા જ દિવસે તે બસને પાછી બોડેલી લાવવામાં આવી. આવાં વિરોધાભાસી પગલાંઓ, કામગીરીઓ અને બનાવબાજીનાં વમળોમાં સત્ય કયાં છે, કેવી રીતે બહાર આવશે, અને આવશે ખરું કે કે કેમ તે પર અનેક પ્રશ્નાર્થો ઊભા થઇ ગયા છે. એસ.ટીના એમ. ડી. અલોરીયા અને જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ તો જાહેર કરી જ ચૂકયા છે કે ડ્રાયવરનો જ વાંક હતો, એસ.ટી. તંત્ર કોઇ રીતે જવાબદાર નથી. એમની ઉપરવટ જઇ તપાસ સમિતિ તેમનાથી વિપરીત કોઇ તારણ કાઢે તો નવાઇ જ ગણાશે.

આ ઘટના પરથી રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકમની કાર્યક્ષમતા પર પણ સવાલ ઊભો થાય જ છે કે નર્મદા કેનાલની હયાતીને પંદરેક વરસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટને પણ લગભગ તેટલાં જ વરસ થવા છતાં રાજ્યમાં કેનાલ ક્રોસિંગ જેવાં અને બીજાં ભયસ્થાનોનો કાં તો નિર્દેશ નથી કરી શકયા કાં તો આ એકમ માત્ર શોભારૂપ રાખવામાં આવેલ છે અને તેનું કોઇ સાંભળતું જ નથી. કેનાલની પાસેના દુકાનદાર વેપારી અલીમુદીન લુહાર કહે છે કે કેનાલ બ્રીજ તો અકસ્માત અને આપઘાતનો ઝોન છે. જો આવી જગ્યાઓને ગંભીર રીતે નહીં લેવાય અને બચાવની વ્યવસ્થા નહીં ઊભી કરાય તો આવી ઘટનાઓનું પુનરાવર્તન નકકી છે. પણ ખૂબીની વાત તો એ છે કે શહેરોમાં જ ફાયરબ્રિગેડ જેવાં બચાવતંત્રો ગોઠવાય છે. ગામડાંઓ તો રામભરોસે જ છે! બનાવની બીજી જ ક્ષણે પસાર થતા એક દૂધવાળા અને બાગકામ કરતા માળીએ ચાર જીવતાં બાળકોને દોરડાં નાંખી બચાવી લીધાં હતાં. અહીં ‘૧૦૮ ઇમરજન્સી એમ્બયુલન્સ’ સેવાની ઝડપી અને અસરકારક કામગીરી બજાવી અને બચાવી લેવાયેલ બાળકોને સમયસર દવાખાને પહોંચાડયાં હતાં. તે જ રીતે નર્મદાના સ્થાનિક કર્મચારીઓએ તરત જ કેનાલના પંદરે પંદર ગેટ બંધ કરી દઇ પાણીની સપાટી જોતજોતાંમાં ઘટાડી દીધી હતી. તે સિવાય સરકારની બચાવટુકડીઓ - વડોદરાથી આવતી ફાયરબ્રિગેડ - બે કલાક પછી આવી તે પહેલાં તો બનાવની જાણ થતાં જ કેનાલના ભોમિયા એવા મચ્છીમારી કરતા ભોઇ અને મુસ્લિમ યુવાનોએ ભરેલી કેનાલમાં ઝંપલાવી દીધું અને લાશો બહાર કાઢવાના કામે લાગી ગયા હતા. એક બાજુ લોકો પોતાના જાનના જોખમે બચાવ કામગીરીમાં લાગેલા હતા તેવામાં જ મોડે મોડે પધારેલ એક ઉચ્ચ પોલીસ અમલદારે તેમનો રુઆબ છાંટવા માંડયો. લોકોને વિખેરવા દમદાટી કરાઇ તેથી અકળાયેલા એક સ્થાનિક આગેવાને તો ઉચ્ચ કક્ષાના તે પોલીસ અધિકારીને લાફો ચોડી દીધો. બે કલાક પછી આવેલ બચાવ ટુકડીઓ પર લોકોનો રોષ સ્વાભાવિક જ પ્રગટે અને આવતી જતી બસો પર પથ્થરમારાના બનાવ પણ બન્યા.

આવી કરુણાંતિકાઓને પણ તકમાં ફેરવવામાં પાવરધા રાજકારણીઓ ચૂકે જ શેના? બધા જ પક્ષના રાજકારણીઓ ઊમટી પડયા, પણ હદ તો ત્યારે થઇ જ્યારે ઘટનાના બીજા જ દિવસે ત્રણ પ્રધાનો રાહતના દોઢ દોઢ લાખ રૂપિયાના ચેકો લઇને લાવલશકર સાથે શોકગ્રસ્ત કુટુંબોને ચેક વિતરણ માટે પહોંચી ગયા! આંખોના રતનને ગુમાવ્યાને અને તેની અંતિમવિધિને હજુ તો ઘડીઓ પણ નથી વીતી, ઘરમાં ચૂલા સળગ્યા નથી તે સમયે ચેક આપવા આવેલા મહાનુભાવોને લોકોના આક્રંદયુકત રોષનો સામનો કરવો પડયો. ‘અમે પૈસાના ભૂખ્યા નથી, અમારી દીકરીઓ પાછી લાવી આપો, આ જ પૈસા કામે લગાડી ગઇ કાલે કેમ કામગીરી હાથ ના ધરાઇ? અમે ફોન પર ફોન કર્યા અને ધારાસભ્યે ફોન ઉપાડયો જ નહી, ૯.૩૦ વાગે અમે કલેકટરને પણ ફોન કરેલ, જે તેમણે ઉપાડેલ નહી અને આજે ચેક આપવા આવ્યા છો!’ આવા આક્રંદ અને વિષાદ વચ્ચે ચેકો અપાયા, માતાપિતાઓએ શૂન્યમનસ્ક પૂતળાની માફક ચેકો પકડયા પરંતુ ઉત્સાહી રાજકારણીઓ બીજા દિવસે આ ખબર ફોટા સાથે આવે તે પાર પાડવાનું ચૂકયા નહી.

ઘટનાની કરુણતાના કારણે સ્થાનિક સ્તરે બોડેલી શહેર અને આસપાસનાં ગામેગામથી લોકો કોમ નાત-જાત જોયા વિના દુઃખમાં સાથે ઊભા રહ્યા અને તેમનાથી શકય તે રીતે મદદ અને હુંફ પૂરાં પાડયાં. સ્થાનિક લોકસમુદાયો ઉપરાંત જિલ્લાનાં બજારો, તમામ શૈક્ષણિક સંસ્થાઓ, નાનાંમોટાં મંડળોએ સહાનુભૂતિ દર્શાવી અને બનતી મદદ ભવિષ્યમાં મૃતકના ભાઇબહેનોને પૂરી પાડવાની તૈયારી જાહેર કરી છે.

(બચાવ કામગીરીમાં લાગેલા યુવાનો તથા ત્યાં હાજર મિત્રો સાથેની વાતચીત અને દિવ્ય ભાસ્કર, સંદેશ, ગુજરાત સમાચારના સઘન અહેવાલોના આધારે) ■

# સ્ત્રીઓ અને શુદ્રોના શિક્ષણના મશાલથી : સાવિત્રીબાઈ ફુલે

*- મેઘા સામંત*

[સામાજિક સુધારણા અને જાગૃતિની દષ્ટિએ મહારાષ્ટ્ર ખૂબ આગળ છે. એને માટે જોતીબા ફુલે જેવા સમાજ સુધારકોનો ફાળો ખૂબ મોટો છે. પ્રસ્તુત લેખમાં ખ્યાલ આવે છે કે જોતીબા ફુલેની સાથે ખભે ખભા મિલાવીને સાવિત્રીબાઈ ફુલેએ સ્ત્રીઓ અને શુદ્રોનાં શિક્ષણ તેમજ સમાજ સુધારણા અંગે જે પ્રદાન કર્યું છે તે કાંઈ નાનુંસૂનું નથી. અહીં એમના નિર્ભય તેમજ પ્રેમાળ વ્યક્તિત્વના દર્શન થાય છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિનના સંદર્ભમાં આવાં આદરણીય વ્યક્તિત્વનાં અદીઠ રહેલાં પાસાંઓની ઝલક આપી છે. સ.]

'મહિલા સેવા મંડળ' નામની પુનાની એક સંસ્થાએ ઈ.સ. ૧૮૫૨ માં હળદીકંકુ કાર્યક્રમ (મહારાષ્ટ્રમાં ઋતુ અનુસાર પરંપરાગત રીતે ગોઠવવામાં આવતું સ્ત્રીઓનું સ્નેહમિલન) યોજ્યો હતો. ઉત્તરાયણ નિમિત્તે રાખેલા આ સમારંભની ખાસિયત એ હતી કે તેના આમંત્રણમાં જ સ્પષ્ટ લખ્યું હતું, 'જે સ્ત્રીઓ નાતજાત-ધર્મમાં માનતી ન હોય, છૂતાછૂત પાળતી ન હોય, તેમણે જ આ સમારંભમાં આવવું. અહીં એક જ શેતરંજી પાથરવામાં આવશે અને બધી બહેનોએ એના પર બેસવું. કોઈપણ સ્ત્રીએ બીજી કોઈપણ સ્ત્રીના હાથે હળદીકંકુ લગાવી લેવું અને તિળગુળ (તલસાંકળી જેવી મીઠાઈ) લેવો.'

આ સમારંભમાં પુનાના બધા જ વર્ગોમાંથી આવતી મહિલાઓની ભીડ જામી હતી. 'મહિલા સેવા મંડળ'નાં અધ્યક્ષા હતાં શ્રીમતી જોન્સ અને મંત્રી હતાં સાવિત્રીબાઈ ફુલે. સ્ત્રીઓ અને શુદ્રોના શિક્ષણનો પાયો નાંખનાર સાવિત્રીબાઈ ફુલેની હમણાં ૧૦ મી માર્ચે પુણ્યતિથિ ગઈ.

મહાત્મા જોતીબા ફુલેનું કામ એટલું છે કે ઘણી વાર સાવિત્રીબાઈનો ઉલ્લેખ ફક્ત 'જોતીબાને સહકાર આપનારી પત્ની' તરીકે જ થયો હોય છે. ખરેખર તો સાવિત્રીબાઈનું કાર્ય અલગ રીતે જોવામાં આવે ત્યારે આશ્ચર્યચકિત થઈ જવાય. દોઢસો વર્ષ પહેલાંના જુનવાણી, રૂઢિચુસ્ત સમાજમાં પરિવર્તન લાવવા માટે સાવિત્રીબાઈએ સ્વતંત્ર રીતે નોંધપાત્ર કામ કર્યું હતું.

સાવિત્રીબાઈનો જન્મ ૩ જાન્યુઆરી, ૧૮૩૧ ના રોજ થયો હતો. નાયગાંવ (જિ. સાતારા) ના નેવશે પાટીલનાં તેઓ એકનાં એક દીકરી. નવ વર્ષની ઉંમરે ત્રણ ભાઈઓની લાડલી બહેને તેર વર્ષના જોતીરાવના જીવનમાં પ્રવેશ કર્યો. એ દિવસ ભારતીય સ્ત્રીમુક્તિ આંદોલનમાં સુવર્ણ અક્ષરે જ લખાવો જોઈએ. સ્વરૂપવાન અને હોંશિયાર સાવિત્રીબાઈની સ્વતંત્ર પ્રતિભા ઝળકવા લાગી. જોતીબા અને સાવિત્રીબાઈએ ઈ.સ. ૧૮૪૮ માં ભારતમાં સૌ પ્રથમ કન્યાશાળા શરૂ કરી. આ સમયે જોતીબા ૨૧ વર્ષના અને સાવિત્રીબાઈ ૧૭ વર્ષનાં હતાં. અત્યારે એક આદ્યશિક્ષિકા તરીકે સાવિત્રીબાઈના નામનો ઉલ્લેખ થાય છે, પણ તેઓ શિક્ષકોને શિક્ષણ આપનારાં પ્રથમ પ્રશિક્ષિકા (ટ્રેઈનર) પણ હતાં. 'નોર્મલ સ્કૂલ'માં પ્રશિક્ષિત શિક્ષકો તૈયાર કરવાનું કામ સાવિત્રીબાઈએ કર્યું.

શુદ્ર-અશુદ્રોની કન્યાઓ માટે ખોલેલી શાળામાં શીખવવાનું કામ એમણે પોતે લીધું. આ કામમાં તેમની બહેનપણી ફાતિમા શેખે પણ સહયોગ આપ્યો. બ્રાહ્મણ કન્યાઓ માટે ચાલતી શાળામાં શીખવવાની જવાબદારી તેમના બ્રાહ્મણ સાથીદારોએ સંભાળી લીધી. ઈ.સ. ૧૮૪૮ થી ૧૮૫૧ દરમિયાન જોતીબા-સાવિત્રીબાઈની શાળા કૂથલી માટેનો સૌથી મોટો વિષય બની. ટીકાનો સૂર એવો હતો કે 'એક માળીની વહુ છોકરીઓને શીખવે છે, તો એ શિક્ષણ કેવું હશે?'

ઈ.સ. ૧૮૫૧માં આ શાળાની છોકરીઓની પરીક્ષા શાળાઓના અધિક્ષક દાદોબા પાંડુરંગ તર્ખડકરે લીધી. આ પરીક્ષા જોવા માટે અભૂતપૂર્વ ભીડ જામી હતી. પરીક્ષકોએ શાળાની તરફેણમાં અભિપ્રાય આપ્યો અને ટીકાકારોનાં મોં બંધ થઈ ગયાં. 'પુના ઑબ્ઝર્વર' સામયિકે તો કહ્યું કે 'આ શાળાની પ્રગતિ સરકારી શાળાઓ કરતાં પણ ઉત્તમ છે.' ખુદ જોતીબાએ કહ્યું, 'આ શાળા શરૂ કરવામાં મેં પહેલ કરી હોવા છતાં, શાળા ચાલુ રાખવા પાછળ સાવિત્રીબાઈનાં દૃઢ નિશ્ચય અને ચીવટ રહેલાં છે.'

શાળામાં શીખવવા જતાં સાવિત્રીબાઈ પર પથરા, કાદવ, છાણનો મારો થતો હતો, એ જાણીતી વાત છે. કાદવ-છાણ વડે ખરાબ થયેલી સાડી બદલવા માટે તેમને હંમેશા બીજી સાડી સાથે રાખવી પડતી. કાદવ-છાણની સોગાદ આપનારા સનાતનધર્મીઓએ સાવિત્રીબાઈને ધમકી આપી, 'કન્યાઓને ભણાવવાનું બંધ કર. નહીં તો હું રસ્તાની વચ્ચે તારી લાજ લૂંટીશ.' ત્યારે સાવિત્રીબાઈ વિફર્યાં અને એ માણસ માથાભારે હોવા છતાં, ખચકાયા વિના તેને સટાસટ લાફા ઠોકી દીધા.

સાવિત્રીબાઇ પિયર ગયાં હતાં, ત્યાં તેમના ભાઇએ દબાણ લાવવાનો પ્રયત્ન કર્યો : તું આ શુદ્રોને શીખવવાનું બંધ કર, એટલે સાવિત્રીબાઇનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠયો. તેમણે કહ્યું, 'જે બ્રાહ્મણ સમાજના કહેવાથી તું શુદ્રોને તુચ્છ ગણે છે, એ સમાજ તમારા બધાની સાથે પણ તુચ્છતાથી વર્તે છે. તુ પોતે ગાય, ભેંસ, બકરી આ બધાંનાં શરીર પર પ્રેમથી હાથ ફેરવે છે, તો શુદ્ર ગાય, ભેંસ કરતાં પણ હીણાં છે? એટલે આ વિચારો તું છોડી દે. મારી જિંદગીનું ભલું શુદ્રોને ભણાવવામાં જ છે, એની મને ખાતરી થઇ ચૂકી છે'.

સમાજના વિરોધથી ગભરાઇને જોતીબાના પિતાજી ગોવિંદરાવે જોતીબાને ઘરમાંથી નીકળી જવાનું કહ્યું. એ વખતે સાવિત્રીબાઇએ જોતીબાને પૂછયું, 'હું શું કરું ?' તમારી સાથે આવીશ તો સમાજ નિંદા કરશે કે વૃદ્ધાવસ્થામાં પિતાને પુત્ર - પુત્રવધૂએ એકલા છોડી દીધા. મારું મન કહે છે કે તમારી સાથે આવી તમારા કાર્યમાં સાથ આપવો.'

જોતીબાએ કહ્યું, 'તારો નિર્ણય તું જ લે'. અને માંડ વીસ વર્ષનાં સાવિત્રીબાઇએ પોતાના મનનું કહ્યું સાંભળીને જોતીબા સાથે જવાનો નિર્ણય લીધો.

ઉપયુક્ત ત્રણ પ્રસંગોમાં પુરુષોના વર્ચસ્વથી ગભરાયા વિના, વિચારપૂર્વક યોગ્ય નિર્ણય લેનારાં સાવિત્રીબાઇનાં દર્શન થાય છે. ૧૮૬૩ માં જોતીબા-સાવિત્રીબાઇએ શરૂ કરેલા 'બાલહત્યા પ્રતિબંધક ગૃહ'માં અનાથ બાલવિધવાઓને આધાર મળવા લાગ્યો અને અનૌરસ સંતાન તરીકે જગતમાં આવતાંની સાથે જ મોતને ભેટનારા અનેક જીવોને જીવન મળ્યું. ''આ કમનસીબ છોકરીઓની સુવાવડ પોતાની સગી દીકરીની સુવાવડ હોય તેવા હેતથી સાવિત્રીબાઇ કરતાં'', એવું જોતીબાએ નોંધ્યું છે.

વિધવાઓના વાળ ઊતરાવવાની બદી વિરુદ્ધ વાળંદોએ કરેલી હડતાળ માટેની પ્રેરણા તેમને સાવિત્રીબાઇ પાસેથી જ મળી હતી. સાવિત્રીબાઇએ નિરાધાર સ્ત્રીઓ માટે ઉદ્યોગ-ધંધો શરૂ કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો. સતત પાછળ પડીને જોતીબાના મિત્ર વાળવેકર પાસે સાવિત્રીબાઇએ સ્ત્રીઓ માટે 'ગૃહિણી' નામનું માસિક પણ શરૂ કરાવ્યું.

ક્રાંતિકારી વિચાર કરનારાં અને આધુનિક પગલાં ભરનારાં સાવિત્રીબાઇ લેખિકા અને કવયિત્રી પણ હતાં. 'કાવ્યફૂલે' (૧૮૫૪) અને 'બાવનકશી સુબોધરત્નાકર' (૧૮૯૨)એ તેમનાં કાવ્યસંગ્રહો છે. આ ઉપરાંત 'જોતીબાનાં ભાષણો' (૧૮૫૬), 'સાવિત્રીબાઇના જોતીબાને પત્રો', 'માતૃશ્રી સાવિત્રીબાઇનાં ભાષણો' (૧૮૯૨) જેવાં પુસ્તકો પણ સાવિત્રીબાઇ પાસેથી મળ્યાં છે.

સાવિત્રીબાઇ હંમેશાં ગરીબોને ખાવાનું તથા કપડાં આપતાં રહેતાં, એટલે જોતીબા ક્યારેક તેમને કહેતા, 'આટલો ખર્ચો ન કરવો.' આ વાત પર ઝીણું હસીને, 'સાથે શું લઇ જવાનું છે?' એવું સાવિત્રીબાઇ પૂછતાં. પછી જોતીબા શાંત મુદ્રામાં ચૂપચાપ બેસી જતા. બન્ને વચ્ચે પ્રેમ અને આદરનો આનાથી મોટો પુરાવો કયો હોઇ શકે?

જોતીબાની છેલ્લી લકવાગ્રસ્ત જેવી અવસ્થામાં તેમની પ્રેમથી સારસંભાળ લેનારાં સાવિત્રીબાઇએ જોતીબાના મૃત્યુ પછી મક્કમતા દાખવી. સ્મશાનયાત્રા વખતે દોણી પકડનારને વારસાહક મળે એવી પ્રણાલી હતી. ફુલે દંપતિએ એક બ્રાહ્મણ બાલ વિધવાના અનૌરસ સંતાન યશવંતને દત્તક લઈને ઉછેરીને ડોકટર બનાવેલો, એને દોણી પકડતા જોતીબાના ભત્રીજાએ અટકાવ્યો. સાવિત્રીબાઇ બિલકુલ ડગ્યાં નહીં. પોતે દોણી પકડીને આગળ ચાલવા લાગ્યાં. એટલું જ નહીં, તેમણે પોતે જોતીબાના પાર્થિવ દેહને અગ્નિ આપ્યો. ભારતના ઇતિહાસમાં પતિના દેહને અગ્નિ આપનારાં સાવિત્રીબાઇ પ્રથમ મહિલા હશે. જોતીબાના અસ્થિ ઘરની પછીતે પૂરી સાવિત્રીબાઇએ ત્યાં જ તુલસીક્યારો કર્યો. જોકે જોતીબાનું આવું સીધુંસાદું સ્મારક ઊભું કરનારાં સાવિત્રીબાઇએ તેમનાં કાર્યોનો વારસો ધગશથી આગળ ધપાવ્યો. ૧૮૯૩ ની સત્યશોધક પરિષદનાં તેઓ અધ્યક્ષા હતાં.

ઇ.સ. ૧૮૯૩ ના કારમા દુકાળમાં અને ૧૮૯૭ ના પ્લેગમાં લોકસેવાનાં કામ કરનારાં સાવિત્રીબાઇનું મૃત્યુ પણ એક લડવૈયાની માફક થયું. એક દલિત છોકરાને પ્લેગ થયો છે, એવી ખબર પડતાં જ તેને ખભા પર નાખી દોડતા દવાખાને ગયાં. એમાં સાવિત્રીબાઇને પણ ચેપ લાગ્યો અને ૧૦ માર્ચ, ૧૮૯૭ના રોજ આ ક્રાંતિજ્યોતિ-જ્ઞાનજ્યોતિ બુઝાઇ ગઇ.

સાવિત્રીબાઇનું સ્મારક તેમનો જ્યાં જનમ થયો તે ગામ નાયગાવમાં બનાવવામાં આવ્યું છે, પણ તેમનું સાચું સ્મારક એટલે મહારાષ્ટ્રના કસબેકસબે અને ગામડેગામડે પહોંચેલું સ્ત્રીશિક્ષણ. એ સ્મારક જ ચિરંતન છે. ■

*(મૂળે પૂનાના મરાઠી દૈનિક 'સકાળ'માં પ્રકાશિત લેખના અનુવાદક મેઘશ્રી ભાવે છે. આ લેખ 'દલિત અધિકાર' (તા. ૧/૩/૦૮)માંથી સારવીને સાભાર લીધો છે.)*

# ડાબેરી-જમણેરી વચ્ચે મધ્યમ માર્ગ શક્ય છે ?

*- દિનેશ શુક્લ*

અર્થશાસ્ત્રના એક પ્રોફેસર આર્થિક ચિંતનમાં ડાબેરી અને જમણેરી વિચારધારા વિષે પ્રવચન આપતા હતા. જેમ કોઇ સારો વિદ્વાન પ્રોફેસર કરે તેમ તેમણે બન્નેના ગુણદોષની સુંદર ચર્ચા કરી. પણ પોતાનો ઝુકાવ કઇ તરફ છે, એ જણાવા ન દીધું. અધીરા થયેલા એક વિદ્યાર્થીએ પૂછયું કે સાહેબ એ બધું તો ખરું પણ બન્નેમાંથી કઇ વિચારધારા સારી અને સ્વીકારવા જેવી તે વિષે આપે તો કશું કહ્યું નહીં. અમારે શું માનવું? જરા વિચાર કરીને પ્રોફેસરે જવાબ આપ્યો, 'રાઇટ' ઇઝ 'રાઇટ' એબાઉટ હ્યુમન નેચર એન્ડ લેફ્ટ ઇઝ 'રાઇટ' એબાઉટ 'જસ્ટીસ'. મનુષ્ય સ્વભાવ વિષે જમણેરી વિચારધારા સાચી છે જ્યારે ન્યાયની બાબતમાં ડાબેરી વિચારધારા સાચી છે. કઇ વિચારધારા સારી અને સ્વીકારવા જેવી એનો નિર્ણય હું તમારા પર છોડું છું.

એનો અર્થ એ થાય કે જમણેરી વિચારધારા ન્યાયની ઝાઝી ચિંતા કરતી નથી. એને મન એ મુખ્ય ધ્યેય નથી. જમણેરી (મૂડીવાદી) વિચારધારાને કારણે સંચાલિત અર્થવ્યવસ્થા થકી ન્યાય સ્થાપિત થાય તો તેની આડપેદાશ કહેવાય. ન્યાય સ્થાપિત થાય પણ ખરો, ન પણ થાય, કારણ એ એનું લક્ષ્ય નથી. બીજી બાજુ, ડાબેરી (સમાજવાદી-સામ્યવાદી) વિચારધારાનું મુખ્ય ધ્યેય સામાજિક ન્યાય છે, અથવા કમસે કમ, એવો એનો દાવો છે. પણ મનુષ્ય મુખ્યત્વે કરીને સ્વહિત-પરાયણ છે, કહો કે સ્વાર્થી છે. મનુષ્ય- સ્વભાવના તે પાસાને તે ધ્યાનમાં લેતી નથી. અને કોઇપણ વિચારધારા અથવા તે પર આધારિત વ્યવસ્થા મનુષ્ય-સ્વભાવથી સાવ વિપરીત હોય તો તે લાંબે ગાળે સફળ થતી નથી. ટૂંકમાં, મનુષ્યે વિચારેલી કોઇપણ વિચારધારા અથવા તેના પાયા પર રચાયેલી કોઇપણ સીસ્ટમ સંપૂર્ણ હોતી નથી. તેનામાં કોઇક ને કોઇક ઊણપ તો હોવાની.

ડાબેરી વિચારધારા માટે એવું કહેવાય છે કે તેમાં માનનારાઓ એવું માની લે છે કે એક વાર તમે ન્યાયનું ધ્યેય સ્વીકારો એટલે અર્થતંત્રો એ ઉદાત્ત ધ્યેય અનુસાર ચાલશે. સમાજમાં ન્યાયની પ્રતિષ્ઠા એક સ્વમેવ મૂલ્ય છે, એ સ્વયં શુભ આશય છે. પણ મનુષ્યના વાસ્તવિક આર્થિક વર્તનમાં તે પ્રતિબિંબિત થતું નથી. શુભ આશયોથી ઘડવામાં આવેલી નીતિઓ અને કાર્યક્રમો કાં તો જેમના માટે ઘડવામાં આવ્યા છે તેમને પહોંચતા નથી અને અમુક કિસ્સાઓમાં તો તે તેમને માટે હાનિકર્તા પુરવાર થાય છે. નબળા વર્ગો માટે આપવામાં આવતી સબસિડીઓનો ખરેખર લાભ એ વર્ગોના લોકોને મળતો નથી. એ આપણો અનુભવ છે.

જમણેરી વિચારધારામાં માનનારાઓ મનુષ્યને મુખ્યત્વે એક આર્થિક મનુષ્ય તરીકે ઘટાવે છે. 'રેશનલ ઇકોનોમિક' મેન હંમેશા પોતાના હિતમાં વિચારીને જ વર્તન કરે છે, એ એમની ધારણા છે. અને બધા મનુષ્યો આ રીતે વિચારીને વર્તતા હોવાથી સરવાળે સૌનું હિત સધાય છે, સરવાળે સૌને લાભ થાય છે. અને જો સૌનું હિત સધાતું હોય તો 'ન્યાય'નો પ્રશ્ન આપોઆપ ઊકલી જાય છે. આથી આ વિચારણામાં ન્યાયને એક અલગ પ્રશ્ન તરીકે કે સ્વતંત્ર રીતે વિચારવાનો કોઇ સવાલ જ ઊભો થતો નથી. કદાચ ન્યાયનો પ્રશ્ન એમને બહુ મૂંઝવતો પણ નથી.

આટલી છણાવટ પછી ક્યારેક એવું લાગે છે કે ડાબેરીઓ જવાબદારી વગરના આદર્શવાદમાં રાચે છે, તો જમણેરીઓ ન્યાયની પરવા કર્યા વિના એટલે પોતાની પોતાના સિવાય બીજાઓ પ્રત્યે કોઇ જવાબદારી છે જ નહીં, એવી માનસિકતામાં રાચે છે.

ડાબેરી વિરુદ્ધ જમણેરી વિચારધારાની આ કશ્મકશમાં રાજ્યની ભૂમિકાની ચર્ચા કરવી જરૂરી બને છે. ડાબેરીઓ ન્યાય-સ્થાપનના સંદર્ભમાં રાજ્યની ભૂમિકા પર વિશેષ મદાર રાખે છે. જો રાજ્યને આપણે જાહેર સત્તા (પબ્લિક પાવર)નું અધિકારિતાપૂર્ણ માળખું ગણતા હોઇએ અને એ જાહેર સત્તા સત્તાધારકો (લોકશાહીમાં ખાસ) લોકો વતી અને લોકો માટે ભોગવે છે, એમ સ્વીકારીએ તો અર્થતંત્રના સુચારુ સંચાલનમાં અને તેના ફળસ્વરૂપ ચીજવસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થાય તેના સમતામૂલક ન્યાયી વિતરણમાં રાજ્યે નિર્ણાયક ભૂમિકા ભજવવી રહી.

સિદ્ધાંતમાં આ વાત તર્કસંગત છે. પણ રાજ્ય એટલે વ્યવહારમાં સરકાર અને આપણા જેવા લોકશાહી દેશમાં સરકાર એટલે સંસદ, વડા પ્રધાન કેબિનેટ પ્રધાનમંડળ અને વહીવટીતંત્ર. એટલે આમ તો રાજકીય પક્ષો અને રાજકારણીઓ જ્યાં સુધી સરકારના આ બધા કરતા - કારવતા ન્યાયની ઉચ્ચ, ઉદાત્ત ભાવનાથી ભીંજાયેલા ન હોય તો 'ન્યાય'ને ચરિતાર્થ કરવા તાકતી ગમે તેટલી સારી નીતિઓ અને કાર્યક્રમો ઝાઝા અસરકારક પુરવાર થતા નથી. આ બધાનો જો કાર્યક્ષમ, પારદર્શક અને જવાબદારીપૂર્વક અમલ ન થાય તો અપેક્ષિત ઉદ્દેશો સિદ્ધ થઇ શકે નહીં, એવો આપણો અનુભવ છે. વધતે ઓછે અંશે જમણેરી અર્થશાસ્ત્રીઓ કહે છે કે અમે પણ સામાજિક કલ્યાણમાં માનીએ છીએ. સામાજિક કલ્યાણની અમુક માત્રા સિવાય જમણેરી મૂડીવાદી વિચારધારા

લોકસ્વીકૃતિ (લેજિટિમસી) પ્રાપ્ત કરી શકે નહીં, ઉદારમતવાદી લોકશાહીમાં તો ખાસ. પશ્ચિમમાં ઉદારમતવાદી લોકશાહીએ નિર્ભેળ મૂડીવાદની આત્યંતિકતાઓને હળવી અથવા મોડરેટ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ઉદારમતવાદી લોકશાહીના સંસ્પર્શ વિના મૂડીવાદ કેવો નિષ્ઠુર અને ફાસીવાદી વાઘાં ધારણ કરી શકે, એનો અનુભવ પશ્ચિમે કર્યો છે. તો બીજી બાજુ, ડાબેરી વિચારધારાને વરેલી સામ્યવાદી શાસનપ્રથાઓએ સમાનતા અને ન્યાયને નામે વ્યક્તિસ્વાતંત્ર્ય અને વ્યક્તિની પહેલશક્તિને કચડી નાંખવામાં પાછું વળીને જોયું નથી.

ઉદારીકરણ, ખાનગીકરણ, પશ્ચિમીકરણના દોઢેક દાયકાના સારા-માઠા અનુભવના સંદર્ભમાં આપણે ત્યાં ડાબેરી - જમણેરી વિવાદ ફરી એક વાર શરૂ થયો છે. ડાબેરીઓ એવું માનતા લાગે છે કે શુભ આશયોથી રાજ્યનાં નાણાં ખર્ચવામાં આવે તો આપણા બધા પ્રશ્નો (ગરીબી, બેકારી, નિરક્ષરતા, કુપોષણ વગેરે) ઉકેલી શકાય તેમ છે. જમણેરીઓ એવું માનતા નથી. એમ કરવાથી જાહેર નાણાં વેડફાઇ જશે અને પ્રશ્નો હતા ત્યાંના ત્યાં જ રહેશે. આરંભના ચાર દાયકાનો આપણો અનુભવ છે.

આર્થિક સુધારામાં માનતા જમણેરીઓ મુક્ત બજારો, મિલકતના અધિકારોનું રક્ષણ, જાહેર સાહસોનું ખાનગીકરણ, શ્રમિકોના કાયદાઓમાં ફેરફારો, ખાધ વગરના સમતોલ બજેટો, સરકારોના બિનઉત્પાદક ખર્ચ પર કાપ વગેરે મુદ્દાઓ પર ભાર મૂકે છે. રાજ્યે ઉત્પાદક કે વિતરક તરીકે નહીં પણ ‘નિયંત્રક’(રેગ્યુલેટર) અને ‘ધોરણસ્થાપક’ (નોર્મ સેટર) તરીકે વધુ અસરકારક ભૂમિકા ભજવવી જોઇએ, એવું તેઓ માને છે. તો ડાબેરીઓ સામાજિક સલામતી, રોજગારી ગેરન્ટી યોજના, કલ્યાણલક્ષી કાર્યક્રમો, સમાજના નબળા-હાંસિયામાં ધકેલાયેલા સમૂહો માટેની ખાસ યોજનાઓ પર ભાર મૂકે છે. રાજ્ય પહેલાં પોતાનું ઘર વ્યવસ્થિત કરે એના પર જમણેરીઓ ભાર મૂકે છે. ન્યાયનો તકાદો ત્યાં સુધી રાહ જોઇ શકે તેમ નથી, એવું ડાબેરીઓ જણાવે છે.

ભારતમાં ડાબેરી-જમણેરી વચ્ચે ચાલતો આ વિમર્શ રાત્રિના અંધકારમાં ચાલતા બે જહાજો જેવો છે. જો બન્ને એક બીજા પર સર્ચલાઇટ ફેંકે તો ખ્યાલ આવે અને તો પરસ્પરની કેટલી ગેરસમજો દૂર થઇ શકે તેમ છે. રોજગારી ગેરન્ટી યોજના વિષે આપણે ત્યાં જે વાદવિવાદ ચાલે છે, તે એનું સારું ઉદાહરણ પૂરું પાડે છે. જમણેરીઓ માને છે કે આ યોજના વહીવટી દૃષ્ટિએ ચાલી ન શકે તેવી અને નાણાંકીય રીતે ડહાપણભરી નથી. તેમની વાતમાં તથ્ય નથી, એવું નથી. તો પછી શું કરવું? યોજના જ પડતી મૂકવી એ કંઇ ઉકેલ નથી. અત્યારે આપણે ત્યાં સંપત્તિનું જે સર્જન થઇ રહેલું છે, તેનો સમાજના મોટા હિસ્સાને લાભ મળે, એ દિશામાં આપણે વધારે સર્જનાત્મક રીતે, કદાચ નવેસરથી વિચારવું પડે. અત્યારે જે રીતે યોજનાનો અમલ થઇ રહ્યો છે, તેની ઘણી ઊણપો બહાર આવી છે. એ ઊણપો કેવી રીતે દૂર કરવી, એ દિશામાં ડાબેરીઓ અને જમણેરીઓએ નવેસરથી વિચારવું જોઇએ.

ડાબેરીઓ અને જમણેરીઓ વચ્ચે આ બધા મુદ્દાઓ વિષે ખુલ્લા મનથી જે ચર્ચા થવી જોઇએ તે કમનસીબે થતી નથી. ક્યારેક એવું લાગે છે કે તેમની વચ્ચેની નિખાલસ ચર્ચામાં તેમનાં રાજકીય-બૌદ્ધિક સ્થાપિત હિતો વચ્ચે આવે છે. બન્ને એકબીજા પર દંભ આચરવાના આક્ષેપો કરે છે અને અરસપરસની દલીલોની ઉપેક્ષા કરે છે. દાખલા તરીકે સંગઠિત શ્રમિકો એ ડાબેરીઓના રાજકીય સમર્થકોનો એક મોટો હિસ્સો છે. શ્રમિક કાયદાઓમાં ફેરફારનો તેઓ વિરોધ કરે છે. પણ હાલના સંગઠિત શ્રમિકોનાં હિતોના રક્ષણમાં ઊભી થનારી નવી રોજગારીની તકોની તેઓ ઉપેક્ષા કરે છે. સંગઠિત શ્રમિકોના તેઓ હિતેચ્છુ છે પણ હાલના અને ભવિષ્યના શ્રમબજારમાં પ્રવેશનાર અસંગઠિત શ્રમિકોનું શું, તેનો તેઓ વિચાર કરતા નથી. બીજી બાજુ, જમણેરીઓ જાણેઅજાણે મૂડીવાદીઓ, મોટા ઉદ્યોગપતિઓ, ઔદ્યોગિક ગૃહોના જાણે સમર્થકો હોય એ રીતે ડાબેરીઓની દલીલ અને સૂચનોનો વિરોધ કરે છે. બજારતરફી આર્થિક સુધારાનો પ્રખર સમર્થક પણ આર્થિક વૃદ્ધિને કારણે ઊભા થયેલા સામાજિક પડકારો પ્રત્યે આંખમીંચામણાં કરી શકે તેમ નથી. એણે એટલું તો સમજવું જોઇએ કે આ સામાજિક પડકારો આગળ જતાં ગંભીર રાજકીય પડકારોનું સ્વરૂપ ધારણ કરી શકે તેમ છે!

સૈદ્ધાંતિક સ્તરે ચાલતા આ વિમર્શને નક્કર વ્યવહારના સ્તરે લાવવાની જરૂર છે. બન્ને વચ્ચે કોઇ મધ્યમ માર્ગ શક્ય છે, એ દિશામાં આપણી ખોજ હોવી જોઇએ. જેમકે : એક બાજુ આપણે ખોટ કરતાં જાહેર એકમોનું ડીસઇન્વેસ્ટમેન્ટ કરીએ. સાથે સાથે સામાજિક ક્ષેત્રમાં થતા ખર્ચમાં વધારો કરીએ. શ્રમબજારને વધુ મુક્ત અને લવચીક બનાવીએ તો સાથે સાથે શ્રમિકોને વધુ સામાજિક રક્ષણ પૂરું પાડીએ. સુશાસન અને ન્યાયના તકાદાઓનો સમન્વય કરવાનો પ્રયાસ કરીએ. સંપત્તિના સર્જન પરના કૃત્રિમ અવરોધો દૂર કરતા જઇએ અને સાથે સાથે તેમના ન્યાયી, સમતાપૂર્ણ વિતરણનાં નવાં તંત્રો કે માળખાં ઊભાં કરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરીએ.

આપણા માનસમાં રચાયેલાં વિચારધારાકીય જાળાં જો દૂર કરીએ તો આકાર લેતા નવા વાસ્તવને આપણે વધારે સ્પષ્ટ રીતે જોઇ શકીએ. તો ન્યાય અને મનુષ્યસ્વભાવ વચ્ચેના વિરોધાભાસને આપણે દૂર કરી શકીએ. ■

# વિકાસના નામે આ શું થઈ રહ્યું છે ?

*- અંબરીષ મહેતા*

ગયા અંકમાં ગુજરાત ચૂંટણીનાં પરિણામોનાં પરિમાણોની ચર્ચા કરતી વખતે વીજળી-સડક-પાણીને લગતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસનાં કામોની ચર્ચા કરેલી અને એને લાભ સમાજમાં વ્યાપકપણે વધતે ઓછે અંશે સૌને મળે છે એ વાત પણ કરેલી. ત્યારે એમાં આ વિકાસના નામે આપણે ત્યાં શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા કે ગામડાઓમાં ગોચર કે સરકારી પડતર જમીનોમાં રહેતા કે ખેતી કરતા હજારો પરિવારોનાં ઘર-જમીનો પર બુલ-ડોઝરો ફેરવી દઈને તેમને ત્યાંથી હાંકી કાઢવાની જે વ્યાપક ઝૂંબેશ ચાલી રહી છે તેની ચર્ચા નહોતી કરી. (શરૂના ડ્રાફ્ટમાં આ સવાલનો ઉલ્લેખ હતો, પણ પાછળથી જે સુધારાઓ કર્યા તેમાં એ વાત નીકળી ગયેલી.) ખેર, એ તો સ્પષ્ટ છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસના લાભ વ્યાપકપણે સૌને મળી રહ્યા છે - ની વાત કરીએ ત્યારે એમાં આ પરિવારોનો સમાવેશ નથી જ થતો. તેઓ તો એનો ભોગ બની રહ્યા છે અને વર્ષોની મહેનતથી જે ઘર-ઝૂંપડા અને આજીવિકાનાં સાધન તૈયાર કરેલાં તે ગુમાવી રહ્યા છે અને ભરઉનાળે માથા પરથી છાપરું ગુમાવી રહ્યા છે.

ચૂંટણી પછી આ પ્રક્રિયાએ ફરી જોર પકડ્યું છે અને ઠેર ઠેર લોકોનાં ઘરો પર આ રીતે બુલડોઝરો ફેરવી દઈને તેમને તગેડી મૂકવાના સરકારી પ્રયત્નોની વાતો આવી રહી છે. આ અંકમાં આવા બે કિસ્સાની ચર્ચા કરી છે. એક કિસ્સો સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મુડેટી ગામનો છે. ત્યાં ગામની ગોચરની જમીન પર વરસોથી પોતાનાં ઘરો બાંધીને રહેતા અને ખેતી કરતા ૨૫ આદિવાસી પરિવારોને ત્યાંથી ખદેડી મૂકવાની કોશિશો થઈ રહી છે અને જે.સી.બી.ની મદદથી એમનાં ઘરો તોડી પડાયાં છે. બીજો કિસ્સો પાટનગર ગાંધીનગરનો છે, જ્યાં વરસોથી સરકારી જમીન પર રહેતા કારીગરો અને અન્ય લોકોના ૧૩૦૦ જેટલાં ઘરો બે જ દિવસમાં બુલડોઝરોની મદદથી નિર્મમતાથી ધરાશાયી કરી દેવાયાં અને પાણીનાં કનેકશન પણ કાપી નંખાયાં.

આ બંને કિસ્સામાં એક બાબત આંખે ઊડીને વળગે છે તે એ કે ચૈત્ર મહિનાના બળબળતા તાપમાં આ પરિવારોનાં ઘરો તોડી પાડવાની ખરેખર કોઈ જરૂર જ નહોતી. અને છતાં ચાહીને એ કરાયું. મુડેટીની વાત કરીએ તો જેને માટે થઈને આ કરાયું તે એસ.આર.પી.ના કેમ્પ માટે ત્યાં એ જ ગામમાં એ જ સર્વે નંબરની બીજી વૈકલ્પિક જમીન ઉપલબ્ધ છે જ, જ્યાં સહેલાઈથી એ કેમ્પ બની શકે એમ છે. અને છતાં ચાહીને આ જ પરિવારોની જમીનમાં એ કેમ્પ બનાવવાની હઠ પકડવામાં આવી છે અને એમને ત્યાંથી ખદેડવાની કોશિશો થઈ રહી છે. ગાંધીનગરની વાત કરીએ તો ત્યાં તો ૨૦૦૩માં જ આ અને બીજા પરિવારોને વૈકલ્પિક જમીન આપવા માટેનો પરિપત્ર બહાર પાડવામાં આવેલો છે અને એ માટેની જમીન પણ ડિમાર્કેટ થઈ ચૂકી છે. અને લોકો ત્યાં ખસી જવા રાજી પણ છે. અને છતાં આજદિન સુધી એમને એ જમીનો સોંપવામાં આવી નથી. એમને એ જમીનો સોંપી દેવામાં આવે તો બહુ સહેલાઈથી લોકો પોતાની મેળે જ ત્યાં ખસી જાય એમ છે. પરંતુ એ સીધો રસ્તો અપનાવવાને બદલે અત્યંત બેરહેમીથી એમનાં ઘરો તોડી પડાયાં અને પાણીનાં કનેકશન પણ કાપી નંખાયાં ! આમાં કોંગ્રેસને મત આપનારાઓને પાઠ ભણાવવાની રાજકીય કિન્નાખોરી પણ કામ કરી રહી હોવાની વાતો સાંભળવા મળે છે. મૂડેટીના સરપંચ તો ખુલ્લેઆમ કહેતા ફરે છે કે ગામના સો એ સો ટકા મત ભાજપને જ મળવા જોઈએ અને એમ નહીં કરનારાઓને ત્યાં કોઈ સ્થાન નથી. તે જ પ્રમાણે ગાંધીનગરના આ લોકો પણ આ પ્રશ્ને ત્યાંના ધારાસભ્યને મળવા ગયા ત્યારે તેમને એમ સાંભળવા મળેલું કે તમે તો કોંગેસને મત આપેલોને, તો પછી ત્યાં જાવ, અમારી પાસે શા માટે આવો છો ?

## શું ઝૂંપડપટ્ટીઓ શહેર પરના 'ધબ્બા' છે ?

એ તો સ્પષ્ટ છે કે મધ્યમ તેમજ ઉપલા વર્ગના લોકો આ ઝૂંબેશને વ્યાપકપણે ટેકો આપી રહ્યા છે. થોડાં વરસો પહેલાં સુધી છેક આવું નહોતું. ગરીબ લોકોની આવી ખોટી કનડગત સામે મધ્યમ વર્ગના લોકો પણ અવાજ ઊઠાવતા જેને લીધે સરકારી તંત્ર પર થોડી લગામ રહેતી. આજે તો હવે છાપાં સુધ્ધાં આવા બનાવોની ખાસ નોંધ નથી લેતાં. આમ એક માન્યતા એ કામ કરી રહી છે કે ઝૂંપડપટ્ટીઓ અને સરકારી જમીનો પર આ બધા લોકો તો 'ગેરકાયદેસર' રીતે રહી રહ્યા છે અને એ તો શહેર પરના 'ધબ્બા' (blights) છે, જે હટાવી દેવામાં આવે તો જ શહેર સુંદર અને સ્વચ્છ બને. પરંતુ અહીં એ ભૂલાઈ જાય છે કે ઝૂંપડપટ્ટીઓમાં રહેનારા હજારો-લાખો મહેનતકશ લોકો શહેરને ચલાવવામાં અમૂલ્ય ફાળો આપી રહ્યા છે. જો આ તમામ લોકો ખરેખર સરકાર અને મધ્યમ વર્ગના લોકો ઈચ્છે છે એમ અદૃશ્ય થઈ જાય અને અહીંથી જતા રહે તો

શહેરના બાકીના લોકોનાં જીવન ઠપ્પ થઇ જાય અને શહેરના અર્થતંત્રને લકવો થઇ જાય એમાં કોઈ શંકા નથી. છતાં, જ્યારે ઝૂંપડપટ્ટીને હટાવવાની વાત આવે છે, ત્યારે આ પાયાની હકીકત વિસરાઇ જાય છે.

## શું એનો ઉપાય આ તોડફોડમાં રહેલો છે ?

બીજી વાત એ છે કે ગમે તેટલી વાર આમ બુલડોઝરો કેમ ફેરવી દેવામાં આવે કે લોકોના પાક સળગાવી દેવામાં આવે તો પણ એનાથી કોઈ કાળે આ સમસ્યા હલ નહીં થાય. બુલડોઝર જાય કે તરત જ લોકો પાછા ત્યાં કબજો જમાવી રાખે છે અને ફરી નવાં ઝૂપડાં બાંધે છે. દુનિયાભરમાં આ જ જોવા મળ્યું છે. મુડેટી અને ગાંધીનગરના લોકો પણ હજી ત્યાં જ પગદંડો જમાવીને બેઠા છે. આમ થવાનું કારણ પણ સ્પષ્ટ છે. વરસોથી ખૂન-પસીનો એક કરીને નાની તો નાની પણ જે મિલકતો એમણે ઊભી કરી છે તે સરકારી ચોપડે ભલેને 'ગેરકાયદેસર' ગણાતી હોય, પરંતુ લોકોને મન તો એ એમની પોતાની મિલકતો છે અને એનો કબજો કંઇ એમ જ નહીં છોડી દે. આમ, આ કોઈ પણ જાતના પરિણામ વિનાની વ્યર્થ તોડફોડની કવાયતો જ બની રહે છે. અને છતાં એ જ ચાલુ રખાય છે અને હજારો લાખો ગરીબ લોકોને ખોટી રીતે રંજાડવામાં આવે છે.

## સાચો ઉપાય શું છે ?

ત્રીજી વાત એ કે ઝૂંપડપટ્ટી કે 'ગેરકાયદેસર' કબજાની આ સમસ્યાનો સાવ સીધો અને કારગર ઉપાય મોજૂદ છે. એ છે એમના કબજા હેઠળની આ જમીનો રસ્તા અને પ્લોટો પાડીને તેમજ પાણી અને ગટરની લાઈનો નાંખીને એમને નામે કરી આપવાનો. આ અંગે 'ખોજ'ના નવેં-ડિસે. ૨૦૦૬ના અંકમાં વિગતે ચર્ચા કરી જ હતી. પરંતુ એના પર ફરી એક નજર નાંખી જવા જેવી છે. મૂળ વાત એ છે કે વરસોથી હોવા છતાં આ ઝૂંપડપટ્ટીઓ હજીયે ઝૂંપડપટ્ટી રહી છે એનું મૂળ કારણ જ એ છે કે તેમને 'ગેરકાયદેસર' ઠેરવી દેવામાં આવી છે અને ત્યાં રહેનારાઓને, તેમણે જે જમીન ઉપર ખૂન-પસીનો એક કરીને ઊભી કરેલી મિલકતો પર જે માલિકી હક્ક અપાવા જોઈએ તે આપવામાં આવ્યા નથી. એ જો આપી દેવામાં આવે અને આ જમીનો એમના નામે કરી દેવામાં આવે તો થોડાં જ વરસોમાં જોતજોતામાં એમની આખી સિકલ જ બદલાઈ જશે. અને 'કાયદાના દાયરા'ની બહાર રહી ગયેલા આ લોકો કાયદાના દાયરાની અંદર આવી જશે અને વેરો ભરીને શહેરની આવકમાં પણ પોતાનું યોગદાન આપી શકશે. દુનિયામાં જ્યાં જ્યાં આ સમસ્યા હલ કરી દેવામાં આવી છે ત્યાં બધે આ જ ઉકેલ કારગર નીવડ્યો છે. બાકીના બધા ઉપાય વ્યર્થ ઉધામા જ સાબિત થયા છે. અને છતાં આ સીધો અને કારગર ઉપાયને બદલે ઘરો તોડી પાડવાના વ્યર્થ ઉધામા ચાલ્યા કરે છે.

ચોથી વાત એ છે કે આ માત્ર વાસ્તવિકતા સ્વીકારીને તેમાંથી વ્યવહારુ માર્ગ કાઢવાની જ વાત નથી. તેના પાયામાં નૈતિક અને કાયદાકીય મુદ્દાઓ પણ રહેલા છે. જમીન કે અન્ય કુદરતી સંસાધનો ઉપર અત્યાર સુધીમાં જે માલિકી હક્કો ઊભા થયા છે તેના મૂળમાં પણ કુદરતી અવસ્થાની ખુલ્લી જમીનમાં મહેનત કરીને તેને ઉત્પાદક બનાવવાની વાત રહેલી જ છે. જ્હોન લોક જેવા વિદ્વાને કહ્યું છે તેમ જમીન કે જળ જેવાં સંસાધનો તો કુદરતની જ દેણ છે અને એ રીતે કોઈ સરકાર કે વ્યક્તિની માલિકીનાં ન હોઈ શકે, પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ એના કોઈ ટુકડાને પોતાની મહેનતથી સાફ કરીને એમાં ખેતી કરે કે ઘર બનાવે ત્યારથી જ જમીનના એ ટુકડા ઉપર એ કુદરતી માલિકી હક્ક પ્રાપ્ત કરે છે, જેને સમાજના બીજા લોકો પણ માન્ય રાખે છે. દુનિયાના બધા વિસ્તારોમાં, બધી સંસ્કૃતિઓમાં વ્યક્તિગત માલિકી હક્કોનો સ્વીકાર જોવા મળે છે. કાયદાનું કામ તો સામાજિક સ્તરે હકીકતમાં પ્રસ્થાપિત થઈ ચૂકેલા આ માલિકી હક્કોને ઔપચારિક માન્યતા અને રક્ષણ આપવાનું છે. પરંતુ એનો અર્થ એ નથી કે એ હક્કો કાયદામાંથી ઉદ્‌ભવે છે. એ હક્કો તો જ્યારે પણ કોઈ વ્યક્તિ કોઈ ખુલ્લી જમીન સાફ કરીને એનો ઉપયોગ શરૂ કરે અને આસપાસના લોકો વ્યવહારમાં એને માન્યતા આપવા માંડે ત્યારથી જ સ્થપાઈ જાય છે. કાયદો એને માન્યતા આપવામાં પાછો પડે તો એ કાયદાની ત્રુટિ કે અધૂરપ છે, નહીં કે લોકોના અધિકારોની. ખરેખર તો સંપત્તિને લગતા કાયદામાં પણ લાંબા સમયના શાંત પ્રત્યક્ષ કબજા ('pre-emption' કે 'adverse possession')ને માલિકી હક્કની બુનિયાદ ગણવામાં આવી છે. આમ, ખરેખર તો આ કહેવાતા 'ગેરકાયદેસર' લોકોએ પોતાની મહેનતથી સાફ સફાઈ કરીને આ જમીનો પર પોતાનાં ઝૂંપડાં-મકાનો બાંધીને રહેવાનું શરૂ કર્યું કે ખેતી શરૂ કરી ત્યારથી જ એ જમીન અને મકાન પરના એમના માલિકી હક્કો પ્રસ્થાપિત થઈ ગયેલા ગણાય. અને 'કાયદાના રાજ'નો સાચો અર્થ તો એ હક્કોને કાયદેસરની માન્યતા આપવામાં બાધક એવા કાયદાઓ બદલવાનો છે, નહીં કે એ હક્કોને અવગણતા ગેરબંધારણીય કાયદાઓનો કડક અમલ કરવાનો !

અલબત્ત, બીજા હક્કોની જેમ આ બધા હક્કો પણ એબ્સોલ્યુટ ન હોઈ શકે. જ્યાં જ્યાં આવાં બાંધકામો કે લારી-ગલ્લાઓ બીજા લોકોના હક્કોના રક્ષણમાં અડચણરૂપ બની શકે એમ હોય - રસ્તા વચ્ચે હોય કે પાણીના નિકાલને અવરોધતા હોય, વગેરે - ત્યારે એને કાયદેસર ન

ઠેરવી શકાય અને દૂર પણ કરવાં પડે. અહીં આપણે એવાં બાંધકામોની વાત નથી કરી રહ્યા, પરંતુ બીજી કોઈ રીતે અવરોધરૂપ કે અડચણરૂપ ન હોય એવાં, પરંતુ ફક્ત સરકારી જમીન ઉપર આવેલાં છે એ કારણે જ જેને 'ગેરકાયદેસર' ગણવામાં આવે છે એવાં બાંધકામો કે ખેતરોની જ વાત કરી રહ્યા છીએ. આની સાથે જ, અહીં એ પણ યાદ રાખવા જેવું છે કે બીજાને નડતરરૂપ બનતાં દબાણો ઘણું કરીને ગરીબ લોકોનાં નહીં પરંતુ વગદાર લોકોનાં જ વધુ જોવા મળે છે, જે રાજકારણીઓ તેમજ અધિકારીઓના મેળાપીપણામાં થયેલાં હોય છે.

'સરકારી જમીન પર કે ઝૂંપડપટ્ટીમાં રહેતા આ લોકો તો વેરો નહીં ભરવા માટે જ આમ રહે છે'ની જે વાતો થાય છે એમાં પણ કોઈ દમ નથી. વેરાની રકમ કરતાં તો કેટલાયે ગણાં વધારે નાણાં એમણે વાર તહેવારે હપ્તામાં ચૂકવવાં પડે છે. એ ઉપરાંત બુલડોઝર આવી જવાની તલવાર લટકતી રહે તે જુદી ! આમ, એ લોકો તો કાયદાના દાયરામાં આવી જવા માટે તૈયાર જ નહીં, પરંતુ ઉત્સુક છે. એવું જ ગામોમાં સરકારી જમીન પર રહેતાં કે ખેતી કરતાં લોકોનું છે.

## આ વાતનો સ્વીકાર - વન-અધિકાર કાયદો

આટલાં વરસો પછી મોડે મોડે છેક હમણાં કેન્દ્ર સરકારે જંગલમાં રહેતાં આદિવાસીઓ તેમજ અન્ય પરંપરાગત સમુદાયો માટે જે વન અધિકાર કાયદો પસાર કર્યો છે તેમાં સૌ પ્રથમવાર જંગલ જમીનોનો કબજો ધરાવનારાઓને તે નામે કરી આપવાની વાત સ્વીકારવામાં આવી છે. એમાં તો ડિસેંબર ૨૦૦૫ કે ત્યાર પહેલાંથી જેઓ રહેઠાણ કે ખેતી માટે જંગલ જમીનોનો કબજો ધરાવે છે તે સૌને એ જમીનો નામે કરી આપવાની વાત છે. વિજયનગર ઘટના પછી ગુજરાત સરકારે રાજ્યના તમામ આદિવાસી વિસ્તારોમાં આ કાયદાનો ઝડપી અમલ પણ શરૂ કરી દીધો છે. અને એના અમલ માટેનો હવાલો આદિજાતિ વિકાસ વિભાગના સચીવ શ્રી એ. એમ. તિવારીને સોંપ્યો છે જેઓ એક કાર્યક્ષમ અને સંવેદનશીલ અધિકારી હોવાની છાપ આપે છે. તેમની નિગરાનીમાં આ કાયદાનો સારામાં સારો અમલ થાય તે માટેનું વ્યવસ્થા તંત્ર ગોઠવાતું જાય છે અને એમાં આદિવાસી વિસ્તારોમાં કામ કરતાં સ્વૈચ્છિક સંગઠનોના અભિપ્રાયો અને સૂચનો પણ ધ્યાન પર લેવામાં આવી રહ્યાં છે. (અલબત્ત, આ તો હજી શરૂઆત છે અને આગળ જતાં શું થાય છે તેની ખબર તો આગામી દિવસોમાં જ પડશે.) આ ઘણી સારી શરૂઆત થઈ છે. વરસોથી જંગલ તેમજ જંગલ જમીનો પરના આદિવાસીઓના હક્કો પ્રસ્થાપિત કરવા માટે ઝઝૂમતાં અમારા જેવાં સંગઠનો તેમજ આદિવાસીઓ માટે આ દિવસો અત્યંત ઉત્સાહજનક અને આશાસ્પદ જણાઈ રહ્યા છે.

## અન્ય સરકારી જમીનો માટે પણ આવા કાયદાની જરૂરિયાત

પરંતુ વક્રોક્તિ તો એ છે કે જે સરકાર આ વન અધિકાર કાયદાના સારા અમલ માટેનું આ વ્યવસ્થા તંત્ર ગોઠવી રહી છે એ જ સરકાર આ જ દિવસોમાં ગામોમાં સરકારી પડતર કે ગોચર જમીનોમાં કે શહેરોની ઝૂંપડપટ્ટીઓમાં ૪૦ કે ૫૦ વર્ષ કે તેથી વધારે સમયથી રહેતા આદિવાસીઓ તેમજ અન્ય નબળા લોકોને અત્યંત બેરહેમીથી ઉજાડી પણ રહી છે. આનો કોઈ અર્થ ખરો ? મુડેટીના પ્રશ્ને સાબરકાંઠાના કલેકટર સાથે ચર્ચા કરતી વખતે અમે જ્યારે આ વિરોધાભાસની વાત કરી ત્યારે એમણે આંખનું મટકું યે માર્યા વગર અમને રોકડું પરખાવ્યું કે એની વાત નહીં કરો, એ કાયદો તો જંગલ જમીનને જ લાગુ પડે છે, અહીં તો અમે ધારીએ તે કરીએ અને એમ બધાને જો રહેવા કે ખેડવાના અધિકાર આપવા જઈએ તો પછી જમીન જ નહીં રહે ! એમની એક એક વાતમાં કાયદાના શાસનનો નહીં પણ સત્તાનો મદ છલકાતો હતો. જિલ્લાના કલેકટરનો આવો રોફ હોય ત્યાં બીજા ઉચ્ચ અધિકારીઓ તો કોણ જાણે કેવા મદમાં રાચતા હશે.

વન અધિકાર કાયદો જંગલ જમીનોને જ લાગુ પડે છે એ વિશે કોઈ બે મત નથી. પરંતુ સવાલ એ છે કે જંગલ જમીનોમાં પણ જો આદિવાસીઓને તેમના કબજા હેઠળની જમીનો નામે કરી આપવાની હોય ત્યારે બાકીની સરકારી પડતર જમીનોને લગતી નીતિ તો એનાથી વધારે ઉદાર જ હોવી જોઈને ? આમે એ જમીનોનો નિકાલ કરીને ઉદ્યોગ ગૃહો કે અન્ય 'સક્ષમ' વ્યક્તિઓને એ ફાળવી આપવાની નીતિઓ તો સરકારે જાહેર કરી જ છે. જો એમ હોય તો શું જેઓ વરસોથી એનો કબજો ધરાવે છે અને પોતાના જીવન-નિર્વાહ માટે એનો ઉત્પાદક ઉપયોગ કરી રહ્યા છે એમનો એ જમીનો પર પહેલો હક્ક નહીં ગણાય ?

આ સ્થિતિ ધ્યાનમાં લઈને સરકાર ગામોમાં સરકારી પડતર કે ગોચર જમીનો પર કે શહેરોમાં સરકારી કે કોર્પોરેશનની જમીન પરની ઝૂંપડપટ્ટીમાં રહીને પોતાનું જીવનનિર્વાહ ચલાવતાં કુટુંબોને પણ એ જમીનો એમના નામે થાય એ માટે યોગ્ય કાયદા સાથે બહાર આવે એ અત્યંત જરૂરી છે. અને એ ન થાય ત્યાં સુધી અત્યારે જે આડેધડ હકાલપટ્ટી થઈ રહી છે તેના પર તાત્કાલિક રોક લગાવી દેવામાં આવે એ પણ એટલું જ જરૂરી છે. શું અત્યારે આવી કોઈ આશા રાખવી ઠગારી જ નિવડશે ? ■

# વાયબ્રન્ટ ગુજરાતના વિકાસનો વરવો ચહેરો

**- પ્રસાદ ચાકો**

## પાટનગર ગાંધીનગરમાં પાયાનું યોગદાન દેનાર ગરીબ મજૂરોનાં રહેઠાણો નિર્મમતાથી જમીનદોસ્ત કરવામાં આવી રહ્યાં છે.

'વાયબ્રન્ટ ગુજરાત' પોતાના 'deadly' વિકાસના મોડેલને હિચકિચાટ વગર આગળ ધપાવી રહ્યું છે, વચ્ચે જે કાંઈ આવે એને ધમરોળીને. ભલે પછી એમાં જે મજૂરોએ પોતાનું ખૂન-પસીનો એક કરીને ગાંધીનગર બનાવ્યું છે એમને જ 'વિકાસ'ના 'જાહેર હેતુ' માટે એમનાં જ ઘરોમાંથી બેરહેમીથી કેમ ના હટાવવા પડે ! ગાંધીનગરમાં ઊભા થઈ રહેલા ટેકનોલૉજી પાર્ક પાસે ગરીબીના આવા ધબ્બા કોઈ રીતે સારા ન લાગે,



એ તો તદ્દન 'સાફ-સુથરું' હોવું જોઈએ. તેથી ગરીબો નજરમાં ન આવવા જોઈએ. અને એમ જ થશે - ખૂબ ટૂંક સમયમાં.

એપ્રિલના છેલ્લા પખવાડિયામાં ગાંધીનગરના સેક્ટર ૧૩ અને ૧૪માં વર્ષોથી વસેલી ઝૂંપડપટ્ટીઓને પોલિસના ભારે બંદોબસ્ત સાથે બુલડોઝરોના કાફલાએ આવીએ ધમરોળી નાખી. સેંકડો બાળકો અને બહેનો ચૈત્ર મહિનાના આ ધોમધખતા તાપમાં માથે છાપરાં વગરનાં થઈ ગયાં. આ કુટુંબોને ઘર માટે અન્યત્ર કોઈ જગ્યા પણ આપવામાં આવી નથી. એ પણ ૨૦૦૩નો સરકારનો પરિપત્ર હોવા છતાં. આ પરિપત્રમાં ગાંધીનગરની ઝૂંપડપટ્ટીઓનાં ૨૮૦૦થી વધુ કુટુંબોના પુનર્વસવાટ માટે જમીનો ડિમાર્કેટ કરવામાં આવી છે. છેલ્લાં ૫ વર્ષથી બધા લોકો ત્યાંથી ખસી જવા તૈયાર હતા અને આ પરિપત્ર નીચે એમને મળવાપાત્ર પુનર્વસવાટ સ્થળે જમીનો નામે થાય એ માટે મથામણ કરી રહ્યા હતા. પણ એનું કોઈ જ પરિણામ ન આવ્યું. ઊલટું, વહીવટીતંત્ર જમીનો નામે કરી આપવાને બદલે એમના પર પૂરી શક્તિથી તૂટી પડ્યું. લોકોને બેઘર કરવાનું ઓછું હોય તેમ લોકોને બહુ ખરાબ રીતે મારવામાં આવ્યા અને બહેનોને પણ ના છોડી. પોલીસે માર મારેલ એક સગર્ભા બહેનને હોસ્પિટલમાં ખસેડવા માટે એમ્બ્યુલન્સ બોલાવવા માટે ઝકીર નામના કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ (KSSM)ના એક સભ્યને ખૂબ પીટવામાં આવ્યો અને એની સામે પોલીસે ખોટી ફરિયાદ દાખલ કરી દીધી. પોલીસે કરેલી મારપીટ વિરુદ્ધ એણે આપેલી ફરિયાદને પોલીસે હજુ સુધી સ્વીકારી નથી. ૫૦૦૦ થી વધુ લોકો આ ધોમધખતા તાપમાં તૂટેલાં ઘરોની ડેબરી વચ્ચે પડી રહ્યા છે અને કબજો છોડ્યો નથી. આટલું ઓછું હોય તેમ વહીવટીતંત્રે પાણીનું કનેક્શન પણ કાપી નાખ્યું છે. અને એમને ત્યાંથી હટાવી દેવા નિર્મમ વ્યવહાર કરી રહ્યું છે.

તેમને કડક ચેતવણીઓ આપવામાં આવી છે કે તેઓ પોતાનો માલસામાન લઈને કબજો છોડી નહીં દે તો બે દિવસ પછી એમની ચીજવસ્તુઓ પર પણ બુલડોઝર ફેરવી દેવામાં આવશે. લોકો અત્યંત આતંકિત છે, તેમ છતાં કબજો છોડવા તૈયાર નથી. તેમણે ચીફ સેક્રેટરી અને આઈજીપીને મેમોરેન્ડમ પણ આપ્યું છે, પણ એમને રાહત મળી નથી. ગાંધીનગરની સિવિલ કોર્ટે એમને ખસેડવા સામે મનાઈ હુકમ આપ્યો નથી. ડિસ્ટ્રીક્ટ કોર્ટે જે કુટુંબો રહેતાં હતાં એમનાં ઘરોનું પંચનામું કરવાની અને કોર્ટમાં રજૂ કરવાની સૂચના આપી છે. પરંતુ સરકાર એમ કરવામાં ઢીલ કરી રહી છે, જેથી લોકો થાકી-કંટાળીને ત્યાંથી જતા રહે.

કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ આ બસ્તીઓમાં સક્રિય છે કારણ કે ગાંધીનગરમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા વાલ્મિકી સમુદાયનાં ૫૦૦ થી વધુ કુટુંબો અહીં રહે છે. એમણે બહેનોનાં જૂથો મારફત શરુઆતમાં બુલડોઝરોને અટકાવીને આ હકાલપટ્ટી સામે જોરદાર વિરોધ કરેલો. પરંતુ વહીવટીતંત્ર બધા જ નૈતિક, માનવીય કે કાયદાકીય મુદ્દાઓને બાજુ પર ધકેલીને આ બસ્તી ઉજાડવા પર તૂલી

રહ્યું હતું. તે પોલીસ બંદોબસ્ત સાથે એમના પર ઊતરી આવ્યું અને ૫ બુલડોઝરોની મદદથી ત્રણ જ દિવસમાં સાવ નિર્મમ રીતે લોકોનાં ઘરોને ખેદાનમેદાન કરી નાખ્યાં. લગભગ ૧૩૦૦ જેટલાં ઘરો જમીનદોસ્ત થઈ ગયાં છે અને ૧૮૦૦ બાળકો મળીને ૫૦૦૦થી વધુ લોકો પોતાનાં જ ઘરોના કાટમાળ વચ્ચે પડ્યાં છે. તાપમાનનો પારો ૪૦-૪૨ ડિગ્રી વટાવી રહ્યો છે અને પાણીનો પુરવઠો બંધ કરી દેવાયો છે. આવી પરિસ્થિતિમાં એમની કેટલી કારમી દુર્દશા હશે એની કલ્પના કરી શકાય છે.

જ્યાં સુધી લોકોની વહીવટીતંત્ર સાથેની વાટાઘાટો પૂરી ન થાય અને વૈકલ્પિક પુનર્વસવાટના સ્થળે એમની જમીનોના પ્લોટ એમને નામે ન થાય ત્યાં સુધી આ જ સ્થળે લોકો ટકી શકે એ માટે અમે લોકોને ટેકો કરી રહ્યા છીએ. કામદાર મંડળ પણ લોકો પોતાનો કેસ સારી રીતે મૂકી શકે એ માટે એમને કાનૂની મદદ પૂરી પાડવા પ્રયત્નશીલ છે. એમના હાલના વકીલનો બહુ સહકાર મળતો ન હોવાથી પરિસ્થિતિ વિકટ છે, પરંતુ અમે અમારાથી બનતી મદદ કરી રહ્યા છીએ. લોકો સાથેનો અમારો સંબંધ કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ મારફત છે. અમને સૌને લાગે છે કે સિવિલ સોસાયટીએ આવા કિસ્સાઓમાં વધુ આગળ આવવું જોઈએ.

આ કુટુંબોના પુનર્વસવાટ માટે વૈકલ્પિક જમીન ડીમાર્કેટ પણ કરવામાં આવી છે. તેથી એ જમીનોના પ્લોટ પાડીને બધાં કુટુંબોને ફાળવી આપીને એમને નામે કરી આપવી જોઈએ. અને તાત્કાલિક પ્રતિભાવ રૂપે અમે નીચે મુજબનાં પગલાં સૂચવીએ છીએ.

૧. આગામી ૫ દિવસોમાં પંચનામાની કામગીરી પૂરી કરવામાં આવે.
૨. વચગાળા માટે એમને સ્થળ પર જ વસવા માટે પ્લાસ્ટિક શીટ્સ આપવામાં આવે જેથી લોકો જાતે જ પાયો ખોદીને અને ૨ ફુટ જેટલી દીવાલ બાંધીને એના પર પ્લાસ્ટિક શીટ્સ લગાવી શકે.
૩. જરૂર પડે ત્યારે ટેંકર દ્વારા પાણી પૂરું પાડવામાં આવે.
૪. હાથેપગે હોય એવાં કુટુંબોને અનાજની કીટ આપવામાં આવે.
૫. લોકોને કાનૂની સહાય આપવામાં આવે.

બેઘર બનાવાયેલા લોકોનાં જાન-માલ અને સ્વાતંત્ર્યના રક્ષણ માટે સરકાર શું પગલાં લેવા ધારે છે એની જાણકારી જીવન-મરણનો પ્રશ્ન હોઈ તાકીદે આપવા માટેની માહિતી અધિકાર નીચે અરજી કરવામાં આવી છે. લોકો આ તાપની વચ્ચે પણ ઘરોના કાટમાળ વચ્ચે જીવી રહ્યા છે. અને વૈકલ્પિક જમીનો ન મળે ત્યાં સુધી આ જમીનો પરનો પોતાનો કબજો છોડવા તૈયાર નથી.

આવો અત્યંત નિર્મમ બનાવ જોકે એકલો નથી. આવા જ બનાવો અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર તથા અન્ય શહેરોમાં બની રહ્યા છે. એની સામે સિવિલ સોસાયટીએ અવાજ દેવો જરૂરી છે. ■

*(લેખક એકશન એઈડના રીજીયોનલ ડાયરેક્ટર છે.)*

તા.ક. હમણાં જ લોકો પાસેથી એક સારા સમાચાર મળ્યા કે હાઇ કોર્ટે સરકારને ૨ મહિનામાં સૌને જમીનના પ્લોટ આપી દેવાનો આદેશ આપ્યો છે અને ત્યાં સુધી એમને અહીંથી હટાવવા નહીં અને પાણીનું કનેકશન ચાલુ કરી દેવાનો હુકમ પણ કર્યો છે.


**'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે**

| | |
|---|---|
| **ડો દક્ષાબેન /રશ્મિભાઈ** | : આર્ચ દવાખાનું, નગરિયા, ધરમપુર. ફોનઃ ૦૨૬૩૩-૨૯૩૨૩૨. |
| **શ્રી રાહુલ દવે** | : ૫૮, સહજધામ રો હાઉસ, હની પાર્ક રોડ, અડાજણ, સુરત. ફોન ૯૮૨૫૧૩૨૬૧૫. |
| **બરોડા બુક કોર્પોરેશન** | : ૨૦ સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬. |
| **ડો. મહેન્દ્ર ચોટલિયા** | : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯. |
| **શ્રી પ્રશાંત ચાવડા** | : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨. |
| **ડૉ. મહેબુબ દેસાઈ** | : સુકૂન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર. ફોન (૦૨૭૮) ૨૪૩૯૨૨૬ |
| **સૌરભ પુસ્તક ભંડાર** | : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦. |
| **નવકાર મેગેઝિન એજન્સી** | : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭. |
| **પીયૂષ મેગેઝિન વર્લ્ડ** | : એફ-૮, પ્રથમ માળ, મુલ્કી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની પાસે, મહેસાણા ફોન (૦૨૭૬૨) ૨૨૦૩૫૦. |

# મુડેટીના આદિવાસીઓ ન્યાય માગે છે

*- તૃપ્તિ પારેખ*

''આ આંબો મારા સસરાએ વર્ષો પહેલાં - હું પરણીને આવી એ પહેલાં - થાણેલો. આ જમીન ગામના સરપંચે એસઆરપીને આલી દીધી છે અને અમને ખાલી કરાવે છે. આ જ ખેતરમાં અમે ખેતી કરીને જીવીએ



છીએ.'' લગભગ ચાલીસેક વર્ષનાં ગૌરીબેને અમને જણાવ્યું. એમના પતિ જેન્તીભાઈ ભગોરાએ પૂર્તતા કરી, ''અમે જન્મ્યા પણ અહીંયા જ, અને અમારાં છોકરાં પણ અહીંયા જ મોટાં થયાં. અમારું બીજે ક્યાંયે ઘર નથી કે જમીન નથી. હવે અમારે ક્યાં જવું?''

દલજીભાઇ દુબળાભાઇ ભગોરા અમને પોતાના ખેતરમાં આવેલી એમના બાપુજી દુબળાભાઇ, બા દેવીબેન અને દાદા જીવાભાઇની સમાધિ પાસે લઇ ગયા. એમના દાદા અને મા-બાપ આ જ જમીન પર જીવ્યાં અને વિદાય થયાં.

લગભગ સિત્તેરેક વરસના હિરાજી સીંગાજી ડામોર અમને એમના ખેતર પર લઇ ગયા. પિયતની મકાઇ કરેલી છે. બાજુમાં જ એમની થોડી ખાતાની જમીન છે. એક મોટો આંબો આ જમીન પર છે, બીજા બે આંબા ખાતાની જમીનના શેઢા પર છે.

આંતરસુબા ગોળીબારના બનાવ બાદ અમારો તથા આદિવાસી મહાસભાનો સાબરકાંઠા જિલ્લાના આદિવાસીઓ સાથે ઘનિષ્ટ સંબંધ બની રહ્યો છે. તેથી મુડેટી ગામના પચ્ચીસેક આદિવાસી કુટુંબોનાં ઘરો પર પ્રાંત અધિકારી-એસઆરપીએ બુલડોઝર લઈને તોડી પાડવાનું શરૂ કર્યૂં કે તરત, એટલે કે ૧૬મી એપ્રિલે, દિલીપભાઈએ અમને જાણ કરી. સાબરકાંઠાનાં ગામોમાં ઉપરાછાપરી આટલું ઘનિષ્ટ રીતે પડવું પડશે એની કલ્પના પણ નહોતી. આદિવાસી મહાસભા તરફથી હું, અંબરીષ, ફાધર ઝેવિયર, દિલીપભાઈ અને ગોવાભાઈ સ્થળ પર પહોંચ્યા ત્યારે ઉપર પ્રમાણે સહુ અમને પોતપોતાનાં અડધા-પડધા તૂટેલાં ઘરો અને ખેતરો પર લઈ ગયા. ચૈત્ર મહિનાના બળબળતા તાપમાં વહીવટીતંત્રે આ તથા બીજાં કુટુંબોનાં ઘર-જમીનના કબજા છોડાવવાની કોશિશો શરૂ કરી છે. તેમની ધમકીઓનો તાપ ચૈત્ર માસના તાપ કરતાં યે વધુ આકરો થઇ પડ્યો છે.

મુડેટી સાબરકાંઠાના ઇડર તાલુકામાં ઇડર-ભીલોડા રસ્તા પર ઇડરથી ૧૮ કિ.મી. દૂર આવેલું ગામ છે. ગામમાં પટેલોનું વર્ચસ્વ છે. ગામમાં લગભગ ૧૨૫ હેક્ટર (૩૧૦ એક્રથી વધુ)નું મોટું ગોચર આવેલું છે. ગામથી લગભગ ૨ કિ.મી. દૂર આ ગોચરના ઉત્તરના ભાગમાં લગભગ ૨૫ જેટલાં આદિવાસી કુટુંબો આશરે ૫૦થી પણ વધારે વર્ષોથી રહેતાં આવેલાં છે. માટીની દીવાલો અને વિલાયતી નળિયાંવાળાં એમનાં ઘરો છે અને જમીનના નાના ટુકડા ખેડીને પોતાનું ગુજરાન ચલાવે છે. મોટાભાગના પાસે પોતાની માલિકીની કોઇ જમીન નથી અને આ જ જમીનો એમની આવકનું એકમાત્ર સાધન છે. ઘણાએ આંબા, ગોરસ આમલી, બદામ વગેરે ઝાડો થાણ્યાં છે, જે આજે ખાસ્સાં મોટાં થઇ ગયાં છે. એ આજે પણ એમના વર્ષો જૂના કબજાનાં સાક્ષી તરીકે ત્યાં ઊભાં છે.

૧૫મી એપ્રિલે જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને એસ.આર.પી.એ એમને કોઇ જ જાતની નોટિસ કે જાણકારી આપ્યા વગર જેસીબી સાથે ત્યાં આવી પહોંચ્યા અને એમનાં ઘરોની દીવાલો તોડી પાડી. થોડી બહેનો બુલડોઝરની સામે સૂઇ ગઇ ત્યારે એ થંભ્યું અને થોડા દિવસોમાં જ જમીનો છોડી દેવાની તાકીદ કરીને એ ફોજ રવાના થઇ. લોકોએ એ જ દિવસે કલેક્ટર કચેરીમાં લખીને જણાવ્યું કે વર્ષો જૂના કબજા હેઠળની, એમના જીવનની એકમાત્ર આધાર જેવી આ જમીનો છોડવા કરતાં આત્મવિલોપન કરવાનું તેઓ પસંદ કરશે. ત્યારબાદ પણ વહીવટીતંત્ર, પોલીસ કે એસ.આર.પી. તરફથી 'તમારો સરસામાન વગેરે લઈને જતા રહો, નહીં તો સામાન-અનાજ બાળી મૂકીશું'ની ધમકીઓ સતત ચાલુ છે. પણ આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી લોકો

**ફેબ્રુઆરીમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના આદિવાસીઓ પોલીસ અને એસઆરપીની ગોળીઓનો ભોગ બનેલા અને હજુ જેલમાં સબડે છે; એપ્રિલમાં સાબરકાંઠાના ઇડર તાલુકાના મુડેટી ગામના આદિવાસીઓ કલેક્ટર અને એસઆરપીની જેસીબીનો ભોગ બન્યા છે અને કબજો ખાલી કરવાની તલવાર એમનાં માથાં પર લટકે છે.**

છાપરા વગરનાં એ તૂટેલાં ઘરોમાં કે આંબાના છાંયડામાં ત્યાં જ રહેવાનું ચાલુ રાખ્યું છે.

### શા માટે વહીવટીતંત્ર એમને ત્યાંથી હાંકી કાઢવા માગે છે ?

આ આખા પ્રકરણની શરૂઆત ૨૦૦૨ના ગોધરા કાંડ પછીના કોમી રમખાણોથી થયેલી. ગામના પટેલ સરપંચ ભાજપ-વિહિપના આગળ પડતા આગેવાન. રમખાણોમાં ૫૦-૬૦ મુસ્લિમ પરિવારોને ગામમાંથી હાંકી કાઢેલા, જે હજી સુધી પાછા નથી આવી શક્યા.એ કેસના મુખ્ય આરોપી તરીકે પણ એમનું નામ છે. આ બનાવ પછી વળતો હુમલો થાય તો ગામમાં એસ.આર.પી.નો કાયમી કેમ્પ હોય તો સારું એમ વિચાર્યું. અને એટલે એ માટે જમીનની માંગણી આવી ત્યારે એ તરત વધાવી લીધી અને પંચાયતનો ઠરાવ કરીને ગૌચરની કુલ ૩૦૦ એકર જમીનમાંથી ૮૦ એકર જમીન કોઈ પણ જાતનું વળતર લીધા વગર એસ.આર.પી.ના કેમ્પ માટે આપવાની તૈયારી બતાવી. ઇડરથી ૨૦ કિ.મી. દૂર અંતરિયાળ વિસ્તારમાં એસ.આર.પી.નું કાયમી થાણું નાખવાની શી જરૂરિયાત છે કે એને માટે ૮૦ એકર બધી જમીનની શી જરૂર છે એ સવાલોનો કોઇ દેખીતો જવાબ મળતો નથી. આ ઠરાવના આધારે અને એસ.આર.પી.ની વિનંતીને ધ્યાને લઇને સાબરકાંઠાના કલેકટરે ડિસેંબર ૨૦૦૪માં આ ગૌચર જમીનમાંથી માંથી ૮૦ એકર જમીન એસ.આર.પી.ને ફાળવી આપવાનો હુકમ કર્યો. કલેકટરે હુકમ કર્યો એ પહેલાં મામલતદાર-પ્રાંત અધિકારીએ જે જમીન ફાળવવાની દરખાસ્ત તૈયાર કરી, એમાં બીજી જમીનો ઉપલબ્ધ હોવા છતાં આ આદિવાસી પરિવારો જે ૩૦ એકર જમીનનો કબ્જો ધરાવે છે એ ભાગ પણ સામેલ કરી દીધો. એટલું જ નહીં એ ભાગ પર આ આદિવાસીઓનો કબ્જો છે એ વાત પણ રેકર્ડ પર લીધી નહીં. અને જમીનો ઉપયોગ ઢોર ચારવા માટે જ થઈ રહ્યો છે અને એ જમીન એસ.આર.પીના કેમ્પ માટે આપવામાં આવે તો લોકોને કોઈ વાંધો નથી એમ નોંધ્યું. સ્પષ્ટ છે કે આ બધું ગામના સરપંચ અને તાલુકા કક્ષાના અધિકારીઓ વચ્ચેની સાંઠ-ગાંઠથી જ થાય. આમ કરવા પાછળ સરપંચે ગામમાં કોઈ આદિવાસી નહીં રહે અને આખું ગામ સો ટકા ભાજપ-તરફી જ રહેવું જોઇએ એવું કંઈક ઠાની લીધું છે એમ લોકો પાસેથી સાંભળવા મળ્યું.

### સરકારી ફરજચ્યૂતતા

કલેકટરના હુકમમાં એમ જણાવવામાં આવ્યું છે કે આ જમીન પડતર છે અને એના પર ખૂબ ઓછાં ઢોર ચરે છે. લોકોનાં ત્યાં રહેઠાણ કે ખેતી હેઠળ કબજો હોવાની કોઇ જ નોંધ લેવાઇ નથી. ગામના રેવન્યુ રેકર્ડ (કબજા- ખેડહક્ક દર્શાવતું ૭ × ૧૨નું રેકર્ડ)માં આ કુટુંબોમાંથી અમુક કુટુંબોના ખેડહક્ક ૧૯૭૬-૭૭ થી ૮૨-૮૩ સુધી નોંધાયેલાં છે તેમજ કેટલાકની ઘરવેરાની પાવતી પણ છે. એક આદિવાસી મગનભાઇ રૂપાભાઇ ડામોરનું ઇન્દિરા આવાસ યોજનાનું થોડાં વર્ષો પહેલાં બાંધેલું ઘર પણ આ જ જમીન પર આવેલું છે. સ્થળતપાસ કે રેકોર્ડ ચકાસણી કર્યા વગર કલેકટરે આ જમીન એસ.આર.પી.ને





## મુડેટીના આ આદિવાસી કુટુંબો દયામાયા નહીં, ન્યાય માગે છે.

આપવાનો હુકમ કર્યો ત્યારે એ પણ ધ્યાન નથી રાખ્યું કે આ જમીન સિવાયના આ જ ગૌચરના બ્લોકમાં બીજી સાવ પડતર જમીનો ઉપલબ્ધ છે. જો એસ.આર.પી.ને એ જમીનો આપવામાં આવી હોત તો આ કુટુંબોને પણ કોઈ પ્રશ્ન નહોતો અને એસ.આર.પી.ને પણ જમીનો મળતી હોવાથી કોઇ સવાલ નહોતો. એથી વિપરીત, વર્ષોથી લોકોએ પોતાની મહેનત-મજૂરીથી ઉપજાઉ અને ફળદ્રુપ બનાવેલી, શાંત, સતત અને જૂના કબજાવાળી આ જમીનો કલેકટરે એસ.આર.પી.ને ફાળવી આપવાનો ગૂકમ કર્યો. આ ઉપરાંત સૌથી મહત્ત્વની વાત તો એ છે કે ગૌચરની જમીનોનો આ રીતે નિકાલ કરવાની કલેકટરને કોઇ સત્તા જ નથી. અને છતાં એમણે આ હૂકમ કર્યો. કલેકટર અને જિલ્લા વહીવટીતંત્રની ફરજ તો આ ગરીબ, હાથેપગે જીવતા આદિવાસીઓનાં હક્ક-હિતો જાળવવાની હતી. એને બદલે ગામના બળૂકા લોકોનો પક્ષ લઇને સાવ નિર્મમ જ નહીં, તદ્દન ગેરકાયદેસર હુકમ કર્યો !

આ બધું ચાલી રહ્યું હતું ત્યારે આ આદિવાસીઓ તો એનાથી સાવ અંધારામાં જ હતા. એમને તો ત્યારે જ જાણ થઇ જ્યારે થોડા મહિના પહેલાં એસ.આર.પી.એ ત્યાં આવીને પોતાના તંબુ તાણ્યા. એસ.આર.પી.ને પણ લોકોને ત્યાં રહેતા જોઇને અત્યંત નવાઇ લાગી, કારણ કે એમને તો એવી જ જાણકારી આપવામાં આવેલી કે જમીન ખુલ્લી છે. સ્થળ પર લોકોનો વરસો જૂનો કબ્જો છે એની જાણ થઈ ત્યારે પણ જિલ્લા વહિવટી તંત્રે એમને એમનો કેસ રજૂ કરવાની કોઈ તક આપી નહીં અને એટલી જમીન બાદ કરીને એસ.આર.પી.ને બીજી જમીન ફાળવી આપવાનો વ્યવહારું ઉકેલ પણ અપનાવ્યો નહીં. અને કોઈ પણ જાતની નોટિસ વગર જ ૧૫ એપ્રિલે લોકોના ઘરો તોડવા માટેની ફોજ ઉતારી દીધી.

### ન્યાયની વેદી પર ન્યાયની આહુતિ

એસ.આર.પી.ના તંબુ તણાયા ત્યારે લોકો સફાળા જાગી ગયા. સ્થાનિક આગેવાનોને મળ્યા અને એમની સલાહથી એક વકીલ રોક્યો. ગરીબ અને મોટાભાગના અભણ અને કાનૂની આંટીઘૂંટીઓથી સાવ અજાણ એવા લોકો કાનૂની આટાપાટામાં ફસાતા ગયા. ઉધાર-ઉછીનું કરીને, દાગીનો વેચીને વકીલની મસમોટી ફી ચૂકવતા ગયા. જાન્યુઆરી મહિનામાં જ ઇડરની સિવિલ કોર્ટમાં દાવો મૂકાઇ ગયેલો અને કલેક્ટરના હૂકમ સામે ખાસ સચીવ (વિવાદ) સામે અપીલ પણ કરવામાં આવી. પણ સમયસર મનાઇ હૂકમ મળે એ માટે કોઈ કાળજી રાખી નહીં. સિવિલ કોર્ટે પંચનામાનો હુકમ કર્યો ત્યારે પણ એમાં પણ લોકોના ઘરો અને ખેતરોની વ્યવસ્થિત નોંધ થાય એ માટે પણ એમના જ વકીલે કાળજી રાખી નહીં. ઉલટાનું ‘હું બેઠો છું ને’ કહીને કોરા કાગળ પર લોકોના સહી સહી-અંગુઠા કરાવી લીધા. વકીલ પહેલેથી જ માનતા હતા કે કોર્ટ સરકાર વિરુદ્ધનો મનાઇ હુકમ નહીં આપે, એટલે કેસ ચલાવવામાં એમને કોઈ રસ જ નહોતો. આમ છતાં ૧૫મીએ ઘરો તોડવાનું શરૂ થયું પછી તાકીદે મનાઈ હૂકમ આપવા માટે અરજી ઇડરની સિવિલ કોર્ટને અરજી જરૂર કરી. ત્યારે કોર્ટનો જે અનુભવ થયો એ તો માની ન શકાય એવો હતો.

મનાઈ હુકમની અરજી કાઢી નાંખતા હુકમમાં ઇડરની સિવિલ કોર્ટે લોકોના જૂના કબજા છે અને એ અત્યારે પણ ચાલુ છે એ સ્વીકાર્યું. પરંતુ એ કઇ કેપેસિટીમાં છે એ સ્પષ્ટ નથી એવો સવાલ ઊઠાવીને અરજદારોના પક્ષમાં કોઇ પ્રાઈમા ફેસી કેસ નથી એવું તારણ કાઢ્યું ! અરજદારોની જમીનોનો કબજો લઈ લેવામાં આવે તો એમને ભરપાઈ ન થઈ શકે એવું (irreparable loss) કોઈ નુકસાન થાય એમ છે કે નહીં એ સવાલનો જવાબ પણ ‘ના‘ માં આપ્યો! અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરેપેરેબલ લોસ પ્રતિવાદીઓ (ઉર્ફે કલેકટર અને એસ.આર.પી.) તરફે છે, નહીં કે અરજદારો તરફે એવું તારણ કાઢ્યું ! ન્યાયની આટલી મોટી વિડંબના બીજી કઈ હોઈ શકે ? હકીકતમાં મુડેટીના આ આદિવાસી કુટુંબો દયામાયા નહીં, ન્યાય માગે છે. અહીં તો ન્યાયની વેદી પર ન્યાયનો જ બલિ ચડાવાઈ ગયો !

અલબત્ત, આદિવાસીઓ હજી કબજો સાચવીને બેઠા છે અને ઇડરની સિવિલ કોર્ટના આ હુકમ વિરુદ્ધ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અપીલ પણ દાખલ કરી દીધી છે. બીજી બાજુ ખાસ સચીવ (વિવાદ) સામેની અપીલ પણ જલ્દી હાથ પર લેવામાં આવે એની કોશિશો પણ ચાલુ છે. પણ જિલ્લા વહીવટીતંત્રની ગેરકાયદેસર ભૂમિકા અને સિવિલ કોર્ટના હુકમ પછી હવે આ આદિવાસી કુટુંબો ઉપલી કોર્ટો પણ ન્યાય આપશે કે નહીં એવી આશા-આશંકાની સાવ પાતળી દોરી પર ટિંગાઇને બેઠા છે. સાબરકાંઠામાં ઉપરાછાપરી જે અન્યાયી બનાવો બની રહ્યા છે અને લોકોની જે નિઃસહાય સ્થિતિ ઊભી થઇ રહી છે એ બાબત ચિંતા ઉપજાવે છે. ■

# વિજ્ઞાન-અધ્યાત્મ-૫

## ઇંડક્શન ઊંડા કળણમાં-ઇરેશનાલિટીનો મધ્યાહ્ન-દિશાહીન અંધ વિજ્ઞાન

### હ્યુમ-કાન્ત-મેક-રસેલ

*- અનિલ પટેલ*

**The growth of unreason throughout the nineteenth century and what has passed of as the twentieth is a natural sequel to Hume's destruction of empiricism.**

**B. Russell (1946)**
**History of Western Philisophy**

**By instrumentalism I mean the doctrine that scientific theory, such as Newton's, or Einstein's, or Schrodinger's, should be interpreted as an instrument, *and nothing but an instrument....* that a scientific theory should not be interpreted as a genuine conjecture about the structure of the world . . .**

**K.R. Popper (1956)**

### ક્યાં આવ્યા ? ઝડપી વિહંગાવલોકન

વિજ્ઞાન અને જ્ઞાનમીમાંસાની વાંકીચૂંકી ગલી-કૂંચીઓમાંથી પસાર થઇને આપણે એક એવા મુકામે પહોંચ્યા છીએ જ્યાંથી પાછળ નજર નાખી આગળની ચર્ચાનું અનુસંધાન મેળવી શકાય.

આ લેખશ્રેણીનો આરંભ એ વિચારમાંથી થયો કે વિજ્ઞાન અને અધ્યાત્મ (મેટાફીઝીક્સ) વચ્ચે માત્ર ટકરાવ છે કે બે વચ્ચે સુમેળ, સહકાર અને પરસ્પરાવલંબનની ભૂમિકા પણ છે? બંનેનો સમન્વય કરતી કોઇ એક ભૂમિ છે ?

આ વિચાર સામે મોટાભાગના રેશનાલિસ્ટોનો મત એ રહેશે કે વિજ્ઞાન અને મેટાફીઝીક્સ વચ્ચે કોઇ મેળ નથી, એટલું જ નહીં, કોઇ મેળ હોવો પણ ના ઘટે. તેઓ તો ઇચ્છશે કે મેટાફીઝીક્સને તો વિજ્ઞાનમાંથી ઝૂડી-ઝાપટીને બહાર ફેંકી દેવું જોઇએ.

આનાથી ઊલટું, મોટાભાગના અધ્યાત્મવાદીઓ કહેશે કે વિજ્ઞાનની તાકાત અને પહોંચને સ્વીકારીએ, પરંતુ એ ભુલાવું ના જોઇએ કે અધ્યાત્મ વિજ્ઞાન કરતાં ક્યાંય આગળ જાય છે. વિજ્ઞાન માટે શું કહીએ? તે તો દૃષ્ટિહીન, દિશાદોર વગરની આંધળી શક્તિ જ માત્ર છે. આવી સમજની પાછળ એ પણ ગૃહીત છે કે વિજ્ઞાન છકેલું છે; મદમસ્ત વિજ્ઞાન ઉપર સર્વજ્ઞતાનો અહંકાર છવાયેલો છે. આ ઘમંડી અને આંધળી શક્તિ સર્વનાશ નોતરે તે પહેલાં તેણે અધ્યાત્મનો અંકુશ માન્ય કરવો જોઇએ અને તેની પાસેથી માર્ગદર્શન મેળવવું જોઇએ, કારણ કે માત્ર અધ્યાત્મ પાસે જ સૃષ્ટિના આખરી સત્યની અને તેના પરમ હેતુની ખરી જાણકારી છે કે મેળવી શકે તેમ છે. તે જ હવે વિજ્ઞાનને સાચી દિશા-દોરનું માર્ગદર્શન આપી શકે તેમ છે.

ગેલીલીયોના સમયથી શરૂ થઇને ન્યૂટન પશ્ચાત્ પણ, વિજ્ઞાન અને ધર્મ વચ્ચે એક શીત યુદ્ધ સતત ચાલ્યા જ કર્યું છે. વ્યક્તિગત રીતે મહાન વિજ્ઞાનીઓ ધર્મભીરુ રહ્યા હશે, સૃષ્ટિમાં કોઇ પરમ શક્તિની

હસ્તીનો સ્વીકાર પણ કરતા રહ્યા હશે. તે જ રીતે મહાન ધર્માચાર્યોએ અને થીઓલોજીઅન્સે વિજ્ઞાનની ભવ્ય ખોજો અને આરોહણોને બિરદાવ્યાં હશે, પરંતુ બંને પ્રતિષ્ઠાનો (establishments) એક બીજાથી સતત અંતર અનુભવતાં અને રાખતાં રહ્યાં છે.

સૃષ્ટિના આખરી પરમસત્યને પામવા અધ્યાત્મ અનુભવમૂલક (empirical) અવલોકનો કે પ્રયોગો કે તર્કબુદ્ધિ ઉપર પણ કોઇ મદાર રાખતું નથી, તેને અંતરાય માને છે (માંકડા મનનો ખેલ). તેની (આખરી) જ્ઞાનની ખોજ હંમેશાં પરમશક્તિ (ઇશ્વર)ની કૃપાથી થતી અંતઃપ્રેરણા કે સ્ફુરણા (intuition) ઉપર જ આધારિત હોય છે. શુદ્ધ અંતરમાં થતી અવર્ણનીય અનુભૂતિમાંથી જ આખરી સત્ય સમજાય છે. આ જ્ઞાન સંપૂર્ણપણે વ્યક્તિમૂલક (subjective) અનુભવ જ હોય છે. તેને વ્યાખ્યાગત રીતે જ ઇંદ્રિયોના અનુભવો–પ્રયોગોની કસોટીએ ચઢાવીને નાણી શકાય નહીં, વસ્તુમૂલક (objective) પરિમાણ આપી ના શકાય અને રેશનલાઇઝ ના કરી શકાય.

આથી ઊલટું, વિજ્ઞાન બહુ ઊંડા અર્થમાં વસ્તુમૂલક (objective) છે. અવલોકનો કે તેનાથી થતાં પરીક્ષણોની વાસ્તવિકતામૂલક ચકાસણી (Reality check) વગર વિજ્ઞાન સૃષ્ટિનાં રહસ્યોને જાણવાનો કોઇ દાવો ના કરી શકે. તેની દૃષ્ટિએ તો વાસ્તવિકતા (Reality) એટલે સૌ પ્રથમ તો સ્થૂળ અવલોકી શકાય તેવું ભૌતિક વિશ્વ. ત્યાર પછીથી બીજી વાસ્તવિકતાઓ (મનોજગતની નીપજો, મૂલ્યો, ઈ.)નો ગજ વાગે. વિજ્ઞાનની રેશનાલિટી આના ઉપર જ આધારિત છે.

સત્યખોજમાં તર્કને અવગણતું કે ગૌણ ગણતું મેટાફીઝીક્સ પૂર્વનાં દર્શનોનું લક્ષણ કહી શકાય પરંતુ વિજ્ઞાન–મેટાફીઝીક્સ વચ્ચેના ગજગ્રાહનો સંદર્ભ ઐતિહાસિક રીતે પશ્ચિમી સભ્યતાનો છે. ક્રીશ્ચીયન મેટાફીઝીક્સમાં પ્લેટો–એરિસ્ટોટલની ગાઢ અસરના કારણે તર્કનું સ્થાન બહુ મહત્ત્વનું રહ્યું છે. એટલે આ સંદર્ભમાં વિજ્ઞાન–મેટાફીઝીકસનો મુખ્ય તફાવત તર્કના સ્થાનનો નથી પણ પ્રયોગો, અવલોકનોના સ્થાનનો છે.

વિજ્ઞાનની ખોજપદ્ધતિ સામાન્ય રીતે બેકન-પ્રેરિત ઇન્ડકશનની ગણાઇ છે. (અલબત્ત, બેકનની પદ્ધતિના શુદ્ધ સ્વરૂપમાં તર્કબુદ્ધિને (મનને) કોઇ સ્થાન નથી. તેના મતે તો તર્કબુદ્ધિ મરકટ જેવી છે. અનુભવ થયો-ના થયો અને તે કોઇ મનભાવતા તારણ ઉપર જ કૂદી પડે છે. જ્ઞાનખોજની પ્રક્રિયાને દૂષિત કરી મૂકે છે. તર્કને (મનની અટકળોને) તો પ્રયત્નપૂર્વક ખોજમાંથી બહાર રાખવાનો તેનો આગ્રહ રહ્યો.

પરંતુ ન્યૂટન પશ્ચાત્ વાસ્તવમાં પાંગરેલી ઇન્ડકશનની પદ્ધતિમાં, અનુભવની સાથે જ તર્કબુદ્ધિને પણ મહત્ત્વનું સ્થાન મળેલું છે. સદીઓથી આ ઇન્ડકશન સ્વીકારાતું આવ્યું છે. હકીકતમાં વિજ્ઞાનનો empirical હોવાનો અને રેશનલ હોવાનો દાવો ઇન્ડકશનના સ્વીકાર ઉપર અવલંબતો આવ્યો છે. તેની મદદથી જ મેટાફીઝીક્સને બહાર રખાયું છે કે તેનો ઇન્કાર કરાયો છે. આ જ કારણે રેશનાલિટી અને વૈજ્ઞાનિક વલણ ઇન્ડકશનની સાથે ને સાથે જતાં મનાયાં છે.

તથાકથિત ઇન્ડકશન પ્રેરિત વિજ્ઞાનની પોતાની જ ગતિવિધિઓ એવી દિશામાં આગળ વધી રહી હતી કે રેશનાલિટી ઉપર અસામાન્ય ભીંસ આવી રહી હતી. ન્યૂટનના મીકેનીક્સની અકલ્પનીય સફળતાએ વૈજ્ઞાનિક નિયતિવાદને લગભગ સ્થાપી દીધો. ધર્મની યુગો જૂની ઊંડી મનીષા છતાં પણ જે તે કરી ના શક્યો તેવો ચુસ્ત નિયતિવાદ સિદ્ધ કર્યાનો એક મોટો આભાસ ન્યૂટોનિયન વિજ્ઞાને ઊભો કરી દીધો. આ નિયતિવાદે ઊભા કરેલા ગંભીર સંકટમાં માનવીય રેશનાલિટી, સ્વતંત્રતા, સર્જનાત્મકતા, પહેલ, નીતિમત્તા જેવાં કેટલાંય મૂલ્યોનો ભુક્કો બોલી જતો દેખાયો. શુદ્ધ રેશનાલિટીનું સર્જન જ રેશનાલિટીને ભરખી જવા બેઠું હતું.

ન્યૂટન અને તેના પછીના ન્યૂટોનિયનો માનતા કે તેની થિયરી બેકનપ્રેરિત શુદ્ધ ઇન્ડકશનનું જ ફળ હતી. ન્યૂટનની થિયરીનાં ઘણાં મહત્ત્વનાં ઘટકોને ઇન્ડકશનની થિયરીનો જ ઉપયોગ કરીને બીશપ બર્કલીએ સૌ પ્રથમ પડકાર્યા. પણ તેની ધારદાર આલોચનાને ન્યૂટોનિયનો અવગણવામાં સફળ રહ્યા કારણ કે થિયરી અભૂતપૂર્વ સફળતાઓ હાંસલ કરે જતી હતી. ન્યૂટનની થિયરી સાચી ઠરેલી ગણાઇ ગઇ અને સાથે જ ઇન્ડકશનની પદ્ધતિ પણ. આ એક કમનસીબ ઘટના હતી. તેનાં માઠાં પરિણામ ઝડપથી વિકસી રહેલા વિજ્ઞાનને તો ભોગવવાં પડ્યાં જ; રેશનાલિટી પણ ઝંખવાઇ ગઇ. આની અનેક અવળી અસરો રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં પણ પડી.

## પ્રબુદ્ધ કાળનાં બૌદ્ધિક ધોરણો કથળ્યાં - હેગેલીયન વારસો

ન્યૂટનની થિયરીમાં તર્ક, ગણિતનો પ્રચુર ઉપયોગ હતો પરંતુ તેની થિયરી ઉપર વાસ્તવિક જગતનાં તથ્યો–હકીકતોનો માફકસરનો અંકુશ હતો. આમાંથી એક રૂપાંતરિત અવલોકનવાદ (modified empiricism) વિકસ્યો. આની અસર લગભગ ૧૫૦ વર્ષ રહી અને તે દરમિયાન ચોક્કસ ઉચ્ચ પ્રકારનાં બૌદ્ધિક ધોરણો વિકસ્યાં અને સર્વત્ર પ્રસ્થાપિત થયાં. ઉદાહરણરૂપ વૈજ્ઞાનિક ચર્ચાનું ધીંગું પોત

આમાંથી વિકસ્યું. દોઢ સદી સુધી જળવાયેલાં ધોરણોના આ કાળને પ્રબુદ્ધ કાળ કહેવાયો. ૧૯મી સદીની પહેલી પચીસીમાં જર્મન ફિલોસોફર હેગલના ઉદય પછી આ ધોરણો ઉપર હલ્લો બોલાવાયો, તેને લૂણો લાગ્યો. પરિણામે એક પ્રકારની બૌદ્ધિક અપ્રામાણિકતાએ અને શિથિલતાએ રેશનાલિટીને ઘેરો નાંખ્યો.

યુરોપના અને ખાસ કરીને જર્મનીના આઇડિયાલિસ્ટ ફિલોસોફરો (તેઓ ત્યારે રેશનાલિસ્ટ કહેવાતા કારણ કે રીઝનને—મગજને તેઓ સર્વેસર્વા ગણતા.) માટે અવલોકનવાદની નિહિતનાં વાસ્તવિક હકીકતોનાં નિયંત્રણો સ્વીકાર કરવાં અશક્ય હતાં. દકાર્તમાંથી પ્રેરણા લેતા આ ફિલોસોફરો માનતા હતા કે ફક્ત તર્કબુદ્ધિનો ઉપયોગ કરીને અનુભવ આધારિત વાસ્તવિકતાના અંકુશને ફગાવી દઈને જગતને સમજાવતી થિયરી રચી શકાય, જે તેની સ્પષ્ટતા, તરલતા અને અનન્યતાના કારણે સ્વયંપ્રમાણિત (self evident) હોઇ શકે.

આપણી ચર્ચામાં રેશનાલિટી શબ્દનો ઉપયોગ એક વિશિષ્ટ અર્થમાં કરવાનો હોવાથી ઇતિહાસમાં ભલે જર્મન ફિલોસોફરોને રેશનાલિસ્ટ કહેવાયા, પણ તે શબ્દપ્રયોગને ટાળીને તેમને બુદ્ધિ ઉપર જ મદાર રાખતા બૌદ્ધિકવાદીઓ કહીશું. અવલોકનવાદીઓ અને બૌદ્ધિકવાદીઓ વચ્ચે ફરીથી ઊભરેલા આ વિવાદમાં કાન્તે બહુ મહત્ત્વનું પ્રદાન કર્યું. બૌદ્ધિકવાદીઓના તર્કને તોડતાં તેણે પ્રતિદલીલ કરતાં કહ્યું : માત્ર તર્કનો જ ઉપયોગ કરીને આપણે જગતને સમજાવતી કોઇપણ પ્રકારની સાતત્યપૂર્ણ (consistant) વિચાર-રચના (system) તો ઊભી કરી શકીએ પરંતુ તે જ તર્કબુદ્ધિનો ઉપયોગ કરીને બીજી જ પૂર્વધારણાઓ કરીને જગતને સમજાવતી બીજી એક તર્કશુદ્ધ સાતત્યપૂર્ણ વિચાર-રચનાને પણ ઊભી કરી શકીએ. એવું પણ બને કે બે રચનાઓ એકબીજાનું ખંડન કરતી હોય. આ તર્કનો ઉઘાડ તેણે ઘણાં ઉદાહરણો આપીને કર્યો. ઊભરી રહેલી વિચારસરણીથી ચિંતિત કાન્તે કહ્યું કે ફેશનેબલ બૌદ્ધિકવાદમાંથી નર્યો બૌદ્ધિક વાણીવિલાસ જ નીપજે. સમસ્યાનો ઉપાય બતાવતાં તેણે કહ્યું કે કોઇપણ વિચાર-રચનાએ વાસ્તવિક જગતનાં તથ્યોની કસોટીએ પાર ઊતરવું પડે. જર્મન ફિલોસોફરો માટે આ કડવી દવા હતી. આમાંથી રસ્તો કાઢયો હેગલે. તેણે પ્રબોધ્યું કે બે વિચાર-રચનાઓ વચ્ચે આંતરવિરોધ (contradiction) સર્જાતો હોય તો તેને બહુ વજૂદ ના આપવું. આંતરવિરોધ ફક્ત અવલોકનવાદી જેવી ''મેટાફીઝીકલ'' ફિલોસોફી માટે ઘાતક છે કારણ કે તે એમ માનીને ચાલે છે કે વિશ્વ સ્થગિત (static) છે, જે જેમ છે તેવું જ છે, અને હંમેશાં રહે છે. પરંતુ આ વિશ્વ એક વિચાર (idea) છે જે સતત બદલાતો રહે છે અને આ બદલાવનું ચાલકબળ જ વિચારો વચ્ચેનો આંતરવિરોધ છે. પરિવર્તનશીલ જગતને સમજવું હોય તો આંતરવિરોધને ખારીજ કરવાનો નથી, તેનું સ્વાગત કરવાનું છે. બસ આ જ છે હેગલની મશહૂર દ્વંદ્વાત્મક વિચારવાદ (dialectical - idealism)ની ફિલોસોફી. અત્યાર સુધીમાં વિકસેલાં રેશનાલિટીનાં બૌદ્ધિક ધોરણોમાં એક નિર્ણાયક ધોરણ બધાને જ શિરોધાર્ય હતું કે જો તમારી દલીલમાં કોઇ આંતરવિરોધ દેખાડે તો તમારી દલીલ તૂટી પડે. અને તમારે નવેસરથી વિચારવું પડે. આંતરવિરોધને નકારવાનું ધોરણ જ હેગલે તોડી પાડ્યું. હેગલ પશ્ચાત્ બૌદ્ધિક ધોરણોમાં આંતરવિરોધ, દલીલ માટે ઘાતક ના રહેતાં તેને પુષ્ટિ આપતો બની ગયો ! રેશનાલિટી જ પ્રત્યાઘાતી ઠરી. બસ આ પછી તો અતાર્કિકતા (irrationality) આડેના બધા જ બંધો તૂટી પડ્યા. યુરોપનું બૌદ્ધિક જગત હેગલની અસર નીચે અતાર્કિકતામાં ગરક થઇ ગયું. આવી ખતરનાક ઈરેશનલ વિચારધારા ઉપર સવાર થઇને માર્કસનો દ્વંદ્વાત્મક ઐતિહાસિક ભૌતિકવાદ પ્રથમ યુરોપના અને ત્યાર પછી એશિયા અને આફ્રિકાના નવોદિત રાષ્ટ્રોના બૌદ્ધિકો ઉપર છવાઇ ગયો. રેશનાલિટી અને વિજ્ઞાન ઉપર ઘેરાયેલા સંકટમાં હેગેલીયન માર્કસ વિચારનું જબરજસ્ત પ્રદાન છે.

બર્કલીના પડકારને સૌ પ્રથમ ઉપાડી લેનાર સ્કોટીશ ફિલોસોફર ડેવીડ હ્યુમ. ઇન્ડકશનની આખી થિયરીને હ્યુમે જે માવજત આપી તેની અકલ્પ્ય અસરો તેના અનુગામી ફિલોસોફરો ઉપર પડી, જેમાં સૌથી આગળ પડતા બે ફિલોસોફરો – જર્મનીનો ઈમેન્યુઅલ કાન્ત અને ઈંગ્લેન્ડનો બર્ટ્રાન્ડ રસેલ. હ્યુમ પછીની બધી મથામણોએ વિજ્ઞાનની ખોજ, કાર્યપદ્ધતિ અને રેશનાલિટીને ખતરનાક મોડ આપી દીધો. રેશનાલિસ્ટોએ જ્ઞાનમીમાંસા ઉપર ત્રાટકેલી આ કટોકટી ઉપર ભાગ્યે જ કોઇ ધ્યાન આપ્યું છે. કાન્ત, રસેલની મહાન મથામણોના મૂળમાં ભાગ્યે જ જવાયું છે. હ્યુમે કટોકટી સર્જી તે પહેલાંની ચાલી આવેલી ઇન્ડકશનમાં ઝબોળાયેલી અવલોકનવાદી થિયરીને સાચી અને વિશ્વસનીય ગણીને મોટાભાગના રેશનાલિસ્ટોએ અધ્યાત્મ-મેટાફીઝીક્સ સામે મોરચો માંડીને મોટી ભૂલ કરી છે.

ઘણા વાચકોને આ ચર્ચા વિજ્ઞાન-અધ્યાત્મ વચ્ચેના સંબંધોના મૂળ પ્રશ્નથી માર્ગ ચાતરી જતી દેખાશે. પરંતુ આશા રાખું છું કે ચર્ચાના અંતે આ સંબંધો વધારે સ્પષ્ટ રીતે દેખાશે. એ પણ સ્પષ્ટ થશે કે વિજ્ઞાન કેમ દિશાહીન ગણાયું છે, કેમ ફક્ત આંધળી શક્તિનો સ્રોત જ ગણાયું છે, અને કેમ તેણે અધ્યાત્મનું માર્ગદર્શન અને શરણું લેવું પડે એવી ઘેરી છાપ ઊભી થઇ છે. આ છબી ઊભી થવાનું કારણ જ્ઞાનમીમાંસાની ફંટાઇ ગયેલી યાત્રાની વિગતોમાંથી મળે તેમ છે. વિજ્ઞાનના સમર્થકોની

પોતાની જ જવાબદારી બહુ મોટી છે. હ્યુમની થિયરીએ વિજ્ઞાનની રેશનલ ખોજને અવળે રસ્તે ચઢાવી તેની ચર્ચા આ લેખમાં કરવા ધારી છે. એ નોંધવું જોઇએ કે ૧૮મી સદીની હ્યુમની થિયરીની ઘેરી અસરો સૌ પ્રથમ તો વીસમી સદીના પ્રથમ બે દાયકાઓમાં વર્તાઇ પરંતુ તે પહેલાં ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં કાન્તના અનુગામીઓએ, ખાસ કરીને હેગલે, ઉત્ક્રાંતિત થયેલાં ધીંગાં બૌદ્ધિક ધોરણોને અને રેશનાલિટીને મોટું નુકસાન પહોંચાડ્યું હતું.

## ડેવીડ હ્યુમ–વ્યક્તિપરસ્ત (subjective) જ્ઞાનમીમાંસાનો સર્જક

### હ્યુમનો પ્રશ્ન–ઈન્ડકશનનો પ્રશ્ન : કઈ થિયરી ન્યાયોચિત (justified) ?

નવસુધારણા (Reformation) પશ્ચાત્ યુરોપમાં વિકસેલી જ્ઞાન-મીમાંસાનો કેંદ્રીય મુદ્દો હંમેશાં એ રહ્યો છે કે સાચી હોવાનો દાવો કરતી અનેક માન્યતાઓ (beliefs) વચ્ચે ચાલી રહેલી હરીફાઈમાં સાચા-ખોટાનું મૂલ્યાંકન (evaluation) કેવી રીતે કરવું? સાચા-ખોટાનો નિર્ણય (decision) કેવી રીતે કરવો? આ મૂળ સવાલમાંથી બીજો પ્રશ્ન એ ઉદ્ભવ્યો છે કે થિયરીઓને કેવી રીતે ન્યાયોચિત (justified) ઠેરવી શકીએ ? થિયરીનું ન્યાયોચિતપણું શેનું બનેલું છે? થિયરીઓને રેશનલી ન્યાયોચિત ઠેરવી શકીએ? એટલે કે અવલોકનોનો હવાલો આપતાં વિધેયાત્મક કારણો (positive reasons) આપીને થિયરી સાચી પુરવાર કરી શકીએ? એકમાંથી બીજામાં સરી જતી આ પ્રશ્નશ્રેણીમાંથી એક મહત્ત્વનો સૂર એ ઊઠે છે કે સાચી હોવાનો દાવો કરતી હરીફ થિયરીઓ માટે ન્યાયોચિતતા (justification) હોવી જરૂરી છે, જે વિધેયાત્મક કારણો–અવલોકનોનો હવાલો આપીને જ કરી શકાય.

**ઈન્ડકશનની થિયરીના હાર્દમાં શું હતું? જે થિયરી ઇંદ્રિયગત અનુભવો / અવલોકનોથી ચકાસાયેલી હોય એટલે કે પ્રમાણિત (verify) થઈ હોય, ન્યાયોચિત સાબિત થઈ હોય તે જ વૈજ્ઞાનિક થિયરી. તે સિવાયની બીજી થિયરીઓ મેટાફીઝીકલ થિયરીઓ. આમ ન્યાયોચિતપણું (justification), અવલોકનોની ચકાસણીએ પ્રમાણિત ઊતરવા (verification) સાથે એકરૂપ બને છે. (ન્યાયોચિત= વેરીફાઈડ)**

આ ઈન્ડકશનની થિયરી બહુ મોટી મુશ્કેલીમાં છે તે સૌ પ્રથમ જોઇ શકનારો હ્યુમ હતો. ઈન્ડકશનના હાર્દમાં પ્રશ્ન છે કે ભવિષ્ય ભૂત જેવું જ હશે તેવી માન્યતાને ન્યાયોચિતતા (justification) કેવી રીતે આપી શકાય? બીજી રીતે કહીએ તો ભૂતકાળમાં થયેલા અનુભવો ઉપરથી ભવિષ્યમાં થનારા અનુભવોનું તારણ કાઢી શકાય?

વિજ્ઞાનની દૃષ્ટિએ આમાં અભિપ્રેત પાયાનો સવાલ શું હતો? સાચી હોવાનો દાવો કરતી દરેક વૈજ્ઞાનિક થિયરી હંમેશાં સર્વ કાળ અને સ્થળ માટે સાચી હોવી જોઇએ – સાર્વત્રિક સત્ય હોવી જોઇએ. આવી સાર્વત્રિક વૈજ્ઞાનિક થિયરી (Universal theory)નો દાવો મનુષ્યે કરેલાં અવલોકનોના આધારે જ કરાતો હોય અને ન્યાયોચિત ઠરાવાતો હોય તો તે તાર્કિક છે? હ્યુમે આ બધા જ નિર્ણાયક પ્રશ્નોના જવાબો અસંદિગ્ધ નકારમાં આપ્યા.

તેનો તર્ક અકાટ્ય છે. અનંત સમય અને કાળના સંદર્ભમાં મનુષ્યનાં ગમે તેટલાં અવલોકનો મર્યાદિત અને નગણ્ય જ ગણાય. તેના આધારે થિયરીને ખરી ઉતારવાની (પ્રમાણિત કરવાની) ચકાસણી (verification) કરી જ ના શકાય. આનું કારણ શું? મર્યાદિત સમય અને સ્થળમાં કરેલાં અવલોકનોને તર્કનું આધારવાક્ય (પ્રસ્થાનબિંદુ–premise) બનાવીને તેમાંથી સાર્વત્રિક થિયરીનું અમર્યાદિત તારણ કાઢી ના શકાય. આધારવાક્ય મર્યાદિત હોવાથી નબળું છે અને તારણ સાર્વત્રિક રીતે સાચું કહેવાયું હોવાથી અતિબળૂકું છે. ડીડકટીવ તર્કનો ઉપયોગ કરીને નબળા આધારવાક્ય ઉપરથી તેના કરતાં બળૂકા તારણને તારવી ના શકાય–સાર્વત્રિક થિયરીને વૈધ (valid) કે ન્યાયોચિત (justified) ઠેરવી ના શકાય કે પ્રમાણિત કર્યા (verification)નો દાવો કરી ના શકાય. એવો તર્ક કરી શકાય, જે ત્યાર પછીના કાળમાં ઊઠ્યો જ, કે થિયરી સંપૂર્ણ પ્રમાણિત ના કરી શકીએ તો પણ તે કમસેકમ સાચી હોવાની ઊંચી સંભવિતતા (highly probable) ધરાવે છે તેમ તો કહી શકાય. હ્યુમે આ તર્કને પણ ઊગતો જ ડામી દીધેલો. (હ્યુમના રદિયા પછી આ તર્કનું ચલણ આજે પણ છે. તેની ચર્ચા હમણાં નહીં)

## ઇન્ડકશન સંબંધે હ્યુમના ત્રણ મુદ્દાઓ

હ્યુમે ઈન્ડકશનની થિયરીનો તાર્કિક આધાર કાપી તો નાંખ્યો પણ તે પછી જે કર્યું તેનાથી વિજ્ઞાનની રેશનાલિટી અને કાર્યપદ્ધતિ ઉપર મોટા પ્રશ્નો ઊભા થઇ ગયા. આખું અભિયાન જ ખતરામાં મુકાઇ ગયું.
હ્યુમે ઈન્ડકશનના સંદર્ભમાં ત્રણ મુદ્દાઓ આગળ કર્યા :

## ૧. કુદરતી નિયમિતતાઓ અને નિયમો

કુદરતમાં અસંખ્ય નિયમિતતાઓ જોવાની મળે છે જેની ઉપર વ્યવહારમાં લગભગ દરેક જણ વિશ્વાસ રાખે છે. એ જ રીતે એ પણ સાચું છે કે ન્યૂટન જેવા વિજ્ઞાનીઓએ કુદરતના (સાચા) નિયમોને શોધ્યા છે.

## ૨. ઈન્ડકશનની થિયરી તાર્કિક રીતે અવૈધ (invalid)

તેણે એ પણ દર્શાવ્યું કે વ્યક્તિગત, વિશિષ્ટ (singular) પુનરાવર્તિત થયેલા અનુભવો ઉપરથી કુદરતી નિયમિતતા વૈધ રીતે તારવી શકાય તે ખોટું છે. આ થયો **અવૈધ ઈન્ડકશનનો સિદ્ધાંત**. (રેશનાલિસ્ટો માટે આ કડવી દવા છે કારણ કે થિયરીઓને પ્રમાણિત કરતી ચકાસણી (verification) કરી જ ના શકાય. આ જ કારણે 'જ્ઞ' (known)માંથી 'અજ્ઞ' (unknown)ને જાણવાનું ન્યાયોચિત ના ઠરે.) ભલેને સૂરજ રોજ પૂર્વમાં ઊગતો અને પશ્ચિમમાં આથમતો દેખાય તો પણ આવાં વિધેયાત્મક અવલોકનોનો હવાલો આપીને તે રોજ ઊગશે અને આથમશે તેવા કુદરતી નિયમને વૈધ રીતે તારવી ના શકાય.

## ૩. અવલોકનવાદ (empiricism)નો સિદ્ધાંત

તો વળી તેણે એ પણ પ્રતિપાદિત કર્યું કે સાર્વત્રિક નિયમોની માન્યતા (belief)ને અનુભવો–અવલોકનો જ ઔચિત્યપૂર્ણ ઠેરવી શકે. આ સિવાયનાં કોઈપણ કારણો ટકી શકે નહીં. કોઈપણ થિયરીને વૈજ્ઞાનિક ગણવી કે નકારવી તેનો નિર્ણય અવલોકનો (singular observations)ના આધારે જ કરી શકાય. આ થયો **તેનો અવલોકનવાદનો સિદ્ધાંત.**

હવે જો જોઈએ તો (૨) અને (૩) મુદ્દાઓ એકબીજાને કાપે છે તેથી (૧) મુદ્દો મુશ્કેલીમાં મુકાય છે. હવે જો (૧) ને સાચો ગણીએ, જે પ્રમાણે કુદરતમાં નિયમિતતાઓ જોવાની મળે, જેમાં મનુષ્યનો વિશ્વાસ છે, તો પછી ઈન્ડકશનનો તાર્કિક પ્રશ્ન (૨) અવૈધ ઈન્ડકશનનો સિદ્ધાંત અને (૩) અવલોકનવાદના સિદ્ધાંત વચ્ચેના સીધા ટકરાવનો બને– કોને અવગણવો ?

હ્યુમે (૨) અને (૩) બન્નેને પ્રતિપાદિત કર્યા પછી બંને વચ્ચેના જબરજસ્ત આંતરવિરોધનો તોડ એવો કાઢયો કે રેશનાલિઝમને પડતું મૂકવું. તેણે નક્કી કર્યું કે વાસ્તવમાં આપણે નિયમિતતાઓનો અનુભવ કરતા જ હોઈએ છીએ અને તેમાં વિશ્વાસ પણ રાખીએ છીએ. આ જ્ઞાન (૩) અનુસાર અનુભવથી મળે છે. હવે જો (૨) પ્રમાણે ઈન્ડકશન અતાર્કિક હોય તો રેશનાલિઝમને પડતું મૂકવું અને અનુભવાતાં, સતત પુનરાવર્તિત થતાં રહેતાં (Repeated), જોડે ને જોડે જોવા મળતાં (associated) અવલોકનોના કારણે પડતી ટેવો (habits) ઉપર બધો આધાર રાખવો –ટેવો પડી જવાથી આપણે નિયમિતતાઓમાં માનીએ છીએ. થિયરીઓને પ્રસ્થાપિત કરવા ઈન્ડકશનના તર્કની અસમર્થતાનો તાર્કિક સ્વીકાર કરીને હ્યુમે મનોવૈજ્ઞાનિક તર્કનો આશરો લઈને ઈન્ડકશનને પાછળના બારણેથી દાખલ કર્યું.

તેનો મનોવૈજ્ઞાનિક તર્ક એવું પ્રતિપાદિત કરતો હતો કે કોઈપણ માન્યતા (belief) કે થિયરીને ભલે તાર્કિક રીતે ન્યાયોચિત સિદ્ધ ના કરી શકાય પરંતુ મનુષ્યનું મન સતત પુનરાવર્તન પામતાં અને સાથે ને સાથે જોડાયેલાં રહેતાં અવલોકનોના કારણે ટેવાઈ જાય છે અને માન્યતાને સાચી માની લે છે (દા.ત. દિવસ-રાતનું કે ઋતુઓનું ચક્ર). જ્ઞાનપ્રાપ્તિ આમ ટેવ આધારિત છે, તેને તર્કનો કોઈ આધાર નથી. ટેવ આપણી સમજ ઉપર સવાર થઈ જતી હોવાથી દલીલો, બુદ્ધિગમ્યતા (Reason)ની ભૂમિકા આપણી સમજ માટે ગૌણ મહત્ત્વની છે. હ્યુમના હાથમાં જ્ઞાન એ આપણી નિજી માન્યતા તો બને જ પરંતુ તેનો રેશનલ બચાવ ના થઈ શકે તેવું ઈરેશનલ પણ બની જાય.

હ્યુમ પણ પશ્ચિમની જ્ઞાનમીમાંસાની એ કેંદ્રિય પરંપરાનો સમર્થક હતો કે સાચી માન્યતા ન્યાયોચિત (justified) હોવી જોઈએ જે અવલોકનોથી મેળવવી જોઈએ. જ્યાં સુધી હ્યુમે ઈન્ડકશનને પડકાર્યું નહીં ત્યાં સુધી તો ઈન્ડકશન સાચી માન્યતાઓને ન્યાયોચિત ઠેરવતું માની શકાયું. પરંતુ હ્યુમે પરિસ્થિતિ બદલી નાખી. ઈન્ડકશન અતાર્કિક ઠર્યું (સાચી જ રીતે) અને જ્ઞાનનો આધાર વ્યક્તિગત સંવેદનો (અવલોકનો)માંથી સર્જાતી ટેવોમાં મુકાયો. આનાં બે મહત્ત્વનાં પરિણામો આવ્યાં. એક, ન્યાયોચિત માન્યતાની વાત જ તૂટી પડી અને તેની સાથે વૈજ્ઞાનિક રેશનાલિટી પણ. બીજું પરિણામ એ આવ્યું કે જ્ઞાન હવે સંપૂર્ણ વ્યક્તિ-પરસ્ત (subjective) બની ગયું કારણ કે તે, વ્યક્તિએ વર્તમાનમાં ઝીલેલાં કે ભૂતનાં, સ્મૃતિમાં સંઘરાયેલાં વ્યક્તિગત સંવેદનોમાંથી, તે વ્યક્તિના મનમાં પેદા થયેલી ટેવની નીપજ બની ગયું. જ્ઞાન અતાર્કિક અને વ્યકિતપરસ્ત (subjective) બની ગયું.

બેકન–હ્યુમથી લઈને મીલ, રસેલ જેવા બધા જ અવલોકનવાદી ચિંતકોના ઈરાદાઓ વાસ્તવિક અને વ્યવહારુ હતા. બર્કલીને છોડતાં બધા જ સૃષ્ટિની વાસ્તવિકતાનો સ્વીકાર કરનાર અને સૃષ્ટિનાં ગૂઢ રહસ્યોને બુદ્ધિબળથી સમજી શકાય તેમ માનનારા હતા.

પરંતુ આ બધા જ ચિંતકો વ્યક્તિએ કરેલાં અવલોકનો (સંવેદનો)ને જ થિયરીની ન્યાયોચિતતાનું આખરી પ્રમાણ ગણતા હોવાથી ખરેખર તો વ્યક્તિપરસ્ત (subjective) આઇડીયાલિસ્ટ જ્ઞાનમીમાંસાના સમર્થકો બની ગયા. તેમના વાસ્તવવાદી ઇરાદાઓ સાથે વ્યક્તિપરસ્ત જ્ઞાનમીમાંસાનો મેળ કોઇ કાળે બેસે તેમ ના હતો. ઇંદ્રિયોના અનુભવોને થિયરીઓની કસોટીની સરાણે ચઢાવવાની મહત્ત્વની પણ સીમિત ભૂમિકા આપવાને બદલે તેમની શ્રદ્ધા એ મુદ્દા ઉપર સ્થિર થઇ કે ''બધું જ જ્ઞાન ઇંદ્રિયોના સંવેદનો દ્વારા જ તારવાય છે'' અને ''બધાં જ તારણો ઇન્ડકશનથી મેળવાય છે''. ઇન્ડકશન વગર વિજ્ઞાન અસંભવ છે. સંવેદનો ઝીલતી વ્યક્તિના મનમાં જે ચાલે છે તે જ બધું જ્ઞાન છે. ''મારા મનના વિચારો એ જ મારુ વિશ્વ'' બની જાય છે. આવું solipsist તારણ સાવ બેહૂદું અને વાહિયાત હતું પરંતુ વ્યક્તિપરસ્ત (subjective) જ્ઞાનમીમાંસાનું સીધું જ પરીણામ પણ હતું.

હ્યુમ વાસ્તવવાદી હતો, વિશ્વનાં રહસ્યોને સમજવા આતુર હતો પરંતુ તેની વ્યક્તિપરસ્ત જ્ઞાનમીમાંસા તેને ક્યાંની કયાં ખેંચી ગઇ. જ્ઞાનમીમાંસાના તર્કે તેને અણુ–પરમાણુની થિયરીનો અને તેથી દ્રવ્ય (matter)નો વિરોધી બનાવી દીધો. હ્યુમની થિયરીના ગંભીર સૂચિતાર્થો સમજવા થોડી વિગતમાં જઇશું.

## દ્રવ્ય (matter)ને નકારતો આઈડિયાલિસ્ટ હ્યુમ–બર્કલીનો અનુગામી

ગ્રીકોના સમયથી જગતમાં દેખાતાં પરિવર્તનોને સમજવાની સમસ્યા પ્રશ્ચિમી ફિલોસોફીની એક પ્રમુખ સમસ્યા બનેલી છે. કોઇ પણ ચીજ કે પદાર્થ પરિવર્તન પામે છે એમ કહેવું હોય તો પરિવર્તન દરમિયાન તે ચીજ કે પદાર્થમાં કાંઇક અપરિવર્તિત રહેતું હોવું જોઇએ. અપરિવર્તિત રહેતી કોઇ હસ્તીના સંદર્ભમાં જ પદાર્થનું પરિવર્તન સમજી શકાય. ગ્રીકોએ આ અપરિવર્તિત રહેતી હસ્તિનું આરોપણ પદાર્થના અંતિમ અવિભાજ્ય ઘટક અદીઠ અણુમાં કર્યું. દ્રવ્યવાદ (materialism)ના પાયામાં રહેલા અણુની કલ્પના ગ્રીક ફિલોસોફરો ડેમોક્રીટ્સ અને લ્યુસીપસે કરી. આ થિયરી પ્રમાણે પદાર્થમાં થતું પરિવર્તન અણુઓની ગોઠવણીમાં થતા ફેરફારોને આભારી છે; અણુઓ ક્યારેય બદલાતા નથી, અવિભાજ્ય રહે છે. પદાર્થની આ મૂળતત્ત્વવાદી (essentialist) થિયરી વિજ્ઞાનના પાયામાં છે. અલબત્ત, આ મૂળતત્ત્વવાદી અણુની થિયરીમાં ક્રાંતિકારી ફેરફારો થયા છે. હવે અણુ કહેતાં પરમાણુ પદાર્થના બધા જ મૂળ ગુણધર્મો ધરાવતો અંતિમ, અવિભાજ્ય, સુક્ષ્મતમ પદાર્થ (substance)નો અંતિમ ગઠ્ઠો નથી. હવે તેના પણ પેટા-ઘટકો છે તે થિયરી સ્વીકારાઈ છે અને પરમાણુ આવાં ઘટકોની રચના છે. ખેર! આ પછી પણ પરમાણુઓના બનેલા દ્રવ્યની થિયરી હજી વિજ્ઞાનને માટે નિર્ણાયક થિયરી છે.

### હ્યુમે અણુની થિયરીના શા હાલ કર્યા તે તેના જ શબ્દોમાં જોઈએ :

> જ્યારે આપણે પરિવર્તન પામતા પદાર્થને તેની ક્રમબદ્ધ સ્થિતિમાં સતત જોઇએ છીએ ત્યારે તેના કારણે મનમાં પેદા થતા વિચારોનો પ્રવાહ અખંડ રહે છે. જેના કારણે સતત બદલાતા પદાર્થને પણ એક અંગત પહેચાન (identity) આપી શકાય છે. જ્યારે સતત અવલોકનો ના થયાં હોય અને ઘણા ફેરફારો થઇ ગયા પછી પરિસ્થિતિની સરખામણી કરીએ છીએ ત્યારે વિચારોનો પ્રવાહ તૂટી ગયેલો હોય છે.
>
> આ કારણે આપણી સમક્ષ સાવ ભિન્ન વિચારો જ રજૂ થાય છે. બે ભિન્ન વિચારો વચ્ચેના આંતરવિરોધનું નિરાકરણ કરવા આપણી કલ્પના કાંઇક એવી પરિસ્થિતિ કલ્પી લે છે, જેને કોઇ જાણતું નથી અને જે અદીઠ છે અને જે બધા જ ફેરફારોની વચ્ચે અચળ રહે છે. આવી સમજી ના શકાય તેવી કોઇ હસ્તિને તે પદાર્થ (substance) કે દ્રવ્ય (matter)નું નામ આપી દે છે.

આ મહત્ત્વના વિધાનમાં હ્યુમ ચોખ્ખું જ જણાવે છે કે અણદીઠો પદાર્થ એ કલ્પનાનું ફિતૂર જ છે. જુદા જુદા સમયે કરાયેલાં પદાર્થનાં બે અવલોકનો વચ્ચેના ગાળામાં કોઇ અવલોકનો કરાયાં ના હોય તો તે સમયગાળાની ખાલી જગ્યાને પૂરવા (interpolation) કરાતી વણદીઠા પદાર્થની હયાતીની કલ્પના એક ફિતૂર (fiction) છે. આંતરકાળમાં પણ હયાતી કાયમ રાખતા પદાર્થની કલ્પનાને હ્યુમ અનુસાર વિચાર (idea) ના કહી શકાય કારણ કે તેને સંવેદનોનો આધાર નથી. તે નથી સંવેદન કે નથી સંવેદનઆધારિત વિચારણા (reflection). આ કારણસર તે અર્થહીન (meaningless) છે.

### હ્યુમનો તર્ક કાંઈક આવો છે :

> સંવેદન વગરનો આપણી પાસે કોઇ પૂર્ણ વિચાર નથી. સંવેદન અને પદાર્થ બે સાવ અલગ જ હસ્તિઓ છે. ફલતઃ સંવેદનથી સ્વતંત્ર પદાર્થ વિશે આપણો કોઇ વિચાર હોઇ ના શકે. આ

અર્થમાં પદાર્થને લગતો કોઇપણ પ્રશ્ન અર્થહીન છે.

આ સાથે જ દ્રવ્ય (matter) અને તેની સાથે સંકળાયેલી અણુની કે તેની રચનાની આખી થિયરી જ આગોતરાં (a priori) કારણોથી તોડી પડાય છે, અર્થહીન ગણી લેવાય છે. હ્યુમની થિયરીએ તેને આઇડિયાલિસ્ટ (જે કાંઇ છે તે માત્ર વિચાર-idea જ છે.) બનાવી દીધો.

''જે કાંઇ છે તે આપણાં સંવેદનો જ છે. મન અને છેવટે શરીર પણ આખરે આ સંવેદનોની નીપજ છે'' –એવી હ્યુમની વ્યક્તિપરસ્ત (subjective) થિયરીના કારણે પૂરેપૂરો વાસ્તવવાદી હોવા છતાં હ્યુમ એવા મેટાફિઝીકલ તારણ ઉપર પહોંચ્યો કે વાસ્તવિકતા ''મારા મનના વિચારો સિવાય બીજું કશું નથી''. આ પછી તેણે જોયું કે તર્ક તો સાવ સાબૂત છે પણ આપણું બંધારણ જ કાંઇક એવું છે કે આવા તર્કની અસર પણ એક કલાકથી વધુ ચાલતી નથી. (માંકડું) મન ફરી પાછું એ જ વિચારે ચઢે છે : ''મારા મનથી સ્વતંત્ર બાહ્ય વિશ્વ પણ છે જ અને આંતરવિશ્વ પણ છે જ.'' તર્ક અને અનુભવો વચ્ચેના વિરોધાભાસનું નિરાકરણ તે લાખ પ્રયત્ને પણ કરી શક્યો નહીં. હારીને તેણે સ્વીકાર્યું કે વિરોધાભાસની બેદરકારીભરી અવગણના એ જ હવે આખરી ઉપાય રહે છે. જોવા જઇએ તો તેની આ કબૂલાત જ વ્યક્તિપરસ્ત જ્ઞાનમીમાંસાને તોડતી સૌથી કડક આલોચના હતી. પરંતુ હ્યુમે તેમ ના કર્યું. હ્યુમ બીજા જ રસ્તે બર્કલીને આવીને મળે છે. તેની જેમ જ તે પણ ભૌતિક વિજ્ઞાનના સૌથી મહત્ત્વના વિચાર-અણુને અને તેની રચના પદાર્થને અર્થહીન કહીને ફગાવી દે છે.

## કાન્તની પ્રતિક્રિયા

સૌ પ્રથમ કાન્તે અને ત્યારબાદ રસેલ જેવા મહાન દિગ્ગજોએ હ્યુમની થિયરીને બહુ ગંભીરતાથી લીધી. હ્યુમની થિયરીમાં મનુષ્યની માન્યતાઓ કે વૈજ્ઞાનિક થિયરીઓ અતાર્કિક રીતે મેળવાયેલી ટેવો જ છે, જેને અતિક્રમી (transcend) જવાનું અશક્ય છે – આપણે ટેવોના ગુલામ છીએ. કાન્તે પણ હ્યુમનાં નિરાશાવાદી તારણોનો મને-કમને સ્વીકાર તો કર્યો પણ રસ્તો એવો કાઢયો કે આપણી ઇંદ્રિયોએ ઝીલેલાં બાહ્ય વિશ્વનાં સંવેદનો જેવાં છે તેવાં જ મન (mind)માં પહોંચતાં નથી. મનનાં બૌદ્ધિક કરણો દ્વારા થતી એક ઘનિષ્ઠ પ્રક્રિયામાંથી તે પસાર થાય છે. ત્યાં તેમનું ''પાચન'' થાય છે, તેઓ આત્મસાત્ (assimilate) થાય છે. આવાં પચેલાં સંવેદનો ઉપર મનની રચનાની લાક્ષણિકતાઓનો ગાઢ પાસ લાગે છે. વિશ્વનાં સત્યો આગોતરાં વૈધ (a priori valid) લાગે છે. જેવાં છે તેવાં શુદ્ધ સંવેદનો નહીં પરંતુ રૂપાંતરિત (modified) થયેલાં આગોતરાં સંવેદનોથી (genetically a priori) આપણે હંમેશા જ્ઞાનખોજની પ્રક્રિયા શરૂ કરીએ છીએ તેવી કાન્તની આંતરસૂઝ (insight) વિજ્ઞાનખોજમાં એક ક્રાંતિ છે, જેને દાદ આપવી જોઇએ– શુદ્ધ સંવેદનો હોઇ ના શકે. કાન્તની પચેલાં સંવેદનોની થિયરીને તેના પછી થયેલાં સંશોધનો પુષ્ટ (corroborate) કરે છે. પણ તેથી પાચનક્રિયાનાં તારણો આગોતરાં વૈધ (a priori valid) સિદ્ધ થતાં નથી. ઉદાહરણો ઘણાં આપી શકાય પરંતુ અહીં એક ઉદાહરણ લઇ શકીએ. દૃષ્ટિની ભ્રમણાઓ (optical illussions) એક વસ્તુલક્ષી (objective) હકીકત છે. (સૂર્યની પૂર્વ-પશ્ચિમ ગતિ) કોઇપણ વ્યક્તિ તેની પકડમાંથી મુક્ત થઇ શકતી નથી. પણ આ એક ભ્રમણા છે તેનો બૌદ્ધિક અહેસાસ પણ સહેલાઇથી કરી શકાય છે. એ જ રીતે ઊંડે જડ નાખીને પડેલી માન્યતાઓ (રેશનાલિસ્ટોની કે અધ્યાત્મવાદીઓની)ને પણ રેશનલી પડકારી શકાય છે. જો આમ ના હોય તો વિજ્ઞાનના જ્ઞાનમાં થયેલી વૃદ્ધિને કદાપિ સમજી ના શકાય. હ્યુમે અને કાન્તે આપણી ઉપર લાદેલી મનની બેડીઓ એવી મજબૂત નથી કે આપણે તેનાથી સ્વતંત્ર ના થઇ શકીએ. એટલું જ કે સાંકડી જેલમાંથી મુક્ત થઇને આપણે વધારે મોકળાશવાળી જેલમાં પ્રવેશીએ છીએ! પણ આ તો ઘણું છે, કારણ કે આ પ્રક્રિયાને કોઈ એક બિંદુએ અટકાવવાની નથી.

હ્યુમ કરતાં કાન્ત ઘણો આગળ એ રીતે ગયો કે તેણે મગજને નિષ્ક્રિય અંગ ના માનતાં તેમાં સક્રિયતાનું આરોપણ કર્યું. આનાથી તેના પછીના, સમયમાં વૈજ્ઞાનિક જ્ઞાનવૃદ્ધિના દરવાજા ઊઘડી ગયા. બૌદ્ધિક કલ્પનાઓને, અરે! અંતઃસ્ફુરણા (intuition)ને પણ મોકળું મેદાન મળી ગયું. તેની થિયરીમાં અભિપ્રેત એ હતું કે જ્ઞાનપ્રાપ્તિ માટે આગોતરી થિયરીનું માળખું હોવું અનિવાર્ય છે અને અવલોકનોના અંકુશ વગર અટકળો આપણને ભટકતા કરી દે. એની ભૂલ એ માનવામાં છે કે આગોતરી થિયરીનાં માળખાંને વળોટી જવા મનુષ્ય સક્ષમ નથી.

કાન્ત પછીની ફિલોસોફીના એક બળૂકા ફાંટા (post critical philisophy)એ ''મનુષ્ય મનના માળખાનો કેદી''ની તેની થિયરીને એટલી તો ચગાવી કે એક છિદ્રાન્વેશી (cynical) નિરાશાવાદી ફિલોસોફીએ જન્મ લીધો, જેમાં મનુષ્ય અને તેના સમાજ ઉપર લોભ; સત્તા; સ્વાર્થી હિતો; સોનું, પેટ્રોલ જેવા તુચ્છ પદાર્થો; અશુભ પ્રેરણાઓ અને વૃત્તિઓ હાવી થયેલાં છે, તેમ માનવું સાહજિક બન્યું. (નિરાશ રેશનાલિસ્ટ અને અધ્યાત્મવાદી વચ્ચેનો એક સમન્વય!) આ નકારાત્મક ફિલોસોફીએ શુભ, વિધેયાત્મક, વસ્તુલક્ષી, આશાવાદી, રેશનાલિઝમ જેવાં રચનાત્મક પરિબળોને સંપૂર્ણ નકાર્યાં છે. આ ફિલોસોફી ઉપર હેગલ

અને નિરાશ માર્કસવિચારનો જબરજસ્ત પ્રભાવ છે. આ જ ફિલોસોફી સમાજવિજ્ઞાન ઉપર ગાઢ અસર ધરાવે છે. મનમાં રચાયેલાં કે સમાજે રચેલાં માળખાં–પરંપરાઓની મનુષ્ય ઉપર ઘણી માઠી અસરો હોય છે તે વસ્તુલક્ષી હકીકતનો સ્વીકાર કરીને પણ એ સ્વીકારવું જોઇએ કે આ માળખાઓને વળોટી જવા મનુષ્યબુદ્ધિ–રેશનાલિટી સક્ષમ છે.

## બર્ટ્રાન્ડ રસેલ, સ્કેપ્ટીક–મર્યાદિત અવલોકનવાદ (empiricism)

કાન્તને બહુ સ્પષ્ટ રીતે દેખાયું કે જો હ્યુમનો તર્ક સાચો હોય તો વિજ્ઞાનની સાર્વત્રિક થિયરી માટે કોઇ અવકાશ રહેતો નથી પરંતુ જો એ હકીકત હોય કે આપણે નિશ્ચિત (certain) વૈજ્ઞાનિક જ્ઞાન ધરાવીએ છીએ, (દા.ત. ન્યૂટનની થિયરીઓ) તો પછી ફિલોસોફીનો મુખ્ય પ્રશ્ન આવું જ્ઞાન શકય કેવી રીતે બને છે તે સમજાવવાનો છે. એટલે કે હ્યુમના તર્કને ખોટો પાડવાનો છે. રસેલે પણ કાન્તની આ દલીલનો સ્વીકાર કર્યો. ન્યૂટનની થિયરી બાબતે બંને વચ્ચે પાયાનો મતભેદ હોવા છતાં બંને લગભગ એક જ તારણ ઉપર પહોંચ્યા કે ઈન્ડકશનના તર્કને વૈધ ઠરાવવા ઈન્ડકશનના સિદ્ધાંતને આગોતરો વૈધ (a priori valid) સ્વીકારવો પડે. પરંતુ બૌદ્ધિક ઈમાનદારીના ઉજ્જ્વળ ઉદાહરણ સમા રસેલે એ પણ નાછૂટકે સ્વીકાર્યું કે આ સિદ્ધાંત પોતે ઈન્ડકશન દ્વારા મેળવાતો નહીં હોવાથી તેનો સ્વીકાર અવલોકનવાદની મર્યાદા (Limits of empiricism) અને તેથી રેશનાલિટીની પણ મર્યાદા બની જાય છે.

ઈન્ડકશનને વૈજ્ઞાનિક તાર્કિકતાની ચાવી ગણતા રસેલ, ઈન્ડકશનના હ્યુમે કરેલા હાલહવાલ જોઇને ચોંકી ઊઠ્યા અને અકળાઇ ગયા. તેમણે લખ્યું :

> ''હ્યુમની ફિલોસોફી...૧૮મી સદીની બુદ્ધિગમ્યતા (Reasonableness)નું દેવાળું બતાવે છે. આ કારણસર હવે એ તાકીદનું કામ છે કે અવલોકનવાદી ફિલોસોફીએ હ્યુમને રદિયો આપતો અસરકારક જવાબ શોધવો જોઇએ. આવો કોઇ જવાબ જો ના આપી શકાય તો પછી ગાંડપણ અને ડહાપણ વચ્ચે કોઇ ફરક રહેતો નથી. કોઇ પાગલ માણસ એમ માને કે તે ઇંડાની ભૂરજી છે તો તેની આલોચના ફક્ત એ કારણસર જ કરી શકાય કે તે લઘુમતીમાં છે...''
>
> આગળ જતાં કહે છે કે જો ઈન્ડકશનને નકારવામાં આવે તો ''વ્યક્તિગત અવલોકનો (particular observations) ઉપરથી સાર્વત્રિક વૈજ્ઞાનિક નિયમો તારવવાની આખી પદ્ધતિ જ ખોટી પડે. જો કોઇપણ થિયરીને ન્યાયોચિત ઠેરવી ના શકાય તો અન્ય મનસ્વી થિયરી પણ વિજ્ઞાનની થિયરી જેટલી જ સાચી અને ન્યાયોચિત હોવાનો દાવો કરી શકે. પછી તો 'મારી માન્યતા મારી રીતે સાચી અને તારી તારી રીતે' જેવો નર્યો સાપેક્ષવાદી (relativistic) વિચાર જ વૈજ્ઞાનિક પદ્ધતિનો નિયમ બને.'' રસેલે નોંધ્યું કે ઈન્ડકશનને તોડતા હ્યુમના સંશયવાદ (scepticism)માંથી અવલોકનવાદી માટે છટકવું અશકય બની જાય છે. હ્યુમની થિયરીનો નિષ્કર્ષ કાઢતાં તેમણે કહ્યું (૧) રેશનાલિટી (૨) અવલોકનવાદ અને (૩) વૈજ્ઞાનિક પદ્ધતિ વચ્ચેની આપસી ટકરામણ ટાળવી અશક્ય બની જાય છે. રસેલનો પડકાર એ છે કે હ્યુમના વિશ્લેષણ પછી પાગલ મનુષ્યનાં ઉચ્ચારણો અને વૈજ્ઞાનિક થિયરીનાં વિવરણો વચ્ચે નિર્ણાયક તફાવત બતાવી શકાય તેમ છે ?

## અનન્ય મથામણ

રસેલ હ્યુમના સ્કેપ્ટીકલ તર્કમાંથી છટકવા ઘણા મથ્યા પરંતુ ઈન્ડકશનવાદમાં નિહિત વ્યક્તિપરસ્તતા (subjectivity)ની ચુંગાલમાંથી છટકવાનું એમ સહેલું થોડું હતું?

હ્યુમે તો રેશનાલિટી ત્યાગી, ભૌતિક અને માનસિક વિશ્વની વાસ્તવિકતાને પણ ત્યાગી પણ રસેલ બંનેનો ત્યાગ કરવા તૈયાર ના હતા. ફિલોસોફરોએ રચેલી અવાસ્તવવાદી ફિલોસોફીમાંથી જાણે મુક્ત થઇ ગયા હોય તેમ બોલી ઊઠ્યા :

''અમે સામાન્ય બુદ્ધિના દોરવાયા, થિઓલોજીયન્સ કે ફિલોસોફરોની અસર નીચે આવ્યા વગર બધું જ વાસ્તવિક છે તેમ વિચારીએ છીએ. જાણે કે કેદમાંથી છુટ્યા હોઇએ તેમ એમ માનવાની અમે છૂટ લઇ લીધી છે કે ઘાસ લીલું છે. કોઇ જોતું ના હોય ત્યારે પણ ચાંદો - સૂરજ પ્રકાશતા હશે''.

પરંતુ ઈન્ડકશનની વ્યક્તિપરસ્ત જ્ઞાનની થિયરીના ઊંડા સમર્થક રસેલ માટે ઇચ્છિત મુક્તિ અસંભવ હતી. ફરીથી તેમના જ શબ્દોમાં : ''જ્ઞાનની થિયરીમાં એક પાયાની વ્યક્તિપરસ્તતા છે : તેનો સવાલ છે કે હું જે જાણું છું તે કેવી રીતે જાણું છું? અનિવાર્યપણે તેના જવાબની શરૂઆત નિજી અનુભવોમાંથી થાય છે. આ માહિતી હંમેશાં સ્વકેંદ્રિત (ego centric) રહે છે. વ્યક્તિપરસ્તતામાંથી બહાર આવવું અશક્ય બની જાય છે.''

## વ્યક્તિપરસ્ત (Subjective) થિયરી નિષ્ફળ કેમ જાય છે ?

વ્યક્તિપરસ્ત થિયરી નિષ્ફળ જ જાય છે. તે એક ભોળી અને સરળ માન્યતાની શિકાર છે કે જ્ઞાતા વગર જ્ઞાનની વાત જ ના કરી શકાય. ''હું જે જાણું છું તે કેવી રીતે જાણું છું?'' ના ભોળિયા અવલોકનવાદી જવાબમાં નિહિત છે કે ''મારાં અવલોકનો કે સંવેદનોમાંથી.'' અહીં ''જાણું છું - I know'' ત્રણ અર્થમાં સમજવાનું. (૧) હું જે જાણવાનો દાવો કરું છું તે સત્ય છે, (૨) તે નિશ્ચિત સત્ય (certain) છે, અને (૨) તેને ન્યાયોચિત ઠેરવવા પૂરતાં કારણો છે. કોઈપણ અપવાદ વગર અવલોકનવાદી ફિલોસોફરો વૈજ્ઞાનિક જ્ઞાનની વાત આ જ અર્થમાં કરતા. તેઓ માનતા જ કે જ્ઞાનની થિયરીનું પ્રાથમિક કામ વૈજ્ઞાનિક થિયરીઓને ન્યાયોચિત (justify) ઠરાવવાનું જ છે.

પરંતુ વિચારીએ તો વિજ્ઞાનનું સઘળું જ્ઞાન એ કાંઇ મારું જ્ઞાન નથી. વિજ્ઞાન તો હજારો લાખો વાત જાણે છે, જેનું મને કોઇ જ જ્ઞાન નથી. મને ખબર છે અથવા ખબર હોવી જોઇએ કે હું લગભગ કશું જ જાણતો નથી. વ્યક્તિપરસ્ત જ્ઞાનને નકારવા માટે આ એક જ દલીલ પૂરતી છે. વધારામાં હું જે કાંઇ થોડુંઘણું જાણું છું તે મારાં અંગત અવલોકનોનું પરિણામ નથી. આવું લગભગ બધું જ જ્ઞાન હું જે પરંપરામાં (traditions) ઊછર્યો છું તેમાંથી સભાનપણે કે અભાનપણે ગ્રહણ કરેલું છે. મારી મેટાફીઝીકલ માન્યતાઓ પણ પરંપરામાંથી ગ્રહણ કરેલી છે. આ બંને જ્ઞાનમાં કોઇ બદલાવ આવે તો તે આલોચનાત્મક બુદ્ધિ (critical reason)ના કારણે આવે છે. ચાલી આવેલી પરંપરાઓ વચ્ચે વિસંગતિ કે આંતરવિરોધ તે જોઇ શકે છે અને તેની માંડણી કરી શકે છે. વ્યક્તિગત જ્ઞાનમાં પરંપરાનો ફાળો માની ના શકાય તેટલો મોટો છે. વળી, આ પરંપરાઓ કોઇ પણ અર્થમાં ઇંદ્રિયોનાં અવલોકનો ઉપર પ્રાથમિક રીતે આધારિત નથી. વ્યક્તિગત જ્ઞાન પરંપરાઓમાં ઊંડે ખૂંપેલું છે. અવલોકનવાદી આ પાયાની હકીકત વિશે દલીલ કરી શકે: ''પરંતુ આ પ્રક્રિયાની પણ પહેલાં વ્યક્તિને અનુભવોથી વિશ્વ વિશે ઘણું શીખવું પડે છે.'' અહીં સવાલ એ ઊઠે છે કે કયા અનુભવોના આધારે તે આ દલીલ કરે છે ?

જીવવિજ્ઞાન હવે બહુ વિગતે સમજાવે છે કે નાચીજ દેખાતાં જંતુઓને (insects) પણ જન્મજાત આગોતરું જ્ઞાન હોય છે. ઘણાં જંતુઓ તેની ઇંદ્રિયોનો ઉપયોગ કરીને પહેલાં કદીયે જોઇ - સૂંઘી ના હોય તેવી ચીજો- પદાર્થોને ખોરાક તરીકે કે પ્રજનન સાથી તરીકે તરત જ ઓળખી લે છે. જીવજંતુઓ માટે જે સાચું છે તે મનુષ્ય સહિતનાં બધાં ''ઉચ્ચતર'' પ્રાણીઓ માટે પણ સાચું છે. જીવ માત્ર જન્મજાત અંતઃસ્ફુરણાઓ (instincts) લઇને જન્મે છે. વ્યક્તિપરસ્ત જ્ઞાનનો સમર્થક આગળ દલીલ કરવા પ્રેરાય કે આ જન્મજાત સ્ફુરણા પણ આખરે તેના પૂર્વજોએ ગ્રહણ કરેલા અનુભવોમાંથી મેળવી હશે. પરંતુ અહીં ચર્ચાના કેંદ્રમાં રહેલી થિયરી કે જ્ઞાન વ્યક્તિએ પોતાના અનુભવોમાંથી મેળવ્યું તે તૂટી પડે છે. જ્ઞાન માત્ર આંતરવ્યક્તિલક્ષી (inter subjective) હોય છે. આવું જ્ઞાન મારા વ્યક્તિપરસ્ત જ્ઞાનની પહેલાં ઉદ્‌ભવેલું જ્ઞાન છે. અહીં છે વસ્તુપરસ્ત-વ્યક્તિનિરપેક્ષ (objective) જ્ઞાનનું મૂળ. વ્યક્તિપરસ્ત જ્ઞાનનો સમર્થક તો ઠીક, અધ્યાત્મવાદી પણ જીવવિજ્ઞાનની આ થિયરીમાંથી મુક્ત થઇ શકે તેમ નથી. તેની અંતઃસ્ફુરણાઓ પણ જીવવિજ્ઞાનમાં–ઉત્ક્રાંતિમાં ખૂંપેલી છે.

## શીખવાની થિયરી–નિષ્ક્રિય મન કે સક્રિય મન ?

અહીં પ્રસ્તુત બને છે હ્યુમની શીખવાની થિયરી. તેના પ્રમાણે આપણે નિષ્ક્રિય મને ઝીલેલા અનુભવોના પુનરાવર્તનથી શીખીએ છીએ. આની સાથે સક્રિય મનની થિયરીને સરખાવી જોવા જેવી છે. પુનરાવર્તન શીખવાની પ્રક્રિયામાં ચોક્કસ ભાગ ભજવે છે. પરંતુ આ રીતે શીખવાની અને પ્રયત્ન-ભૂલ (trial and error)ની સક્રિયપણે થતી શીખવાની પ્રક્રિયા વચ્ચે પાયાનો ફરક છે. આપણે જ્યારે કાંઇક નવું શીખીએ છીએ – સાયકલ ચલાવતાં, તરતાં કે નવી ભાષા શીખતાં – ત્યારે મૂળભૂત પ્રક્રિયા - પ્રયત્ન – ભૂલની હોય છે. નવું આ જ રીતે શીખાય છે. પુનરાવર્તનનું કામ માત્ર નવા શીખાયેલા જ્ઞાનને પરિચિત કરાવવાનું જ હોય છે, જેથી મનુષ્ય તેનું ધ્યાન બીજું શીખવામાં આપી શકે. પુનરાવર્તન દ્વારા સ્થાપિત થયેલી યંત્રવત્ ક્રિયાઓ જરૂરી અને અનિવાર્ય છે.

બંને પ્રક્રિયા દેખવામાં સરખી જ લાગે છે કારણ કે નવું શીખવાની પ્રક્રિયા ઉપર પુનરાવર્તન દ્વારા શીખવાની પ્રક્રિયા સવાર થઇ જાય છે. હ્યુમની થિયરીની ઘાતક ભૂલ એ છે કે તેની અસર નીચે શીખવું એટલે માત્ર પુનરાવર્તન (ગોખણપટ્ટી) એમ સ્થપાઇ ગયું. શિક્ષણ પદ્ધતિએ સર્વત્ર સ્વીકારેલી આ ફિલોસોફીએ દાટ વાળ્યો છે.

## વ્યક્તિપરસ્ત થિયરીનું પરિણામ : મેકીયન સાધનવાદ (instrumentalism) – પોઝિટીવીઝમ

અણુની થિયરીને અર્થહીન કહેવામાં બર્કલી સાથે હ્યુમ જોડાયો; ૧૯મી-૨૦મી સદીના સંધીકાળે ઓસ્ટ્રીયન ભૌતિક વિજ્ઞાની, ફિલોસોફર અર્નસ્ટ મેક તેમાં ભળ્યો. જે પ્રશ્ન વિજ્ઞાનનો એક સૌથી ફળદ્રુપ પ્રશ્ન થવાનો હતો તેનો ધડમૂળથી જ નકાર એ કોઇ અકસ્માત ના હતો.

બર્કલી, હ્યુમ અને મેકના વિશ્વમાં કોઇ ગંભીર અને અઘરા પ્રશ્નો હોઇ જ ના શકે. આ ત્રણેયની વ્યક્તિપરસ્ત ફિલોસોફીમાંથી આખરે જે ફિલોસોફી નીકળી તે પોઝિટીવીઝમ. આ થિયરી પ્રમાણે ''આપણું વિશ્વ એક સપાટી જ છે. તેની ભીતરમાં કાંઇ નથી, તેમાં ઊંડાણ નથી'' કારણ કે વિશ્વ આપણાં સંવેદનો સિવાય કાંઇ નથી. આ વિશ્વમાં કોઇ આવિષ્કાર (discovery) કરવાનો રહેતો નથી, કારણ કશું જ ગોપનીય–ઢંકાયેલું નથી. હ્યુમે તો નહીં પરંતુ બર્કલીએ ન્યૂટનની થિયરીનાં મહત્ત્વનાં ઘટકો, બળ, ગુરુત્વાકર્ષણને અર્થહીન શબ્દો કહેલા અને કહેલું કે તે તાંત્રિક (occult) વિભાવનાઓ (concepts) છે જે વિશ્વના કોઇપણ ભાગનું વર્ણન કરતી નથી. વૈજ્ઞાનિક થિયરીઓ ગણતરીઓ કરવાનાં અને વર્તારા કરનારાં સાધનો સિવાય બીજું કાંઇ નથી. સાધનો સારાં કે ખરાબ હોય; તે સાચાં-ખોટાં હોવાનો પ્રશ્ન જ નથી. બર્કલીનો સાધનવાદી વિચાર ભુલાઇ ગયેલો તેને અર્નસ્ટ મેકે પુનર્જીવિત કર્યો. આ સાથે તેમને ઇન્ડકશનની સમસ્યાનો પણ ઉકેલ મળી ગયો. જે પ્રશ્ન જ નથી તેનો ઉકેલ શું? આ એ જ મેક જેણે સિદ્ધાંત મૂકેલો કે ''જેને માપી શકાતું નથી, તેનું અસ્તિત્વ નથી.'' મેકના શિષ્યોએ જગમશહૂર વિયેના સર્કલની સ્થાપના કરી, જે આધુનિક પોઝિટીવીઝમનું મક્કા ગણાયું. રસેલ વિયેના સર્કલનો આધ્યાત્મિક પિતા ગણાયો છે. તેનો બીજો પ્રેરણાસ્રોત ઓસ્ટ્રીયન ફિલોસોફર લુડવીગ વીટગેઇનસ્ટીન.

મેકની સાધનવાદી પોઝિટીવીસ્ટ ફિલોસોફીની ગાઢ અસરો ત્યાર પછીના મહાન વિજ્ઞાનીઓ જેવા કે આઇનસ્ટાઇન, નીલ બ્હોર, હેસનબર્ગ, શ્રોડીંગર ઉપર તો ઊંડી પડી; રસેલ જેવા ફિલોસોફરો પણ તેનાથી પ્રભાવિત થયા. મેકનો સમય ભૌતિક વિજ્ઞાનની ઊથલપાથલોનો સમય હતો. ન્યૂટનના મીકેનીકસને આઇનસ્ટાઇને મોટો પડકાર આપ્યો. વાયુઓના અણુઓના ગતિશાસ્ત્રે (Dynamics of atomic theory of gases) ઉષ્માવિજ્ઞાનની થિયરીઓ (Thermodynamics)ને ક્રાંતિકારી આયામ આપ્યું. અણુનો વિરોધી મેક આધુનિક ઉષ્માશાસ્ત્રની આ થિયરીનો પણ ઉગ્ર વિરોધી બન્યો. ઉષ્માવિજ્ઞાનના વિકાસના એક તબક્કે મોટી કટોકટી સર્જાઈ અને કાળક્રમે તેમાંથી જન્મી અજીબોગરીબ કવોન્ટમ થિયરી. ઉપર કહ્યું તેમ કવોન્ટમ થિયરીના લગભગ બધા જ દિગ્ગજો મેકની સાધનવાદી ફિલોસોફીના પ્રખર સમર્થક બન્યા. ૧૯૨૭માં હેસનબર્ગનો પ્રસિદ્ધ અનિશ્ચિતતાનો સિદ્ધાંત (uncertainity principle) રજૂ થયો અને તેમાંથી કવોન્ટમ થિયરીનું મશહૂર કોપનહેગન અર્થઘટન વિજ્ઞાન ઉપર છવાયું, વાસ્તવિકતાનું જ બાષ્પીભવન થઈ ગયેલું ગણાયું, નવેસરથી વાસ્તવવાદ (Realism) ઉપર આફતનાં ઘેરાં વાદળો છવાઈ ગયાં.

## ગેલીલીયન પ્રોજેક્ટની શી ગતિ ?

સૃષ્ટિની ભીતરનાં રહસ્યોને શોધવાનું ગેલીલીઓએ શરૂ કરેલું વિજ્ઞાન-અભિયાન છેવટે તેના જ પ્રખર અનુગામીઓના હાથે શિકસ્ત પામીને સાધનવાદી ફિલોસોફીના સ્વીકારમાં પરિણમ્યું. ભીતરી રહસ્યોની શોધનો આખો પ્રોજેક્ટ જ વિજ્ઞાનના પ્રખર ચાહકોએ જ જમીનદોસ્ત કરી દીધો. કાર્ડીનલ બેલારમીનાએ ગેલીલીઓને ચેતવણી મિશ્રિત સલાહ ત્યારે જ આપેલી કે સૃષ્ટિનાં ગૂઢ રહસ્યોને શોધવાની શેખી છોડીને સીધેસીધા કબૂલી લો કે વિજ્ઞાન વધારેમાં વધારે તો બહેતર ગણતરીનું સાધન છે. લગભગ ત્રણ સદી પછી વિજ્ઞાનના મહારથીઓએ જ બેલારમીનાને અણઇચ્છેલ ભવ્ય અંજલી આપતા હોય તેમ સાધનવાદી ફિલોસોફીને સગર્વ સ્થાપી દીધી. વિજ્ઞાનના મહારથીઓએ જ સામે ચાલીને વિજ્ઞાનને દિશાહીન અંધ ઠેરવ્યું. વિજ્ઞાનની થિયરીઓનું ધ્યેય અને મૂલ્ય માત્ર ઉપયોગિતાનું જ રહ્યું. પછી વિજ્ઞાનને અંધશક્તિનો પુંજ જ કહેવો પડે ને? આંધળી શક્તિની જ આરાધના કરતા મૂલ્યવિહીન વિજ્ઞાનના માથે જ સમાજ સામે ઊભાં થયેલાં બધાં સંકટો માટેનો દોષનો ટોપલો નાંખવાનો કેટલો સહેલો ?

થીઓલોજીયનો, અધ્યાત્મવાદીઓ અણધારેલી જીતનો જશ્ન કેમ ના મનાવે? તેનો વિસ્તાર (amplification) ગાઈ-વગાડીને કેમ ના કરે ? આની જવાબદારી વિજ્ઞાનના ધુરંધર સમર્થકોની જ.

## રેશનાલિસ્ટો–અધ્યાત્મવાદીઓ સામેનો પડકાર

મેટાફીઝીકસથી પોતાને અલગ તારવી લેવા માંગતા રેશનાલિસ્ટોએ લગભગ કોઈ અપવાદ વગર ''વૈજ્ઞાનિક અભિગમ''ને; થિયરીની માંડણીમાં ''અવલોકનોના પાયા''ને; અવલોકનો દ્વારા થિયરીની ચકાસણી દ્વારા પ્રમાણિત (verification) કરીને તેને ''પુરવાર'' કરવાને; અને જ્ઞ (known)માંથી અજ્ઞ (unknown) તરફની ગતિને રેશનાલિટીનાં મહત્ત્વનાં ઘટકો ગણ્યાં છે. આ બધાં જ ઘટકો ઈન્ડકશનની થિયરીમાં તરબોળ છે. તેનાથી સ્વતંત્ર તેમને કોઈ સ્થાન નથી. આ કારણે તે હ્યુમની વ્યક્તિપરસ્ત (subjective) ચુંગાલમાંથી છટકી શકે તેમ નથી. રસેલે કહ્યું તે પ્રમાણે જો ઈન્ડકશનને અવૈધ ઠેરવતો હ્યુમનો તર્ક અકાટ્ય હોય તો હ્યુમના સંશયવાદ (scepticism), વાસ્તવિકતા વિરોધી આઈડીયાલીઝમ માંથી છટકવું અશકય છે. અધ્યાત્મવાદ સાથે રેશનાલિસ્ટોના ઘણા વાંધાઓ વાજબી હોવા છતાં તેઓ પણ આઈડીયાલીઝમના ગાઢ આશ્લેષમાં છે. તફાવત માત્ર એટલો કે અધ્યાત્મવાદીઓને આ ગમતું છે, જ્યારે રેશનાલિસ્ટો માટે આ મોતનું

ચુંબન છે. રેશનાલિસ્ટોએ તેમના પ્રોજેક્ટના હાર્દમાં રહેલા જબરજસ્ત આંતરવિરોધને નીપટાવ્યો નથી એટલું ચોક્કસ. બળૂકી સાધનવાદી ફિલોસોફી (instrumentalism)એ તો સૃષ્ટિનાં ભીતરી રહસ્યોની ખોજથી પીઠ ફેરવી દીધી. અધ્યાત્મની આ નેમ અકબંધ રહી. અધ્યાત્મની ખોજ પદ્ધતિ માત્ર અંતઃસ્ફુરણાત્મક (intuitive) અનુભૂતિ ઉપર જ આધારિત હોવાથી ઇંદ્રિયગત અવલોકનો કે પરિક્ષણોને તે આગોતરાં નકારી કાઢે છે, પૂરા અર્થમાં આઈડિયાલિસ્ટ છે.

અધ્યાત્મવાદીઓએ એક મહત્ત્વની હકીકત ઉપર ધ્યાન આપ્યું નથી. સાધનવાદથી ભિન્ન મત ધરાવતી બીજી જ્ઞાનમીમાંસા જો એવો દાવો કરે કે વિજ્ઞાનની થિયરી ઉપયોગી સાધન હોવા ઉપરાંત ઘણી વધારે છે – સૃષ્ટિનાં ભીતરી રહસ્યોને સમજવાની એક ઊંડી છટપટાહટ પણ છે; અને આ અમૂર્ત થિયરીઓ, સામાન્ય, સ્થૂળ ભૌતિક જગતમાં કરી શકાતાં અવલોકનો કે પરિક્ષણોની અગ્નિપરીક્ષામાંથી પસાર થવા સદૈવ તૈયાર હોય છે અને વાસ્તવમાં આમાંથી પસાર થયા જ કરતી હોય તો તેઓનો પ્રતિભાવ શું હોય ? રહસ્ય-ખોજના બે જુદા જ દાવાઓનું મૂલ્યાંકન કરવું કેવી રીતે ?

વાસ્તવિક વિશ્વની સમસ્યાઓને હલ કરવા માંગતા હોવાનો દાવો કરનાર દરેકે તેઓ વાસ્તવિકતા સાથે સંપર્ક કરવાની ક્ષમતા ધરાવે છે તેની સાબિતી આપવી પડે. વાસ્તવિકતા સાથેના સંપર્કની નિર્વિવાદ કસોટી સ્થૂળ, ભૌતિક વિશ્વ સાથે આંતરક્રિયા કરવાની ક્ષમતાની છે, અને આ કસોટીનો સ્વીકાર અધ્યાત્મ વ્યાખ્યાગત રીતે કરતું નથી. કસોટીનો ઈન્કાર અને છતાં વાસ્તવિક સમસ્યાઓના સાચા હલનો દાવો કેવી રીતે ટકી શકે ? અધ્યાત્મવાદીઓ સાથેનો આ પડકાર મોટો છે.

અધ્યાત્મવાદીઓ આ પડકારને ગંભીરતાથી લઈ રહ્યા હોય તેમ દેખાતું નથી. આટલું જ નહીં, તેઓ વારંવાર એમ જણાવતા રહે છે કે ''અધ્યાત્મને છેવટે વિજ્ઞાન જ સાબિત કરી આપશે.'' આ ભાવિ ઘટનાની વિશ્વાસપૂર્વકની આગાહી છે કે આવું કાંઈ થાય તેવી ઊંડી ઈચ્છાની અભિવ્યક્તિ છે ? એ જે હોય તે પણ ઊભા થયેલા પડકારને ઝીલતો પ્રતીતિજનક પ્રત્યુત્તર નથી.

વધારે મહત્ત્વનું તો એ કે માનવીય બુદ્ધિ અને અવલોકનો આધારિત વૈજ્ઞાનિક પદ્ધતિને ભારપૂર્વક નકાર્યા પછી આ જ પદ્ધતિથી ચકાસાયેલાં, ''નીવડેલાં'' રહસ્યો ઉપર તેનો આવડો મદાર કોઈ રીતે સમજી શકાતો નથી.

## . . . છેવટે

ઈન્ડકશનનો તો કોઈ ઉગારો નથી પરંતુ વિજ્ઞાનને તેની સાથે ઘસડાવું જ પડે તેમ છે ? કે પછી વિજ્ઞાને નીચી મૂંડીએ સાધનવાદી ફિલોસોફીને સ્વીકારી લઈને સૃષ્ટિનાં ગહન સત્યોનો તાગ લેવાની મનીષા છોડવી પડે તેમ છે ? ઈન્ડકશનના રકાસ પછી થિયરીની કસોટીમાં અવલોકનોની કોઈ મહત્ત્વની ભૂમિકા રહે છે ? વિજ્ઞાન અવલોકનમૂલક (empirical) રહે છે ? એક તરફ વિજ્ઞાન અને બીજી તરફ અવિજ્ઞાન (non-science) કે મિથ્યા વિજ્ઞાન (pseudoscience) કે મેટાફીઝિક્સ વચ્ચે કોઈ ભેદરેખા (Line of demarcation) આંકી શકાય તેમ છે? આવી રેખાની જરૂરત છે ? આ બધી ઊથલપાથલોમાં રેશનાલિટી જેવું કાંઈ બચી જવા પામ્યું છે ? જો હોય તો રેશનાલિટી શેમાં રહેલી છે ?

આ અને બીજા પેચીદા સવાલોના જવાબોની ખોજમાં ઓસ્ટ્રીયન–બ્રિટીશ ફિલોસોફર સર કાર્લ પોપરનું પ્રદાન આગવું, બેજોડ અને ગહન છે. હવે પછીના લેખો લગભગ સર્વાંશે કાર્લ પોપરનાં લખાણોનું સીધું જ નિરૂપણ છે. ■

**'When Galileo let his balls run down on inclined plane with a gravity, which he had chosen himself; when Torricelli caused the air to sustain a weight which he had calculated beforehand to be equal to that of a column of water of known height;. . . then a light dawned upon all natural philosophers. They learnt that our reason can understand only what it creates according to its own design: that we must compel Nature to answer our questions, rather than cling to Nature's apron strings and allow her to guide us. For purely accidental observations, made without any plan having been thought out in advance, cannot be connected by a ... law — which is what reason is searching for'.**

***I. Kant in Critique of Pure Reason.***

# વિજ્ઞાન-શ્રદ્ધા વચ્ચેનો સંબંધ

*- અશ્વિન ન. કારીઆ*

આપણને વારંવાર કહેવામાં આવ્યું છે કે વિશ્વ વિશે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સૌથી ભરોસાપાત્ર સ્વરૂપ વિજ્ઞાન જ છે. કારણ કે તેનાં અનુમાનો કસોટીપાત્ર છે. તેના વિરુદ્ધમાં, ધર્મ શ્રદ્ધા પર આધારિત છે. વિજ્ઞાનમાં તંદુરસ્ત શંકા વ્યાવસાયિક જરૂરિયાત છે, જ્યારે ધર્મમાં પુરાવા વગરની માન્યતાને ગુણ માનવામાં આવે છે.

સ્ટેફન જે ગાઉલ્ડે આ બાબતમાં જણાવેલ છે કે વિજ્ઞાનને પોતાની શ્રદ્ધા આધારિત માન્યતાની પ્રથા છે. દરેક વિજ્ઞાનમાં એ અનુમાન ગર્ભિત હોય છે કે કુદરતની વ્યવસ્થા તર્કયુક્ત અને બુદ્ધિગમ્ય છે. જો કોઇ એમ વિચારે કે આ સૃષ્ટિ અર્થહીન છે તો તે ક્યારેય વિજ્ઞાની બની શકે નહીં. જ્યારે ખગોળશાસ્ત્રીઓ પોતાનાં સાધનોનો વિસ્તાર વધારે છે, ત્યારે ચોક્કસપણે ગાણિતિક વ્યવસ્થા વિશે તેમને વિશેષ જાણકારી પ્રાપ્ત થાય છે.

સૃષ્ટિની તર્કયુક્ત વ્યવસ્થાની સૌથી સુંદર અભિવ્યક્તિ આપણને ભૌતિક વિજ્ઞાનના નિયમોમાં પ્રગટ થતી જોવા મળે છે. ગુરુત્વાકર્ષણ, અણુનો નિયમ, ગતિનો નિયમ વગેરે સ્પષ્ટ ગાણિતિક સંબંધો વ્યક્ત કરે છે. પરંતુ આ બધા નિયમો આવ્યા ક્યાંથી ? અને તેમનું હાલનું સ્વરૂપ કયાંથી આવ્યું છે?

વિજ્ઞાની થવા માટે એ બાબતમાં શ્રદ્ધા હોવી જોઇએ કે સૃષ્ટિ અનિર્દિષ્ટ સ્રોત ધરાવતા આધારભૂત, અચલ, સંપૂર્ણ અને વૈશ્વિક ગાણિતિક નિયમોથી સંચાલિત છે. આપણે એમ માનવું જ રહ્યું કે આ નિયમો નિષ્ફળ થતા નથી, ઠંડીમાંથી ગરમી ઉત્પન્ન થતી નથી કે પ્રકાશની ગતિમાં કોઇ પરિવર્તન થતું નથી.

કોઇપણ બનાવની વૈજ્ઞાનિક સમજૂતીનું તારતમ્ય એ છે કે સૃષ્ટિ તર્કબદ્ધ વ્યવસ્થા ધરાવે છે અને બાબતો જે રીતે બને છે તે માટેનાં કારણો છે. ઘણાં વર્ષોથી વિજ્ઞાનીઓ ભૌતિક વિજ્ઞાનના નિયમોના સ્રોત વિશેના પ્રશ્નો બાજુ પર મૂકી દેવાનું વલણ ધરાવે છે. પરંતુ હવે તેમાં પરિવર્તન દેખાયું છે. તેનું એક કારણ એ છે કે સૃષ્ટિમાં જીવનનું પ્રગટીકરણ ભૌતિક વિજ્ઞાનના નિયમોના સ્વરૂપની સંવેદનશીલતા પર આધારિત છે. તેનું બીજું કારણ એ છે કે ભૌતિક વિજ્ઞાનના નિયમો વૈજ્ઞાનિક તપાસના વ્યાપમાં આવરી લેવાયા છે. કારણ કે જે નિયમોને આપણે સર્વાંગી અફર માનતા હતા તે હવે તેટલા મૂળભૂત ગણાતા નથી.

આમ સ્પષ્ટ રીતે ધર્મ અને વિજ્ઞાન શ્રદ્ધા પર આધારિત છે. ધર્મમાં એવી માન્યતા પ્રવર્તમાન છે કે સૃષ્ટિની બહાર કે ઉપર કોઇ અગમ્ય તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે, જ્યારે ભૌતિક વિજ્ઞાન માને છે કે હજુ વણજોયેલાં કેટલાંયે વિશ્વો ભવિષ્યમાં જોવા મળશે. કારણ ગમે તે હોય, વિજ્ઞાન કે ધર્મ, હજુ બેમાંથી એકેય આ ભૌતિક વિશ્વની ઉત્પત્તિ પૂર્ણપણે સમજાવવામાં નિષ્ફળ ગયેલ છે.

આઇઝેક ન્યૂટનને આ સૃષ્ટિ સંપૂર્ણ અફર અને અપરિવર્તનશીલ હોવાનો ખ્યાલ, ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કરેલ હોવાના ખ્રિસ્તી ધર્મના ખ્યાલમાંથી ઉત્પન્ન થયેલ છે. ખ્રિસ્તી ધર્મની માન્યતા પ્રમાણે ઈશ્વર સૃષ્ટિની પેલે પારથી સૃષ્ટિનું સંચાલન કરી રહ્યો છે. ભૌતિક વિજ્ઞાનીઓના નિયમો ગાણિતિક સંબંધો પર આધારિત છે. ખ્રિસ્તીઓ માને છે કે સૃષ્ટિનું અસ્તિત્વ સંપૂર્ણપણે ઈશ્વર પર આધારિત છે. જ્યારે ભૌતિક વિજ્ઞાનીઓના મત મુજબ સૃષ્ટિનું સંચાલન શાશ્વત નિયમો પ્રમાણે થાય છે. પરંતુ સૃષ્ટિમાં જે કાંઇ બની રહ્યું છે, તેની સમજૂતી આ નિયમો આપી શકતા નથી. ભૌતિક વિજ્ઞાન એમ સૂચવે છે કે સૃષ્ટિ આપણી એકાત્મક સઘન પ્રથાનો ભાગ છે.

ખરેખર નિયમોની સમજૂતી સૃષ્ટિના નિયમોની અંદરથી જ મળવી જોઇએ, સૃષ્ટિ બહારની કોઇ સમજૂતીમાંથી નહીં. આ ભાવિ સંશોધનની બાબત છે. વિજ્ઞાન સૃષ્ટિના નિયમોની કસોટીપાત્ર સમજૂતી પૂરી પાડે ત્યાં સુધી વિજ્ઞાન, શ્રદ્ધાથી પર કે મુક્ત હોવાનો દાવો સ્વીકારી શકાય તેવો નથી. ■

*(લેખક પાલનપુર લો કોલેજના આચાર્ય છે. પોલ ડેવીસના ટાઈમ્સ ઓફ ઈંડિયા તા.૨૧-૧૨-૦૭ માં પ્રગટ થયેલ લેખના આધારે)*

## પુસ્તક પરિચય :

### બે આગવાં પુસ્તકો તિબેટના વિશુદ્ધ ભૂતકાળ અને એના અનિશ્ચિત ભાવિને વિશ્લેષે છે.

| | |
|---|---|
| Memories of Life | The Open Road : |
| In Lhasa Under Chinese Rule | The Global Journey of the Fourteenth Dalai Lama |
| By Tubten Khetsun | By Pico Iyer |
| Translated by Matthew Akester | Knopf; Bloomsbury |
| Columbia University Press | |

તિબેટ પરના પોતાના સામ્રાજ્યવાદી દાવાની વિરુદ્ધ એક શબ્દ પણ સાંભળવા ચીન તૈયાર નથી. એ ત્યાં કઇ રીતે પેશ આવી રહ્યું છે એના પર ટીકા થાય એની સામે બેજિંગ ત્વરિત અને મોટાભાગે અત્યંત તીવ્ર પ્રતિક્રિયા આપે છે. આ માર્ચ મહિનામાં પણ એવું જ બન્યું. ચીને સૈન્યની મદદથી કરેલા કબજા સામે ૧૯૫૯માં તિબેટે સૌ પ્રથમ જે બળવો કરેલો એના ૪૯મા વરસે, ૧૦મી માર્ચે, તિબેટિયન યુવાન-યુવતીઓ ચીનના સત્તાધારીઓના વિરોધમાં ઉગ્ર રૂપે બહાર પડયાં. અને ચીને લ્હાસા પર અને બહારના ધંધાદારીઓ અને કામદારોએ તિબેટનાં અન્ય શહેરો પર જે કબજો જમાવી દીધો છે એની સામે ફરી પાછાં શિંગડાં ભેરવ્યાં. ચીન આ વખતની ઓલિમ્પિકસ રમતો માટે યજમાન છે એવા સમયે તો ચીનને આ બળવો બિલકુલ પરવડે એમ નથી. અને પહેલાંની જેમ જ ચીને પોતાના સૈન્યને આ બળવા પર તૂટી પડવા માટે હુકમો કર્યા. ૧૮મી માર્ચે ચીનના પ્રમુખ, વેન જીયાબોએ તો ત્યાં સુધી આક્ષેપ કર્યો કે તિબેટના આધ્યામિક ગુરુ, નિર્વાસિત દલાઇ લામાએ ભારતમાં રહ્યે રહ્યે હિંસાને ‘માસ્ટર માઇન્ડ’ કરી છે !



ટુબટન ખેતસુનનું પુસ્તક ‘Memories...’ ૧૯૫૯ના એ પહેલા બળવાથી શરૂ થાય છે. લેખક એ સમયે ૧૮ વર્ષના હતા. ચીન સામે જ્યારે બળવો ભડકી ઊઠ્યો એ જ અરસામાં એમણે રાજ્યની એન્ટ્રન્સ પરીક્ષા પસાર કરેલી અને સરકારી કારકુન તરીકે નોકરી કરતા હતા. ચીને ૧૯૫૯માં જ્યારે બોંબમારો ચાલુ કરેલો ત્યારે આજના લ્હાસાના સીમાડે આવેલા દલાઈ લામાના ઉનાળો વીતાવવા માટેના પેલેસ પર હુમલો કરેલો, ત્યારે લેખક પોતે પણ ત્યાં જ હતા. દલાઇ લામાએ છુપાઇને તિબેટ છોડી દીધેલું. સરકારી કર્મચારી તરીકે લ્હાસામાં આગળ પડતું સ્થાન ધરાવતા હોવા છતાં લેખકને એમના કુટુંબ સાથે ‘વર્ગ શત્રુ’ (class enemy) જાહેર કરવામાં આવ્યા અને પાંચ વર્ષની કેદની સજા કરવામાં આવી. એમના ઘર સહિતની તમામ મિલકત જપ્ત કરવામાં આવી અને એમનું આખું કુટુંબ છિન્નભિન્ન થઇ ગયું.

લેખકને જેલમાંથી ગુલામોના લેબરકેમ્પમાં લઇ જવાયા અને પાછા જેલમાં લાવવામાં આવ્યા. એમને જ્યારે છોડવામાં આવ્યા ત્યારે પણ નેબરહુડ કમિટી ફરમાવે ત્યાં જ એ કામ કરી શકતા. એનો અર્થ એ કે એમણે કાં તો સરકારી હાઇડ્રો ઇલેકટ્રીસીટી સ્ટેશનમાં કે બાંધકામનાં સ્થળો પર પથ્થર તોડવાની મજૂરી કરવી પડતી - એવી ઓછા પગારની મજૂરી, જે કરવા કોઇ સ્વતંત્ર મજૂરો તૈયાર ન થાય. રોજ દસથી બાર કલાકની કાળી મજૂરી પછી બે કલાકના રાજકીય શિક્ષણ અને ‘સંઘર્ષ’ (એટલે વિરોધના સૂરને દાબી દેવા માટે ચીનની સરકાર દ્વારા વ્યક્તિગત હિંસાત્મક હુમલા માટે વપરાતો શિષ્ટ શબ્દ) અંગેનાં સત્ર ચાલે. કચડી નંખાતાં, રીબાવાતાં, ભૂખે મરાતાં

અને શોષણ કરાતાં સ્ત્રી-પુરુષોનું આ કથાવસ્તુ ક્રૂર અને નિરાશાજનક વાસ્તવિકતાનું ચિત્રણ કરે છે, જેમાં અલગાવની એક ઊંડી લાગણી છતી થાય છે. માઓપ્રેરિત દુષ્કાળોમાં ભૂખે મરતા તિબેટીયન કેદીઓ પોતાના જોડીદારોની વિષ્ઠા અને ઊલટીને જે કાંઇ થોડા દાણા હાથ લાગે તે ખાવા માટે ફંફોસતા એવાં પણ કેટલાંક વર્ણનો છે. તિબેટ પરના કબજામાં જે તિબેટીયનોએ ચીનને ટેકો કરેલો અને પાછળથી ચીનની રાજકીય લડાઇઓનો ભોગ બનેલા તેમને જ્યારે કેદમાં નાખવામાં આવ્યા ત્યારે શરૂ શરૂમાં તો તેમના મોં પર ચીન સાથેનું વૈચારિક ઐક્ય અને ઉત્સાહ ટપકતાં હતાં અને ઉત્સાહથી તેઓ ભારે પથ્થરોનો બોજ સહન કરીને ફરતા રહેતા. પણ થોડા જ દિવસોમાં તેઓ જીર્ણશીર્ણ અને જખ્મોથી લોહીલુહાણ, અને કેમ્પમાં મૂળ રહેવાસીઓ કરતાં પણ વધુ દયનીય સ્થિતિમાં મુકાઇ જતા. જ્યારે ૧૯૬૨માં એમને ભારત-ચીનના સીમા-યુદ્ધના સમાચાર કે ૧૯૬૯માં ચીન-સોવિયેત ઝઘડાના સમાચાર મળ્યા ત્યારે એમને તિબેટની સ્વતંત્રતા હાથવેંતમાં લાગેલી. પણ એ આશા ઠગારી નીવડી!

બીજું પુસ્તક છે મૂળે તામિલ એવા પીકો આયરનું ''ધી ઓપન રોડ : ધ ગ્લોબલ જર્ની ઓફ ધ ફોર્ટીન્થ દલાઇ લામા''. આ જુદા પ્રકારનું પુસ્તક છે. મૂળે ભારતીય અધ્યાપકના પત્રકાર પુત્ર એવા પીકો આયર બ્રિટન અને કેલીફોર્નિયામાં મોટા થયા. ઓક્સફર્ડમાં ભણ્યા અને હાલમાં પોતાની જાપાનીઝ પત્ની સાથે જાપાનમાં રહે છે. આયરને ઘણી સંસ્કૃતિઓનો પરિચય છે. અને વર્ષોથી ચૌદમા દલાઇ લામાને બહુ નજીકથી જાણે છે, કારણ કે એ નાના હતા ત્યારથી જ એમના પિતાએ ધરમશાલામાં રહેતા દલાઇ લામાને ગુરુ બનાવેલા અને પોતાના પુત્રને પણ નાનપણથી જ દર વર્ષે ત્યાં લઇ જતા. ત્યારથી લઇને ૩૦ વર્ષ સુધી દર વર્ષે દલાઇ લામાની મુલાકાતે એ જતા. એને લીધે એમને દલાઇ લામાના આંતરમનમાં ઝાંખવાનો પણ મોટો લાભ મળ્યો, જેના લીધે એ દલાઇ લામાની આસપાસ દ્રઢીભૂત થયેલી માન્યતા અને લખાણો, જેમાં રૂપર્ટ મર્ડોકના 'પોલિટીકલ ઓલ્ડ મોન્ક શફલીંગ અરાઉન્ડ ગુસી શુઝ' કે એમના કેટલાક અનુયાયીઓએ કરેલા ''જીવંત ભગવાન''ના ચિત્રણથી ઉપર ઊઠીને લખી શક્યા છે.

લેખક તિબેટીયન બૌદ્ધ ધર્મના અનુયાયી નથી, પરંતુ દલાઇ લામાનું સાતત્યપૂર્ણ શિક્ષણ, એમની ફિલોસોફી તેમજ એમની આધ્યાત્મિક અને બિનસાંપ્રદાયિક આંતરદ્રષ્ટિ માટે એમને માન છે. આ પુસ્તક જીવનચરિત્ર નથી, પરંતુ દલાઇ લામા અંગેનો જે ચિતાર એમણે આપ્યો છે એ કોઇપણ જીવનચરિત્રને ટપી જાય એવો છે. એમની દર વર્ષની મુલાકાત દરમિયાન લેખક તિબેટના દેશવટો પામેલા આ સમુદાયની દરેક અગત્યની વ્યક્તિને મળ્યા છે. લેખકે જાપાન, કેનેડા, અમેરિકા અને ભારતમાં પ્રચલિત દલાઇ લામાના શિક્ષણનો પરિચય પણ પુસ્તકમાં કરાવ્યો છે.

દલાઇ લામાની વાતચીતોમાં, અને આ પુસ્તકમાં પણ, એક શબ્દ વારંવાર ડોકિયાં કરે છે, એ છે 'સંવાદ'. અને નવાઇ તો એ છે કે ચાઇનીઝ સત્તાધીશોએ જેમને 'વિઘટનકારી' (splittist) અને સામંતી કહ્યા છે અને જેમને માટે એમ મનાય છે કે એમનો આ ૧૪મી વારનો પુનર્જન્મ છે, એમના મોઢે 'સંવાદ' પછી બીજો જે શબ્દ વારંવાર સાંભળવા મળે છે એ છે 'આધુનિકતા'. ચાઇનીઝ આગેવાનોને દલાઇ લામાની બીક લાગે છે એ સમજી શકાય એવી છે. ચીને તિબેટ પર કબજો જમાવ્યો ત્યારે એમના ભારત નાસી આવ્યાની અડધી સદી બાદ હજુ આજે પણ તિબેટમાં એમનું નામ પહેલાં જેટલું જ શક્તિશાળી છે, કદાચ બહારના વિશ્વમાં એમની જે પહોંચ બની છે અને પશ્ચિમમાં એમને જે ટેકો મળી રહ્યો છે એને કારણે કદાચ વધુ શક્તિશાળી બની ગયું છે. દલાઈ લામા તિબેટના સ્વાતંત્ર્યના પ્રતીક રૂપ છે, અને પોતાના લોકો તેમજ તિબેટની પ્રજા સાથેના દુર્વ્યવહાર માટે ચાઇનીઝ સત્તાધીશોને ઠપકો આપવા માટેની નૈતિક આણ ધરાવનાર એ એક માત્ર જાણીતી આંતરરાષ્ટ્રીય વ્યક્તિ છે. લેખક સમજાવે છે કે દેશવટો ભોગવતા કે ચીનમાં રહેતા બધા જ તિબેટીયનો માટે દલાઈ લામા માની ગોદ સમાન છે, એમની આસ્થા છે અને ખુદની જાતની પ્રતીતિ સમાન છે. અને એ કારણે જ ચાઇનીઝ સરકાર કોઈપણ ભોગે એમની સાથે કે એમના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવાનું ટાળી રહી છે, એ ધારણાએ કે એમનો અંતકાળ નજીક છે, તેથી જો એ નહીં રહે તો આ આખા પ્રકરણનો અંત આવી જશે.

પોતાનો પુનર્જન્મ તિબેટની બહાર પણ થઇ શકે છે એવું જણાવીને દલાઇ લામાએ ચાઇનીઝ સત્તાધીશોને ચિંતામાં મૂકી દીધા છે, અલબત્ત, અલ્પજીવી ચિંતામાં. કારણ કે ચીનની નિરીશ્વરવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી ભારપૂર્વક માને છે કે એમણે મૃત્યુ બાદ ક્યા શરીરમાં પ્રવેશ કરવો એ પણ તેઓ જ નક્કી કરશે. પરંતુ દલાઇ લામા એમને ટપી ગયા છે. એમણે છેલ્લે એવું 'આધુનિક' સૂચન કર્યું કે આંતરરાષ્ટ્રીય નિગરાની હેઠળ તિબેટમાં રહેતા અને તિબેટ બહારના તિબેટીયનોનો રેફરેન્ડમ કરવામાં આવશે, જેમાં લોકો જ નક્કી કરશે કે એમણે પુનર્જીવિત થવું કે નહીં અને થવું તો કેવી રીતે. તિબેટનો રાષ્ટ્રવાદ એક કૃતસંકલ્પ અને અથક શક્તિ તરીકે અણનમ ઊભો છે એ નક્કી. ■


*(The Economics, માર્ચ ૧૯ ૨૦૦૮માંથી સાભાર)*

*I have often said that from the amoeba to Einstein there is only one step. Both work with the method of trial and error. The amoeba must hate error, for it dies when it errs. But Einstein knows that we can learn only from our mistakes, and he spares no effort to make new trials in order to detect new errors, and to eliminate them from our theories. The step that the amoeba cannot take, but Einstein can, is to achieve a critical, a self-critical attitude, a critical approach. It is the greatest of the virtues that the invention of the human language puts within our grasp. I believe that it will make peace possible.*

*Karl Popper (1990)*

*But I shall let the little I have learnt go forth into the day in order that someone better than I may guess the truth, and in his work may prove and rebuke my error. At this I shall rejoice that I was yet the means whereby this truth has come to light.*

*Albrecht Durer, quoted by Karl Popper*



RNI No. GUJMUL/2007/21517

Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj Jan-Feb 2008 Volume 2 Issue 1
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara